અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ નવેમ્બર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક સુદ ૬ | અંક : ૧૨૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# આ એક ઐતિહાસિક જીત, હું તમારા માટે દરરોજ લડીશ, ચૂંટણી જીત્યા બાદ ટ્રંપનો હુંકાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

આખરે અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણીમાં વિજેતા બન્યા છે. ત્યારે ચૂંટણીમાં જીત મેળવીને ૪૭માં રાષ્ટ્રપતિ બનવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે પામ બીચ કાઉન્ટી કન્વેન્શન સેન્ટરમાં પોતાના સમર્થકોને સંબોધિત કર્યા.

સમર્થકોને સંબોધતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, આ એક એવું આંદોલન છે, જે પહેલાં કોઈએ જોયું નથી. પ્રમાણિકપણે, હું માનું છું કે તે અત્યાર સુધીનું સૌથી મોટું રાજકીય આંદોલન હતું. આ દેશમાં અને કદાચ તેનાથી આગળ આવું કંઈ થયું નથી. હવે તે મહત્વના નવા સ્તરે પહોંચવા જઈ રહ્યું છે, કારણ કે આપણે આપણા દેશને સાજા કરવામાં મદદ કરવા જઈ રહ્યા છીએ. આપણી પાસે એક દેશ છે જેને મદદની જરૂર છે. ટ્રમ્પ રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવારે કહ્યું, “અમે અમારી સરહદો ઠીક કરવા જઈ રહ્યા છીએ, અમે અમારા દેશ વિશે બધું ઠીક કરવા જઈ રહ્યા છીએ.” અમે આજે રાત્રે એક કારણસર ઈતિહાસ રચ્યો છે અને તે કારણ માત્ર એટલું જ છે કે અમે એવા અવરોધોને પાર કર્યા જે કોઈએ શક્ય નહોતું વિચાર્યું. તે એકદમ સ્પષ્ટ છે કે આપણે સૌથી અકલ્પનીય રાજકીય જીત મેળવી છે. તેમણે વધુમાં કહ્યું કે આ એક રાજકીય



જીત છે જે આપણા દેશે પહેલા ક્યારેય જોઈ નથી, આના જેવી જીત કોઈ નથી. હું તમને તમારા ૪૭માં રાષ્ટ્રપતિ અને તમારા ૪૫માં રાષ્ટ્રપતિ ચૂંટવા માટેના અસાધારણ સન્માન માટે અમેરિકન લોકોનો આભાર માનું છું. ટ્રમ્પ ડોનાલ્ડ ટ્રમ્પે સંબોધતા વધુમાં કહ્યું, દરેક નાગરિકો, હું તમારા માટે, તમારા પરિવાર માટે અને તમારા ભવિષ્ય માટે દરરોજ લડીશ. હું મારા શરીરના દરેક શ્વાસ સાથે તમારા માટે લડીશ. જ્યાં સુધી અમે મજબૂત, સુરક્ષિત અને સમૃદ્ધ અમેરિકા નહીં બનાવીએ ત્યાં સુધી હું આરામ નહીં કરું. આ ખરેખર અમેરિકાનો સુવર્ણ યુગ હશે. તેમણે પોતાના વિજય ભાષણમાં પત્ની મેલાનિયા ટ્રમ્પ અને પરિવારનો આભાર માન્યો હતો. તેમના સાથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જેડી વાંસને પણ અભિનંદન પાઠવ્યા હતા. ટ્રમ્પે વધુમાં કહ્યું કે, આ એક શાનદાર કામ છે. આ વિશ્વમાં સૌથી મહત્વ પૂર્ણ કાર્ય છે. તને આપેલું વચન નિભાવતાં મને કંઈ રોકી શકતું નથી.

## અમેરિકન પ્રેસિડેન્ટ તરીકે ટ્રમ્પની ઐતિહાસિક જીત, મોદીએ અભિનંદન આપ્યા

**અમેરિકાનું ઇલેક્શન ડોનાલ્ડ ટ્રમ્પ જીતી ગયા છે, પરંતુ ગુજરાતીઓને સૌથી મોટો ફટકો પડવાનો છે. ઇલેક્શન જીતવાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને શુભેચ્છા તો પાઠવી છે. જોકે ડોનાલ્ડ ટ્રમ્પના જીત્યા બાદ એની સીધી અસર ગુજરાતીઓ પર પડવાની છે. અમેરિકામાં H1-B વિઝા મેળવવામાં ગુજરાતીઓ સહિત ભારતીયો અગ્રેસર હોય છે. આથી આ નિયમમાં જો બદલાવ કરવામાં આવે તો એની અસર જોવા મળશે. ડોનાલ્ડ ટ્રમ્પ પહેલી વાર જ્યારે પ્રેસિડન્ટ બન્યા હતા ત્યારે તેમણે વિઝાની પ્રોસેસ ખૂબ જ મુશ્કેલ બનાવી દીધી હતી અને બીજી વાર પ્રેસિડન્ટ બનતાં તેઓ ફરી આ પ્રોસેસને મુશ્કેલ બનાવશે એંધાણ છે. H1-B વિઝા માટેની જે જરૂરિયાતો હોય છે એને ખૂબ જ સખત બનાવી દીધી છે. આથી સામાન્ય વ્યક્તિએ વિઝાની જરૂરિયાત માટેની તમામ બાબતો માટે હવે પહેલાં કરતાં વધુ સખત મહેનત કરવી પડશે. ઉદાહરણ તરીકે, વિઝા માટે ૫૦૦ પોઇન્ટની જરૂર હોય તો હવે ૭૦૦ પોઇન્ટ કરી દેવામાં આવ્યા છે જેથી દરેક આ વિઝા માટે ફાઇલ ન મૂકી શકે.**



## બિહારના સ્વર કોકિલાએ દુનિયાને કહ્યું અલવિદા

**। (એજન્સી) પટણા, તા.૬ ।**

બિહારમા સ્વર કોકિલા અને દેશના પ્રખ્યાત લોકગાયિકા શારદા સિન્હાનું લાંબી માંદગી બાદ ૫ નવેમ્બર, મંગળવારે સાંજે નિધન થયું હતું. તેમના નિધનથી સમગ્ર દેશમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતી અને છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીની AIIMS હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા. તેમના નિધન પર દેશની ઘણી જાણીતી હસ્તીઓએ ઊંડી શોક વ્યક્ત કરી છે. શારદા સિન્હા ૨૦૧૭ થી મલ્ટિપલ માયલોમા નામના કેન્સર સામે લડી રહ્યા હતા, જે અસ્થિ મજ્જાને અસર કરે છે. તેઓ લાંબા સમય સુધી આ બીમારી સામે સંઘર્ષ કરતા રહ્યા, પરંતુ અંતે ૭૨ વર્ષની ઉંમરે તેમણે આ દુનિયાને અલવિદા કહી દીધું.

### ૨ લાખ લોકો એકસાથે છઠ્ઠ પુજા કરશે

# અમદાવાદમાં છઠ્ઠ પૂજા માટે ઘાટ પર તૈયારીઓ પૂરજોશમાં

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે IAS-IPS અધિકારીઓ સાબરમતી નદી કિનારે આવેલાં છઠ્ઠ પુજા ઘાટ પર જોડાશે**

**। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।**

દિવાળીના તહેવાર બાદ કારતક સુદ ચોથથી શરુ થાય છે ઉત્તર ભારતીયોનો તહેવાર. ૭મી નવેમ્બર ૨૦૨૪ના રોજ આ વર્ષે છઠ્ઠ પુજા મહાપર્વમાં લાખોની સંખ્યામાં ઉત્તર ભારતીયઓ ઉજવણી કરશે. અમદાવાદમાં રહેતાં ઉત્તર ભારતીયો દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવેલાં છઠ્ઠ પુજા ઘાટ સહિત અલગ અલગ જગ્યાએ છઠ્ઠ પૂજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં એકસાથે ૨ લાખ લોકો છઠ્ઠ પુજા કરશે. અમદાવાદ સિવાય સુરત અને વડોદરામાં વસતા ઉત્તર ભારતીયો છઠ્ઠ પુજા કરી શકે તે માટે તૈયારીઓ કરવામાં આવી છે. અમદાવાદમાં એક અંદાજ મુજબ ૫૦ હજાર જેટલાં ઉત્તર ભારતીયો છઠ્ઠ પુજા કરશે જેમાં ઈન્દિરા બ્રિજ પાસે સાબરમતી રિવરફ્રન્ટ પર બનાવવામાં આવેલા છઠ્ઠ પૂજા ઘાટ પર ૨૦ હજાર લોકો પુજા કરી શકે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સાબરમતી નદીમાંથી કચરો દુર કરવામાં આવી રહ્યો છે. નદી પાસે આવેલાં મેદાનમાં સાફ સફાઈ કરવાની શરુઆત કરવામાં આવી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે IAS-IPS અધિકારીઓ સાબરમતી નદી કિનારે આવેલાં છઠ્ઠ પુજા ઘાટ પર જોડાશે. આ અંગે છઠ્ઠ મહાપર્વ સમન્વય ટ્રસ્ટના અધ્યક્ષ ડો. મહાદેવ ઝાએ જણાવ્યું હતું કે છઠ્ઠ પુજા મહાપર્વના અનેરા મહત્વને ધ્યાનમાં રાખતાં આ વર્ષે છઠ્ઠ ઘાટ પર પ્રાથમિક સુવિધાથી લઈને જમવા સુધીની તૈયારીઓ કરવામાં આવી છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે બનાવેલાં છઠ્ઠ પુજા ઘાટ પર શહેરનાં વિવિધ વિસ્તારમાં રહેતાં પુજા કરવા માટે આવે છે આ વર્ષે અમે રાજ્યનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે શહેર પ્રમુખ, ધારાસભ્યો, મેયર સહિત અમદાવાદ મહાનગર પાલિકાના પદાધિકારીઓ IAS અને IPS અધિકારીઓ પણ આ પુજામાં હાજર રહેવા માટે આમંત્રણ આપ્યું છે. ૭મી નવેમ્બરે સાંજે ૪ વાગ્યાથી પુજાની શરુઆત કરવામાં આવી જે બીજા દિવસે વહેલી સવારે ૮ વાગ્યા સુધી ચાલવાની છે. અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ૨૦ હજાર થી વધારે લોકો ઘાટ પર પુજા કરવા આવશે આ વર્ષે છઠ્ઠ મહાપર્વ સમન્વય ટ્રસ્ટ, હિન્દીભાષી મહાસંઘ, મા જાનકી સેવા સમિતી અને છઠ્ઠ મહાપર્વ આયોજન સમિતી આયોજન કરશે. તમામ લોકો માટે જમણવારની વ્યવસ્થા પણ અહીં ઘાટ પર કરવામાં આવી છે. અમદાવાદના દૂર દૂરથી પુજા કરવા આવનાર લોકો માટે રહેવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જે લોકો સાંજે આવશે તેમને જમણવાર માટે અહીં વ્યવસ્થા કરવામાં આવી છે. ૫૦૦૦ થી વધારે લોકો માટે જમણવાર કરવામાં આવ્યો છે. રાત સુધી પુજા અને ભજન કિર્તન લોકો કરતાં હોય છે જે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ મહાનગરપ ાલિકાની ટીમ અને પોલીસ વિભાગની ટીમ દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે છઠ્ઠ પૂજા મહાપર્વ માટે આ વર્ષે રામેશ્વર સર્કલથી લઈને ડમરુ સર્કલ સુધી ડેકોરેશન કરવામાં આવ્યું છે.

### ભારતમાં ઓક્ટોબરમાં ગરમીનો ૧૨૩ વર્ષનો રેકોર્ડ તૂટયો

# નવેમ્બર શરૂ છતાં પણ ઘરે એસી ચાલુ રાખવાની નોબત

**ઓક્ટોબર મહિનામાં સામાન્ય કરતાં ૧.૨૩ ડિગ્રી વધારે સરેરાશ ૨૬.૯૨ ડિગ્રી તાપમાન નોંધાયું : નવેમ્બર મહિનામાં પણ ખાસ ઠંડી નહીં વર્તાય**

**। (એજન્સી) મુંબઈ, તા.૬ ।**

હવામાન વિભાગે એવી ચિંતાજનક જાહેરાત કરી છે કે ભારતમાં ૨૦૨૪નો ઓક્ટોબર છેલ્લાં ૧૨૩ વર્ષનો સૌથી ઉનો અને અકળાવાનારો રહ્યો છે.એટલે ભારતમાં નવેમ્બરમાં પણ કદાચ ઠંડીનો ગમતીલો અનુભવ થવાની શક્યતા ઓછી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ ડો.મૃત્યુંજય મોહપાત્રે એક ખાસ પત્રકાર પરિષદમાં એવી માહિતી આપી છે કે પેસિફિક મહાસાગરના પ્રવાહોમાં અલ -નીનો(પેસિફિક મહાસાગરના ગરમ પ્રવાહોને અલ- નીનો, જ્યારે ઠંડા પ્રવાહોને લા- નીના કહેવાય છે)ની અસરને કારણે ભારતમાં શિયાળાની મોસમના આગમનમાં કદાચ વિલંબ થાય તેવા સંકેત મળે છે. લા-નીના પ્રવાહોની અસર જોકે આવતા ડિસેમ્બર બાદ તબક્કાવાર અનુભવવા મળે તેવી પણ શક્યતા છે. ભારતમાં ૧૯૦૧ બાદ ૨૦૨૪નો ઓક્ટોબર સૌથી હોટ રહ્યો છે. સરળ રીતે સમજીએ તો આ વર્ષના ઓક્ટોબરમાં સરેરાશ તાપમાન ૨૬.૯૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.આ સરેરાશ તાપમાન સામાન્ય તાપમાન કરતાં ૧.૨૩ ડિગ્રી સેલ્સિયસ ડિગ્રી વધુ છે. આ કુદરતી પરિબળોની અસરને કારણે ૨૦૨૪ના નવેમ્બરમાં ભારતીયો કદાચ ગમતીલા ઠંડા શિયાળાનો આનંદ નહીં માણી શકે તેવી સંભાવના છે. ડો. મૃત્યુંજય મોહપાત્રે એવી માહિતી પણ આપી છે કે હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના ચક્ર શરૂ નહીં થયું હોવાથી,પૂર્વના પવનો ફૂંકાતા હોવાથી, બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણનું કેન્દ્ર(લો --પ્રેશર) વગેરે પરિબળોની વ્યાપક અસરથી હાલ ભારતમાં ઉનાળા જેવા હોટ હોટ માહોલની અસરનો અનુભવ થઈ રહ્યો છે. અગાઉ વર્લ્ડ મિટિયોરોજીકલ ઓર્ગેનાઈઝેશન (વિશ્વ હવામાન સંગઠન) સહિત યુરોપિયન યુનિયન ક્લાઈમેટ એજન્સી કોપરનીકસના વિજ્ઞાનીઓએ ગંભીર ચેતવણી આપી છે કે ૨૦૨૪નો ફેબ્રુઆરી મહિનો ભારત સહિત સમગ્ર વિશ્વ માટે અતિ ગરમ અને ઉકળતો રહ્યો છે. ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં એવરેજ ગ્લોબલ સરફેસ એર ટેમ્પ રેચર(જમીન પર વહેતી હવાનું સરેરાશ તાપમાન) ૧૩.૫૪ સેલ્સિયસ ડિગ્રી(૫૬.૪ ફેહરનહઈટ) રહ્યું હતું. આ સરફેસ એર ટેમ્પરેચર ૧૯ મી સદીની ઔદ્યોગિ ક્રાંતિ બાદના ફેબ્રુઆરીના સરેરાશ સરફેસ એર તાપમાન કરતાં ૧.૭૭ સેલ્સિયસ ડિગ્રી વધુ નોંધાયું છે.

### દૂષિત પાણીમાં લોકો સ્નાન કરવા મજબૂર

# દિલ્હીમાં યમુના નદીના ઝેરી ફીણે વધારી છઠ શ્રદ્ધાળુઓની ચિંતા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

લોક આસ્થાના ચાર દિવસના મહાપર્વ છઠની શરૂઆત થઈ ગઈ છે. જોકે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજધાની દિલ્લીમાં યમુના છઠ મહાપર્વના સમયે પણ બદહાલ છે. યમુનામાં એકબાજુ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. તો બીજીબાજુ ઝેરી ફીણના થર દૂર-દૂર સુધી દ્રશ્યમાન થાય છે ત્યારે આ ઝેરી ફીણની વચ્ચે છઠ મહાપર્વની ઉજવણી કઈ રીતે કરવી તેની લોકો મૂંઝવણ અનુભવી રહ્યા છે. આ સવાલ એટલા માટે થઈ રહ્યા છે. કેમ કે લોક આસ્થાના ૪ દિવસના મહાપર્વ છઠની શરૂઆત થઈ ગઈ છે. તેમ છતાં દિલ્લી સરકાર તરફથી કોઈ વ્યવસ્થા ન કરવામાં આવતાં કેટલીક મહિલાઓ ગંદા પાણીમાં ડૂબકી લગાવવા મજબૂર છે. દિલ્લી સરકારે દાવા તો મોટા-મોટા કર્યા પરંતુ હકીકત બિલકુલ અલગ જ છે. યમુના નદીને ૨૦૨૫ પહેલાં સ્વચ્છ કરવાનું કેજરીવાલનું સપનું પણ સપનું જ રહી જશે તેવું લાગે છે કેમ કે યમુના નદી દિવસે ને દિવસે વધારે ઝેરી બની રહી છે. દિલ્લી સરકાર ઘાટ બનાવવાના દાવા કરી રહી છે પરંતુ વાસ્તવિકતા તમારી સામે જ છે. યમુના નદીમાં પ્રદૂષણ અંગે વારંવાર વિરોધ પક્ષ અવાજ ઉઠાવે છે.

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપની કાર્યવાહી

**। (એજન્સી) મુંબઈ, તા.૬ ।**

મહારાષ્ટ્રમાં ભાજપે વિધાનસભા ચૂંટણી પહેલા જ બળવાખોર નેતાઓ સામે મોટી કાર્યવાહી કરી છે. પાર્ટીએ શિસ્તભંગના આરોપો હેઠળ ૪૦ નેતાઓની હકાલપટ્ટી કરી દીધી છે. આ તમામ નેતાઓ ૩૭ વિધાનસભા મતવિસ્તારોમાં પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા હતા. મહાયુતિએ તેનો મેનિફેસ્ટો જાહેર કર્યા બાદ આ કાર્યવાહી કરી હતી. ભાજપમાં બળવાખોરો ઘણી બેઠકો પર પાર્ટી માટે મોટો પડકાર બની ગયા છે. ટિકિટ ન મળવાથી નારાજ બળવાખોર નેતાઓમાં બે પૂર્વ સાંસદો પણ સામેલ હતા. નંદુરબારથી હીના ગાવિત અને જલગાંવથી એટી પાટીલ પાર્ટી માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા હતા. હીના ગાવિત ૨૦૧૪ અને ૨૦૧૯માં બે વખત નંદુરબારથી સાંસદ રહી ચૂકી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તે કોંગ્રેસના ગોવાલ પાડવી સામે હારી ગઈ હતી. આવી સ્થિતિમાં તે હવે ધારાસભ્ય બનવા માંગતી હતી.

### યુદ્ધ વચ્ચે નેતન્યાહુનો ચોંકાવનારો નિર્ણય

# ઇઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુએ સંરક્ષણ મંત્રીને હટાવતા ભારે વિવાદ

**। (એજન્સી) જેરૂસાલેમ, તા.૬ ।**



ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ મંગળવારે રાત્રે ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન યોઆબ ગેલેન્ટને બરતરફ કર્યા હતા. પીએમઓએ આ પાછળ દલીલ આપી હતી કે યુદ્ધ વ્યવસ્થાપનને લઈને બંને નેતાઓ વચ્ચે મતભેદો સતત વધી રહ્યા છે. પીએમ ઓફિસ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર કાત્ઝને રક્ષા મંત્રાલયનો પ્રભાર સોંપવામાં આવી શકે છે. બીજી તરફ નેતન્યાહુના આ નિર્ણયનો વિરોધ શરૂ થઈ ગયો છે. નેતન્યાહુની આ જાહેરાત બાદ ઈઝરાયલના સંરક્ષણ મંત્રી પદ પરથી હટાવવામાં આવેલા ગેલન્ટે પણ સોશિયલ મીડિયા પર આ સમાચારની પુષ્ટી કરી છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે ઈઝરાયલની સુરક્ષા માટે કામ કરવું તેમના જીવનનું મિશન હશે. જો કે નેતન્યાહુના આ નિર્ણયનો વિરોધ શરૂ થઈ ગયો છે. લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. આ સમયે ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ગેલન્ટને બરતરફ કરવો એ ચોંકાવનારો નિર્ણય હોવાનું કહેવાય છે. વાસ્તવમાં ઈઝરાયલ હાલમાં હમાસ, હિઝબુલ્લાહ, ઈરાન જેવા દુશ્મનો સામે લડી રહ્યું છે અને આવા સંવેદનશીલ સમયે સંરક્ષણ પ્રધાનની બરતરફી ઈઝરાયલ માટે મોટો પડકાર બની શકે છે. જો કે નેતન્યાહુએ સત્તાવાર નિવેદનમાં આ વાતની પુષ્ટી કરી છે. આ આદેશ આગામી ૪૮ કલાકમાં લાગુ થશે. પીએમ નેતન્યાહુ ટૂંક સમયમાં રક્ષા મંત્રી તેમજ આર્મી ચીફ અને સુરક્ષા એજન્સીઓના ઘણા વરિષ્ઠ અધિકારીઓને બરતરફ કરી શકે છે. અમેરિકાની ચૂંટણીઓ વચ્ચે પેન્ટાગોન ઈઝરાયલમાં આ ફેરફારોને લઈને ચિંતિત છે. પેન્ટાગોન અનુસાર, આના ગંભીર પરિણામો આવી શકે છે. ઈઝરાયલથી સતત એવા અહેવાલો આવી રહ્યા છે કે નેતન્યાહુએ આ નિર્ણય અચાનક લીધો કારણ કે ગુપ્તચર એજન્સીઓએ તેમને જાણ કરી છે કે કમલા હેરિસ જીતી રહી છે.

### ૧૫૭૪ ખેલાડીઓએ કરાવ્યું રજીસ્ટ્રેશન । હરાજી પ્રક્રિયા ૨૪-૨૫ નવેમ્બરે જેદ્દાહમાં હાથ ધરાશે

# IPL 2025 ઓક્શાન તારીખની થઈ જાહેરાત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

IPL 2025 ની મેગા ઓક્શન ક્યાં યોજાશે તે પ્રશ્ન સમાચારોમાં રહે છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતું કે મેગા ઓક્શન પ્રોગ્રામનું આયોજન સાઉદી અરેબિયાના રિયાધમાં કરવામાં આવશે. પરંતુ હવે સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે હરાજી પ્રક્રિયા ૨૪-૨૫ નવેમ્બરે રિયાધમાં નહીં પરંતુ જેદ્દાહમાં હાથ ધરવામાં આવશે. કહેવામાં આવ્યું હતું કે હરાજીમાં માત્ર ૨૦૪ સ્લોટ ખાલી છે, જેના માટે એક હજારથી વધુ ખેલાડીઓ પોતાનો દાવો રજૂ કરશે. મેગા ઓક્શન હવે રિયાધને બદલે જેદ્દાહમાં થશે અને હરાજીની



તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ અંગે તમામ ફ્રેન્ચાઈઝીને જાણ કરવામાં આવી છે. ૩૨૦ કેપ્ડ પ્લેયર્સ, ૧૨૨૪ અનકેપ્ડ પ્લેયર્સ અને એસોસિયેટ દેશોના ૩૦ પ્લેયર્સ હરાજીમાં પ્રવેશવાના છે. પરંતુ તેમાંથી માત્ર ૨૦૪ ખેલાડીઓ જ ખરીદી શકાશે. આ આંકડો તમને આશ્ચર્યચકિત કરી શકે છે કે IPL મેગા ઓક્શન માટે કુલ ૧,૫૭૬ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. આઈપીએલની તમામ ૧૦ ટીમોએ ૩૧ ઓક્ટોબરના રોજ પ ોતપોતાની રિટેન્શન લિસ્ટ બહાર પાડી હતી. મેગા ઓક્શન પહેલા કુલ ૪૬ ખેલાડીઓને રિટેન કરવામાં આવ્યા હતા, જેના પર કુલ ૫૫૮.૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. રિટેન કરાયેલા ખેલાડીઓમાં હેનરિક ક્લાસેન સૌથી મોંઘો હતો, જેને સનરાઈઝર્સ હૈદરાબાદે રૂ. ૨૩ કરોડમાં રિટેન કર્યો હતો. બીજી તરફ, વિરાટ કોહલી IPL ઈતિહાસમાં સૌથી વધુ રકમ માટે રિટેન થનાર ખેલાડી બની ગયો છે. તેને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ ૨૧ કરોડ રૂપિયામાં જાળવી રાખ્યો છે. રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ એવી બે ટીમ છે જેણે તમામ ૬ ખેલાડીઓને રિટેન કર્યા છે. આ ટીમો હવે હરાજીમાં રાઈટ ટુ મેચ કાર્ડનો ઉપયોગ કરી શકશે નહીં. મુંબઈ ઈન્ડિયન્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ, લખનૌ સુપર જાયન્ટ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન્સે પાંચ-પાંચ ખેલાડીઓને જાળવી રાખ્યા છે, તેથી આ ટીમોને કોઈપણ એક ખેલાડી પર રાઈટ ટુ મેચ કાર્ડનો ઉપયોગ કરવાની પરવાનગી હશે. આ દરમિયાન પંજાબ કિંગ્સે માત્ર ૨ ખેલાડીઓને રિટેન કરીને સૌને ચોંકાવી દીધા હતા.



## ન્યૂઝ બ્રિફ

### બગુમરા ગામ માઠીનપસર થતી નહેર માંથી મસ મોટો ભુવો પડ્યો

। (એજન્સી) સુરત, તા.૬ ।

બગુમરા ગામ માઠીનપસર થતી નહેર માંથી મસ મોટો ભુવો પડ્યો છે અને એક દિવસ બાદ છઠ્ઠ પૂજા પણ છે જ્યાં મોટી સંખ્યમાં લોકો એકઠા થતા હોય છે અને આ પડેલા ભુવાને કારણે અકસ્માત સર્જાવાની ભીતિ પણ સેવાઈ રહી છે. એક દિવસ બાદ ઉતરભારતીયોનો સૌથી મોટો તહેવાર એટલે કે છઠ પૂજા અને અગાઉથી જ તેઓ તેની તૈયારીઓમાં જોતરાઈ જતા હોય છે ત્યારે સુરત જિલ્લામાં તંત્રની અણઆવડતના લીધે બગુમરા માંથી પ સાર થતી ચલથાણ બ્રાન્ચની નહેર પાસે તૈયારીઓ કરતા પરપ્રાંતીયોમાં ટેન્શન વધી ગયું છે. બગુમરા માંથી પસાર થતી નહેરના રસ્તાઓમાં ગાબડાઓ જોવા મળ્યા અને આ ગાબડાઓને લીધે અકસ્માત થવાની સ્થિતિ પણ સર્જાય શકે તેમ છે અને છઠ્ઠ પૂજા દરમિયાન મોટી સંખ્યમાં લોકો એકઠા થતા હોય છે અને જો ન કરે નારાયણ કોઈ દુર્ઘટના સર્જાય તો તેનો જવાબદાર કોણ તેવા અનેક સવાલો અહીં ઉભા થયા છે. તો બીજી તરફ સ્થાનિકો પણ આક્ષેપ કરી રહ્યા છે કે કેટલાય મહિનાઓથી આ ગાબડું આમને આમ જ છે અને કેટલાય અકસ્માત અહીં સર્જાય ચુક્યા છે ત્યારે શું નહેર વિભાગના અધિકારીઓ હજી પણ કેટલાક અકસ્માતોની રાહ જોઈને બેઠા હોય તેવું લાગી રહ્યું છે.

### અમદાવાદમાં લુખ્ખા તત્વો બેફામ, સ્થાનિક સાથે મહિલાને પણ માર્યો માર

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં લુખ્ખા તત્વોનો આતંક દિવસેને દિવસે વધતો જાય છે, જાણે પોલીસની કોઈ બીક જ ન રહી હોય તેમ અસામાજિક તત્વો દ્વારા શહેરીજનોને ધાકધમકી આપી, મારને કે ઝઘડા કરીને પરેશાન કરવામાં આવી રહ્યા છે. આવો જ એક કિસ્સો વધુ એક વાર પ્રકાશમા આવ્યો હતો. જેમાં શહેરના સરદારનગરમાં લુખ્ખા તત્વોના ત્રાસને લઈ લોકોને હાલાકી વેઠવાની વારી આવી છે. વિસ્તારના નિલકંઠ ફ્લેટમાં લુખ્ખા તત્વોએ સ્થાનિકને ઘરમાં ઘૂસીને માર માર્યો હતો.જેમાં જાહેરમાં મહિલાઓને માર્યા હોવાનો વીડિયો વાઈરલ થતા લોકોમાં રોષ ફાટી નિકળ્યો છે.મળતી માહિતી મુજબ શહેરના આ વિસ્તારોમાં પોલીસની રહેમરાહે ચાલી રહેલા દારૂ અને જુગારના અડ્ડાના કારણે સ્થાનિકો પરેશાન થઈ ચુક્યા છે.ઉપરાંત પોલીસની રહેમનજર હેઠળ અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાનો આક્ષેપ પણ લોકો કરી રહ્યા છે, ત્યારે આ જ લુખ્ખા તત્વો દ્વારા ઘરમાં ધુસીને મારામારી કરવામાં આવતા પોલીસ અને શહેરના તંત્રની ગંભીર બેદરકારી બહાર આવી છે.

### આણંદમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને યુવકનો આપઘાત

। (એજન્સી) આણંદ, તા.૬ ।

આણંદ જિલ્લાનાં ઉમરેઠમાં વ્યાજખોરોનાં ત્રાસથી ૨૮ વર્ષીય યુવકે ૪ દિવસ પહેલા ઝેરી દવા પીને આપઘાત કર્યો હતો. આ મામલે મૃતકના પરિવારજનોએ ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે અરજી નોંધી હતી. પરંતુ, ઘટનાને ચાર દિવસ થયા હોવા છતાં પોલીસ દ્વારા વ્યાજખોરો સામે કાર્યવાહી ના કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. પીડિત પરિવારે પોલીસને નિવેદનપત્ર પણ પાઠવ્યું છે. વ્યાજખોરો દ્વારા દબાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોવાનો પણ પરિવારે આરોપ કર્યો છે.પ્રાપ્ત અહેવાલ અનુસાર, આણંદ જિલ્લાનાં ઉમરેઠ તાલુકામાં રહેતા ૨૮ વર્ષીય સબ્બીર કારીગર કડિયા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જરૂર હોવાથી સબ્બીરે વ્યાજે રૂપિયા લીધા હતા. જો કે, વ્યાજખોરોનાં સતત ત્રાસ અને ધમકીથી કંટાળીને સબ્બીરે ચાર દિવસ પહેલા ઝેરી દવા પીને આપઘાત કર્યો હતો.

IOCને સત્તાવાર પત્ર લખ્યો

# ઓલિમ્પિક્સ ૨૦૩૬મા ભારતે યજમાન બનવાનો દાવો રજૂ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ભારતે ૨૦૩૬માં યોજાનારી ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટે પોતાનો દાવો રજૂ કર્યો છે. ભારતીય ઓલિમ્પિક સંઘ એ આ સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિને એક સત્તાવાર પત્ર સુપરત કર્યો છે, જેમાં ભારતે ઓલિમ્પિકની યજમાની કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ મહત્વપૂર્ણ પગલા સાથે ભારતે ઓલિમ્પિકની યજમાની તરફ એક મોટું પગલું ભર્યું છે. કેન્દ્રીય રમતગમત મંત્રાલયના દૈનિક ભાસ્કરના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે ભારત સરકારે IOCને ૧ ઓક્ટોબરના રોજ લેટર ઓફ ઈન્ટેન્ટ દ્વારા ગેમ્સનું આયોજન કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જો ભારત ઓલિમ્પિક ગેમ્સની યજમાની જીતે છે, તો તે પ્રથમ વખત બનશે કે



ભારતીય શહેરમાં ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પરથી કહ્યું હતું – 'ભારત ઓલિમ્પિક ગેમ્સ-૨૦૩૬ની યજમાની કરશે.' ૩ મહિના પહેલા પેરિસમાં યોજાયેલી ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ એક સિલ્વર સહિત ૬ મેડલ જીત્યા હતા. ૨૦૩૨ સુધીના યજમાન નક્કી કરવામાં આવ્યા છે, ૨૦૩૬ માટે બિડિંગ કરવામાં આવશે. ૨૦૩૨ સુધીના ઓલિમ્પિક યજમાનોનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦૩૨ની યજમાની ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેન શહેરને આપવામાં આવી છે. જ્યારે, ૨૦૨૮ ઓલિમ્પિક્સ લોસ એન્જલસમાં યોજાવાની છે. ભારતે અત્યાર સુધીમાં ૨ એશિયન અને એક કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી છે. દેશે છેલ્લે ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી હતી. આ પહેલા આપણા દેશમાં ૧૯૮૨ અને ૧૯૫૧ની એશિયન ગેમ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની એવા કેપ્ટન છે જેમણે ભારત માટે ICC ટ્રોફી જીતી છે. બીજી બાજુ વિરાટ કોહલી છે. કેપ્ટન તરીકે તે ક્યારેય ICC ટૂર્નામેન્ટ જીતી શક્યો નહોતો. જો કે, જ્યારે ટેસ્ટ ક્રિકેટની ચર્ચા થાય છે, ત્યારે એક નેતા તરીકે તે ધોની અને રોહિત બંને કરતા માઈલ આગળ દેખાય છે. આજે વિરાટ ૩૬ વર્ષનો થઈ ગયો છે.

ઓનલાઈન છેતરપિંડીના ગુના

## જામનગરની સાયબર ક્રાઈમ પોલીસની ટિમ તેમજ એસ.ઓ.જી. પોલીસને મોટી સફળતા મળી

**પોલીસે ઓનલાઇન ફ્રોડનાં ગુન્હામાં બેંક એકાઉન્ટન્ટ્સ ઓપરેટ કરતી આંતરરાજ્ય ગેંગ ના આરોપીઓને દબોચી લીધા છે**

। (એજન્સી) જામનગર, તા.૬ ।

જામનગરની સાયબર ક્રાઈમ પોલીસની ટિમ તેમજ એસ.ઓ.જી. પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે ઓનલાઈન ફ્રોડનાં ગુન્હામાં બેંક એકાઉન્ટન્ટ્સ ઓપરેટ કરતી આંતરરાજ્ય ગેંગ ના આરોપીઓને દબોચી લીધા છે. પોલીસે ૪ સાયબર માફીયાઓના પકડી પાડી લેપટોપ-ટેબલેટ-મોબાઈલ ફોન તેમજ સંખ્યાબંધ બેંકના ક્રેડિટ કાર્ડ-ચેકબુક સહિતનું સાહિત્ય જપ્ત કર્યું છે. આરોપીઓ જામનગરમાંથી નાણાં સગેવગે કરી રહ્યાં હતા આ વેળાએ જ પોલીસે દોડી જઈ આરોપીઓને પકડી પાડયા હતા. જામનગર પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે જામનગરમાં ઓસવાળ હોસ્પિટલ સામે આવેલ કૈલાસ હોટેલના રૂમ નંબર ૨૦૯ માં ત્રણ અજાણ્યા શખસો લેપટોપ, ટેબલેટ તેમજ મોબાઈલ ફોન દ્વારા લોકો સાથે ઓનલાઈન ફ્રોડ થી મેળવેલ નાણા સગેવગે કરવની પેરવીમાં છે. જે બાતમી નાં આધારે પો.સબ ઈન્સ. એચ.કે ઝાલા એ સાયબર કાઈમ પોલીસ સ્ટેશન અને એસ. ઓ.જી પોલીસ સ્ટાફ ને સાથે રાખી ને બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા જ્યાં આરોપીઓ પોતાની પાસે રહેલાં અને કમીશન થી મેળવેલ અન્ય વ્યક્તિઓ ના બેંક એકાઉન્ટ માં ઓનલાઈન ફ્રોડ ના અને ગેર કાયદે ઓનલાઈન ગેમીંગ ના નાણા પોતાના પાસે રહેલાં લેપટોપ, ટેબલેટ અને મોબાઈલ ફોન દ્વારા ઓનલાઈન બેકિંગના માધ્યમ થી તેમજ ઓ.ટી.પી શેર કરી પોતાના મળતીયાઓને નાણાં ટ્રાન્સફર કરી સગેવગે કરતા હોય જેઓને જામનગર ખાતેના સહ આરોપી તથા મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા.

પોલીસે આરોપી રાહુલ હિરાભાઈ નારોલા (ઉ.વ.૧૯ રહે. સુરત મૂળ રહેગામ-દામનગર તા.લાઠી જિ.અમરેલી), એમ.ડી.બાદશા એમ. ડી.નાસિર (ઉ.વ.૨૮ રહે. સીટી-બેન્ડેલ હુગલી રાજ્ય-પશ્ચિમ બંગાળ) , અવિનાશ પ્રસાદ ઓમપ્રકાશ મહતો (ઉ.વ.૩૮ રહે. બડગામ જિ રામગઢ – ઝારખંડ) અને સ્થાનિક શખ્સ તુષાર ઘેટીયા (ઉ.વ.૩૦ રહે. કૃષ્ણનગર જામનગર) પાસે થી અલગ-અલગ બેંક એકાઉન્ટસ ની ચેકબુક નંગ-૩, અલગ-અલગ બેકના ડેબીટ કાર્ડ નંગ-૮, લેપટોપ-૧, ટેબલેટ-૧, મોબાઈલ ફોન નંગ- ૫ અને છુટક સીમકાર્ડ-૩ કબ્જે કરવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા આંતરરાજ્ય ગેંગના ચારેય સભ્યોની અટકાયત કર્યા બાદ વિશેષ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે, અને તેમણે કેટલા લોકોને શિકાર બનાવ્યા છે, તેમજ કેટલા નાણાની હેરફેર કરી છે.

રાજ્ય સરકાર પાસે નિષ્પક્ષ તપાસની માંગ

## ગુજરાતમાં AAPના પ્રદેશ કાર્યાલયમાં ચોરી, મહત્ત્વની વસ્તુ ચોરાયાનો ઈસુદાનનો આરોપ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

દિવાળી બાદ જ્યાં ગુજરાતમાં નવા વર્ષની શરૂઆતમાં રજાનો માહોલ છે, ત્યારે બીજી તરફ અમદાવાદમાં એક મોટી ઘટના સામે આવી છે. આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે પાર્ટીના પ્રદેશ કાર્યાલયમાં ચોરી થઈ છે. ચોરીની આ ઘટના દિવસે દિવસે બની હતી. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આ મુદ્દે સીએમ ભૂપેન્દ્ર પટેલ પાસે તપાસની માંગ કરી છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી ના પ્રદેશ કાર્યાલયમાં તાળા તોડી ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આ મુદ્દે રાજ્ય સરકાર પાસે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. ગઢવીએ આક્ષેપ કર્યો છે કે અમારી ઓફિસમાં ત્રણ તાળા તૂટેલાં છે અને તેમની ચેમ્બરમાં ઘૂસીને દસ્તાવેજોની ચોરી થઈ હોવાની શક્યતા છે. અમદાવાદમાં બાટા ચોક પાસે આમ આદમી પાર્ટીનું પ્રદેશ કાર્યાલય આવેલું છે. આશ્રમ રોડને અડીને આવેલ નવરંગપુરા ખૂબ જ પોશ વિસ્તાર ગણાય છે.

આમ આદમી પાર્ટીના રાજ્ય પ્રમુખ ઈસુદાન ગઢવીના જણાવ્યા અનુસાર ચોરીની ઘટના ૩ નવેમ્બરે બની હતી. ગઢવીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં માત્ર સામાન્ય લોકો જ નહીં પરંતુ રાષ્ટ્રીય રાજકીય પક્ષોના કાર્યાલયો પણ સુરક્ષિત નથી.

ગઢવીની ઓફિસના તાળાં તોડી એલઈડી ટીવી સહિતના મહત્વના દસ્તાવેજોની ચોરી થયાની આશંકા છે. ગઢવીએ આરોપ મૂક્યો છે કે, આ ચોરી પૈસા માટે નહીં પરંતુ પાર્ટીના મહત્વના દસ્તાવેજો અને ડેટાની ચોરી કરવાના ઈરાદે કરવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે. ઈસુદાન ગઢવીએ માંગ કરી હતી કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મુદ્દે કાર્યવાહી કરવી જોઈએ. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પાંચ બેઠકો જીતી હતી. વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને ૧૪ ટકા વોટ મળ્યા હતા. ગુજરાતમાં પ્રદર્શન બાદ જ છઇઁને રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો મળ્યો.

દિવાળીના વેકેશન નિમિત્તે લોકો હજુ પણ રજા ના મૂડમાં

## જૂનાગઢના સક્કરબાગ ઝુ ખાતે પ્રવાસીઓનો ધસારો વધ્યો

। (એજન્સી) જૂનાગઢન, તા.૬ ।

દિવાળીના વેકેશન નિમિત્તે લોકો હજુ પણ રજા ના મૂડમાં છે લોકો પરિવાર સાથે અનેક વેકેશન પ્લાન તૈયાર કરી અને પર્યટન સ્થળો પર ફરી રહ્યા છે ત્યારે જૂનાગઢના સક્કરબાગ ઝુ ખાતે પ્રવાસીઓનો ધસારો વધ્યો છે બે દિવસ દરમિયાન ૨૫ હજારથી વધુ પ્રવાસીઓએ સક્કરબાગ ઝૂની મુલાકાત લીધી હતી જ્યાં સિંહ દીપડા સહિતના વન્ય પ્રાણીઓને નિહાળ્યા હતા. ગુજરાતનું સૌથી જૂનું અને નવાબી કાળનું સક્કરબાગ ઝૂ પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અહીં ગીરના ડાલા મથાની સાથે અનેક પ્રાણી પક્ષીઓનો વસવાટ



છે દિવાળી ના મીની વેકેશન કરવા હજારોની સંખ્યામાં પ્રવાસીઓ પર્યટક સ્થળો પર જતા હોય છે ત્યારે જુનાગઢ ના પર્યટકો સ્થળો પર વેકેશન દરમિયાન લોકોનો ઘસારો વધ્યો હતો..સકકરબાગ ઝૂમાં સિંહ-દિપડા, વાઘ, શિયાળ, હરણ, ઝરખ, કાળીયાર, જંગલી બિલાડી, મગર સહિત વિવિધ પક્ષીઓ અને પ્રાણીઓ નિહાળવા માટે દુર દુરથી નાના બાળકોથી લઈને સિનીયર સિટીઝન આવે છેપ ઝુની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, ખાસ કરીને અનેક પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓના પાંજરા બહાર પ્રવાસીઓને બાળકોને તે પ્રાણીઓ અને પક્ષીઓ વિષે જાણકારી મળી રહે તે માટે માહિતી આપતા બોર્ડ મુકવામાં આવ્યા છે જેમાંથી જે તે પ્રાણીઓ કે પક્ષીઓ વિષે તમામ વિગત જાણી શકે, એનાથી આનંદની સાથે જ્ઞાન વધે છે. સકરબાગ ઝૂમાં મીની સફારી પાર્ક પણ આવેલું છે અને જેની સફર બસની અંદર લોકોને કરાવવામાં આવે છે જેનો પણ પ્રવાસીઓએ લાભ લીધો હતો.. સકકરબાગ ઝૂમાં સિંહ સહિતના વન્ય પ્રાણીઓને નિહાળીને પ્રવાસીઓ અભિભૂત થયા છે છેલ્લા બે દિવસ દરમિયાન ૨૫ હજારથી વધુ પ્રવાસીઓએ સકરબાગ ઝૂની મુલાકાત લીધી હતી.

### ગુજરાત સરકારે સ્ટેટ જીએસટી કાયદામાં કરતો વટહુકમ પસાર કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાત સરકારે કરદાતાઓને જીએસટી વ્યાજ અને દંડમાં છૂટછાટોનો લાભ આપવા માટે રાજ્ય જીએસટી કાયદામાં સુધારો કરતો વટહુકમ બહાર પાડ્યો છે. આ વટહુકમ હેઠળ કેન્દ્ર સરકારના ફાઈનાન્સ (નં. ૨) અધિનિયમ, ૨૦૨૪ હેઠળ સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭માં સુધારા રજૂ કર્યા છે. તેનો ઉદ્દેશ્ય કર અનુપાલન વધારવા અને કરદાતાના બોજને હળવો કરવાનો છે. આ સુધારાઓની સાથોસાથ, ગુજરાત સરકારે પણ ગુજરાતમાં કરદાતાઓને જીએસટી વ્યાજ અને દંડમાં ઉપરોક્ત છૂટછાટોનો લાભ આપવા માટે રાજ્ય જીએસટી કાયદામાં સુધારો કરતો વટહુકમ બહાર પાડ્યો છે. રાજ્ય સરકાર દ્વારા આ સુધારો અમલી બનાવવાના લીધે રાજ્યના વેપારીઓને પડતી તકલીફોમાંથી રાહત મળશે તેવો દાવો કરવામાંઆવ્યો છે. તેની સાથે વેરાકીય પ્રક્રિયા વધારે સરળ બનશે તેમ પણ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. સરકારનું માનવું છે કે વેપારીઓ તેમણે વટહુકમ દ્વારા કરેલા સુધારાના આવકારશે અને તેનો હકારાત્મક પ્રતિસાદ આપશે. જો કે વેપારીઓ સરકારના સુધારા અંગે સાવધાની પૂર્વકનો અભિગમ અપનાવી રહ્યા છે. વેપારીઓનું કહેવું છે કે તેમને તકલીફો ઘટાડો સુધારો આવકાર્ય છે, પરંતુ હવે તેનો અમલ તંત્ર કઈ રીતે કરે છે તેના પર છે. તેનો અમલ યોગ્ય રીતે કરવામાં ન આવ્યો તો તેમની તકલીફોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર નહીં પડે. તેથી કાયદાનો અમલ યોગ્ય રીતે કરવો અત્યંત જરૂરી છે.

### સગીરને ટુ-વ્હીલર આપવું ભારે પડ્યું, ઓવરટેક કરવા જતાં મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

સગીરને ટુ-વ્હીલર આપવું માબાપને ભારે પડ્યુ છે. તેમા માબાપે આજે સંતાનને ગુમાવવાનો દિવસ આવ્યો છે. સુરેન્દ્રનગરના કુકરા પાસે ટ્રેક્ટર અને મોટરસાયકલ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ૧૫ વર્ષના છોકરાએ ટ્રેક્ટરને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો અને અકસ્માત થયો. માબાપને કિશોરને આ અકસ્માતમાં ૧૫ વર્ષના કિશોરનું મોત થયું હતું. બાઈક ચાલક બાળકને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર ઈજાના કારણે કિશોરનું ઘટનાસ્થળે જ મોત નીપ જ્યું હતું. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ ૧૫થી ૧૭ વર્ષના સગીરોને વાહન આપતા વાલીઓ માટે આ ઘટના ચોંકાવનારી છે. તેથી તેઓએ ચેતવું રહ્યું.રાજકોટ-પોરબંદર નેશનલ હાઈવે પર જેતપુરની તત્કાલ ચોકડી પાસે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક સવારનું મોત થયું હતું. મૃતક યુવકને ૧૦૮ મારફત પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ વામાં આવ્યો છે. બનાવ બાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### રાંઢીયા ગામમાં કારમાં ગુંગળાઈ જવાથી ૪ બાળકોના મોત થયા

। (એજન્સી) અમરેલી, તા.૬ ।

અમરેલીમાં બનેલો આ કિસ્સો માતા-પિતા માટે લાલબત્તી સમાન છે. નાના બાળકો રમત રમી રહ્યાં હતાં. રમતા રમતા બાળકોના હાથમાં કારની ચાવી આવી જાય છે. ચાવી થી કારનો દરવાજો ખોલીને બાળકો અંદર બેસીને રમી રહ્યાં હોય છે. દરવાજો બંધ થઈ જાય છે અને બાળકોનો શ્વાસ રૂંધાઈ જાય છે. આ ઘટના ક્યા બહારગામમાં નહીં પરંતુ ગુજરાતમાં જ ઘટી છે. ગુજરાતના અમરેલી જિલ્લામાં આ ઘટના બની છે. જેને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અમરેલી તાલુકાના રાંઢીયા ગામમાં કારમાં ગુંગળાઈ જવાથી ૪ બાળકોના મોત થયા છે. બાળકો રમતા રમતા કારમાં પહોંચી ગયા હતા. કારનો દરવાજો લોક થઈ ગયો અને બાળકો બહાર જ ના નીકળી શક્યા. મધ્યપ્રદેશના પરપ્રાંતી પરિવારના ૪ બાળકોના મોત થયા છે. એક જ પરિવારના ૨ દીકરી અને ૨ દીકરાના ગૂંગળાઈ જવાથી મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો પોલીસે નોંધ્યો છે. તમારા બાળકો પણ કારમાં બેસીને મસ્તી કરતા હોય કે તમે બાળકોને કારમાં બેસાડી આવું છું કહીને નીકળતા હો તો દિવાળી ટાણે એક ભયંકર દુર્ઘટના સામે આવી છે. જે કારચાલકો માટે એલર્ટ સમાન છે. અમરેલી તાલુકાના રાંઢીયા ગામમાં કારમાં ગુંગળાઈ જવાથી ૪ બાળકોના મોત થયા છે. રમત રમતમાં બાળકો ચાવીથી કાર ખોલી અંદર બેસી ગયા હતા. જે બાદ કાર થોડીવારમાં ઓટો લોક થઈ ગઈ હતી. જેના કારણે કારમાં જ ગૂંગળાઈ જવાથી તમામ બાળકોના મોત થયા છે. માતા-પિતા ઘરે ન હોવાથી ભૂલકાં રિબાઈ રિબાઈને મોતને ભેટ્યા હતા. તમારા ઘરે પણ કાર પડી રહેતી હોય તો સાવચેતી રાખવાની અતિ જરૂર છે. પ્રાપ્ત માહિતી મુજબ બાળકો બહાર ખુલ્લામાં રમી રહ્યાં હતાં. રમતા રમતા બાળકો નજીકમાં પડેલી કારમાં રમવા પહોંચી જાય છે. રમતા રમતા બાળકો ચાવીથી ખોલી કારમાં બેસી ગયા હતા. જે બાદ કાર લોક થઈ ગઈ હતી. જેથી કાર ના દરવાજા ન ખુલતા ગૂંગળાય જવાના કારણે તમામ બાળકોના મોત થયા છે. માતા-પિતા અન્ય વિસ્તારમાં મજૂરી કામે ગયા હતા. જે બાદ આ ઘટના બની હતી.

વિશેષ

ઇનોવેટીવ પ્રવૃત્તિઓ અંતર્ગત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-ગોરા અને સ્ઇ-વારા લક્ષ્મી ફાઉન્ડેશન-કેવડિયામાં થઈ રહેલી પ્રવૃત્તિનું નિરિક્ષણ કર્યું

# એસ્પિરેશનલ નર્મદા જિલ્લાની મુલાકાત કરી વિવિધ કામગીરીની સમીક્ષા કરતા નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રી સુમન કુમાર બેરીજી

। (માહિતી) રાજપીપળા ।

ભારત સરકારની સર્વોચ્ચ સંસ્થા નીતિ આયોગ દ્વારા એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામ અમલમાં મુક્યો છે, જેમાં દેશના ૧૧૨ જિલ્લાઓ પૈકી ગુજરાતમાંથી નર્મદા અને દાહોદ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે.

એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ અને એસ્પિરેશનલ બ્લોક-નાંદોદમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની અમલવારી માટે અલાયદી નાણાંકીય જોગવાઈ કરવામાં આવે છે. વિકાસલક્ષી વિવિધ યોજનાઓ થકી સ્થાનિકોના જીવધોરણમાં ગુણવત્તાસભર સુધારો લાવવા માટે સરકાર દ્વારા કામગીરી કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ અંતર્ગત થઈ રહેલી કામગીરીના નિરિક્ષણ અર્થે તાજેતરમાં જ નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રી સુમન કુમાર બેરીજી જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. તેઓએ જિલ્લામાં એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ તથા એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ અંતર્ગત ચાલી રહેલી ઈનોવેટીવ પ્રવૃત્તિઓ પૈકીના એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-ગોરા અને GMR-વારા લક્ષ્મી ફાઉન્ડેશન-કેવડિયાની રૂબરૂ મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં તેઓશ્રીની સાથે શ્રી એ. મુથ્થુકુમાર (IAS) 'ઉપાધ્યક્ષશ્રી નીતિ આયોગ'નાં અંગત સચિવશ્રી



પણ જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન શાળામાં બાળકો માટેની વિજ્ઞાન પ્રયોગ શાળા, શાળા કેમ્પસમાં ઉપલબ્ધ અન્ય સુવિધાઓ તેઓએ પ્રત્યક્ષ નિહાળી હતી. મેક ઈન ઈન્ડિયા અને સ્કિલ ઈન્ડિયાના સ્વપ્નને સાર્થક કરતા GMR ટ્રેનિંગ સેન્ટરમાં તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ સાથે પણ વાર્તાલાપ કર્યો હતો.

શ્રી સુમન કુમાર બેરીજીએ કેન્દ્ર અને રાજ્ય સરકારની અમલી અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો પ્રજાજનોને સરળતાથી અને મહત્તમ મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવા જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો. નર્મદા જિલ્લામાં "એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ" હેઠળ સ્વાસ્થ્ય, શિક્ષણ, કૃષિ અને પાણીનાસ્રોત, આઈ.સી.ડી.એસ, નાણાકીય સમાવેશ અને કુશળતાને જોડીને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપી પરિણામલક્ષી કામગીરી માટે સુચારૂં આયોજન કરવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે સંકલન કરીને વિવિધ યોજના અને કાર્યક્રમોનો અમલ કરવામાં આવી રહ્યો છે. નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રીની આ સમગ્ર મુલાકાત દરમિયાન નર્મદા જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રી હનુલ ચૌધરીએ સાથે રહી જીલ્લામાં ચાલતી વિવિધ ઈનોવેટીવ પ્રવૃત્તિઓ વિશે અવગત કર્યા હતા. તેઓશ્રીની સાથે જિલ્લા આયોજન કચેરીના અધિકારી-કર્મચારીશ્રીઓ પણ જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ડોક્ટરની સલાહ વિના આ આઈડ્રોપ નાંખવા પડશે ભારે, છિનવી લેશે આંખોની રોશની!

જો તમે મેડિકલ સ્ટોરમાંથી સસ્તા આઈ ડ્રોપ્સ ખરીદો છો અને તેને તમારી આંખોમાં નાંખો છો અને વિચારો છો કે, તે તમારી સમસ્યા દૂર કરશે, તો તમે મોટી ભૂલ કરી રહ્યા છો. આ દવાઓથી તમારી આંખની રોશની ગુમાવી શકો છો. થોડા દિવસો પહેલા, ઉત્તરાખંડની લાયસન્સ ઓથોરિટીએ મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ આઈ ડ્રોપ દ્રષ્ટિ પર પ્રતિબંધ મુકી દીધો હતો. તેના પહેલા આઈ ફ્લૂ આઉટબ્રેક દરમિયાન સ્ટેરૉઈડવાળી ઘણી દવાઓનો ઉપયોગ ન કરવાની ડૉક્ટરે સલાહ આપી હતી. આવું એટલા માટે થયું હતું, કારણકે આંખોમાં એલર્જી, પાણી આવવું, દુખાવો, પાપણ પર ડેંડ્રફ જામવો અને ડ્રાઈનેસ આવવા પર લોકોએ મેડિકલ સ્ટોર્સથી ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના દવાઓ ખરીદવાનું શરૂ કરી દીધી હતું. આજે પણ લોકો આવું કરી રહ્યા છે અને બાળકો અથવા મોટા લોકોની આંખોમાં તકલીફ થતાં મેડિકલ સ્ટોર્સથી આઈ ડ્રોપ ખરીદીને લાવે છે અને નાંખી દે છે. પરંતુ તમને જણાવી દઈએ કે તમે જેને દવા સમજીને તમારી આંખોમાં નાખો છો તે તમારી આંખોનો દુશ્મન બની શકે છે અને તમારી આંખોની રોશની છીનવી શકે છે. તેમજ તમને હંમેશા માટે અંધ પણ બનાવી શકે છે. દિલ્હીની મૌલાના આઝાદ મેડિકલ કોલેજના ઓપ્થેલ્મોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. કીર્તિ સિંહ કહે છે કે બજારમાં આંખની કેટલીક સસ્તી દવાઓ છે જે ૨૦-૩૦ રૂપિયામાં ઉપલબ્ધ છે, પરંતુ આંખો માટે ખૂબ જ નુકસાનકારક છે. આ ત્રણ સ્ટેરૉઈડવાળી દવાઓનું નુકસાન સૌથી વધારે થયું છે. રસપ્રદ વાત એ છે કે, ત્રણેય દવાઓ પ્રિસ્ક્રિપ્શન વિના કોઈપણ મેડિકલ સ્ટોરમાં મળી જાય છે. હંમેશા લોકો બાળકો અથવા મોટા લોકોને આંખમાં એલર્જી થતાં આ દવા ખરીદે છે. આ સ્ટીરોઈડ સોલ્ટવાળી આઈ ડ્રોપ્સ છે હાનિકારક, પ્રેડનીસોલોન, ડેક્સામીથાસોન, બીટામીથાસોન. ડૉક્ટર કહે છે કે, જો કોઈ આઈ ડ્રોપ પર આ ત્રણમાંથી કોઈપણ નામ લખેલું છે તો દવાને તમે મેડિકલ સ્ટોર પ્રેક્ટિશનરની સલાહ પર ખરીદો. વળી જો કોઈ ડૉક્ટર આ દવાઓને લખે ચે તો ફક્ત તે સમય સુધી જ ઉપયોગ કરો, જેટલું ડૉક્ટરે જણાવ્યું. તેનાથી એક દિવસ પણ વધારે આંખોમાં ન નાંખો. પૈસા અને સોનું સુરક્ષિત રીતે લોકરમાં રાખે છે પરંતુ તેમની કિંમતી આંખો કોઈપણ દવાને સોંપી દે છે. ડૉકટરો ઘણીવાર સર્જરી પછી સ્ટીરોઈડ દવાઓ લખે છે, આમાં તે દવાઓ પણ શામેલ હોઈ શકે છે જે સામાન્ય ઉપયોગ માટે પ્રતિબંધિત છે, પરંતુ લોકો આંખોને લઈને સૌથી મોટી ભૂલ કરે છે કે તેઓ નિર્ધારિત સમય પસાર થયા પછી ડૉક્ટર દ્વારા લખેલી નક્કી સમય બાદ પણ નાંખે છે. દર્દીને લાગે છે કે, જેટલી વધારે દવા નાંખીશું તેટલો વધારે ફાયદો મળશે. જોકે એવું નથી. ઘણીવાર એવું જોવામાં આવ્યું છે કે રોગમાંથી સાજા થયાના થોડા સમય પછી ફરી આંખની તકલીફ થાય તો તેઓ ડૉક્ટરને બતાવવાને બદલે પ્રિસ્ક્રિપ્શન વિના એ જ દવા ખરીદે છે અને પછી તેને નાખવાનું શરૂ કરે છે.

# રસોડામાં જોવા મળતા આ ૬ સાધારણ મસાલા, ગરમીમાં શરીરને આપે છે ઠંડક, બોડીને કરશે ડિટોક્સ

ઉનાળાની ઋતુમાં લોકો સામાન્ય રીતે તેલ અને મસાલાથી દૂર રહે છે. પરંતુ, દરેક રસોડામાં કેટલાક સાદા મસાલા એવા હોય છે, જે શરીરને ઠંડક આપે છે. આ મસાલા ઉનાળામાં શરીરમાંથી ઝેર દૂર કરવામાં પણ મદદ કરે છે. જીરું આયર્નનો ઉત્તમ સ્રોત છે. ઉનાળામાં તેનું સેવન કરવાથી પેટ ઠંડુ રહે છે. તે તમારા શરીરને આખો દિવસ હાઈડ્રેટેડ રાખે છે. ગેસ અને અપચો જેવી સમસ્યાઓને દૂર કરવામાં પણ જીરું મહત્વની ભૂમિકા ભજવે છે. જીરામાં આયર્ન, કોપર, કેલ્શિયમ, ઝિંક, પોટેશિયમ જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. જીરુંનો ઉપયોગ સૂપ, શાક, રાયતા, દાળ, ભાત વગેરેમાં થાય છે. જે લોકોને કોલેસ્ટ્રોલની સમસ્યા હોય તેમના માટે જીરું વરદાનથી ઓછું નથી. તે કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તુલસીના બીજ જેને સબજા બીજ પણ કહેવાય છે. તે તુલસીની એક પ્રજાતિમાંથી મેળવવામાં આવે છે. તે શરીરની ગરમી ઘટાડવામાં મદદ કરે છે. આ સાથે, આ બીજ શરીરમાં પ્રોટીન, ફાઈબર, ઓમેગા અને ફેટી એસિડ્સ જેવા



તત્વોને પણ વધારે છે, જે ડાયાબિટીસને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. રસોડામાં જોવા મળતા આ ૬ સાધારણ મસાલા, ગરમીમાં શરીરને આપે છે ઠંડક, બોડીને કરશે ડિટોક્સ આ બીજ તમારી ત્વચા માટે પણ સારા છે.

તુલસીના બીજ પેટની બળતરાને શાંત કરે છે અને તમારા શરીરમાંથી ઝેર દૂર કરે છે. શરીરને ડિટોક્સ કરવાની સાથે એલચીના દાણા શરીરને ઠંડુ કરવામાં પણ મદદ કરે છે. આ બીજ શરીરના બ્લડપ્રેશર અને કોલેસ્ટ્રોલને પણ નિયંત્રણમાં રાખે છે. આ બીજ ઉનાળામાં પાચનક્રિયા સારી રાખવામાં પણ મદદ કરે છે. ઉનાળામાં મેથીના દાણા શરીર માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. તે શરીરનું તાપમાન વધતું અટકાવે છે. મેથીના દાણાને આખી રાત પાણીમાં પલાળી રાખો અને સવારે ખાલી પેટ પીવો. આ પાણી શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે તે ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં દ્રાવ્ય ફાઈબર હોય છે, જે બ્લડ સુગર લેવલને સંતુલિત રાખવામાં મદદ કરે છે. ઉનાળામાં ધાણાના બીજ અનેક રીતે ફાયદાકારક છે. જો સવારે ધાણાના પાણીમાં સાકર નાખીને પીવામાં આવે તો શરીરના કોઈપણ ભાગમાં થતી બળતરા ઓછી થાય છે. તે શરીરને ડિહાઈડ્રેટ થવાથી પણ બચાવે છે, ધ બ્રિટીશ જર્નલ ઓફ ન્યુટ્રિશનમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ અનુસાર, ધાણાના બીજના અર્કમાં કેટલાક સંયોજનો છે જે એન્ટિ-હાયપરગ્લાયકેમિક, ઈન્સ્યુલિન ડિસ્ચાર્જિંગ અને ઈન્સ્યુલિન જેવી ક્રિયા ઉત્પન્ન કરે છે, જે ગ્લુકોઝના સ્તરને કંટ્રોલમાં રાખે છે. ઉનાળાની ઋતુમાં વરિયાળી ખૂબ જ ફાયદાકારક છે. વરિયાળી ઠંડી તાસિર ધરાવે છે. તે શરીરને ઠંડુ રાખવા ઉપરાંત પેટની ગરમીને પણ શાંત કરે છે. તે શરીરને હીટ સ્ટ્રોકથી બચાવે છે. કેલ્શિયમ, સોડિયમ, આયર્ન, પોટેશિયમ જેવા તત્વો પણ વરિયાળીમાં જોવા મળે છે.

# પપૈયુ ઉનાળામાં ખાવુ જોઈએ કે નહિ? જો તમે પણ છો કન્ફ્યુઝ, તો જાણી લો...



પપૈયું ખાવું શરીર માટે ફાયદાકારક માનવામાં આવે છે, પરંતુ ઘણા લોકો ઉનાળામાં તેનું સેવન કરવાનું ટાળે છે. તેઓ માને છે કે પપૈયા ગરમ છે અને તેને ખાવાથી તેઓ ઉનાળાની ઋતુમાં બીમાર પડી શકે છે. જો કે, નિષ્ણાત અભિપ્રાય આનાથી સંપૂર્ણપણે અલગ છે. તો ચાલો જાણીએ શું કહે છે. ગરમીની સીઝનમાં ખાન-પાનનું વધારે ધ્યાન રાખવાની જરૂરત છે. આ સીઝનમાં સૌથી વધારે પાણીથી ભરપૂર ફુડ્સનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે. ફળોને દરેક સીઝન માટે ફાયદાકારક માનવામા આવે છે. ગરમીમાં લોકો તરબૂજ, ખરબૂજા, લીચી, પપૈયા, સંતરા સહિતના ફળો ખાવાનું પસંદ કરે છે., પરંતુ ઘણા લોકો આ સીઝનમાં પપૈયાનું સેવન નુકસાન કારક માને છે. કહેવામાં આવે છે કે પપૈયાની તાસીર ગરમ હોય સી હે અને એના સેવનથી શરીરમાં ગરમી પેદા થઈ શકે છે. સવાલ છે કે શું સાચો પપૈયું ગરમ હોય છે અને ગરમી ખાવાથી બચવું જોઈએ. આ ફળમાં ફાયબર ભરપૂર હોય છે અને પપૈયા નામક એંઝાઈમ હોય છે. દરેક સીઝનમાં પપૈયું ખાવાથી ગજબ ફાયદા થાય છે. પપૈયાને ગરમ માનવામાં આવતું નથી અને ગરમીમાં આને ખાવાથી કોઈ નુકસાન થતું નથી. પપૈયું આપણા પેટને ક્લીન કરવામાં મદદ કરે છે અને શરીરનું ફેટ ઓછું કરે છે. આ ફળ લીવરની સફાઈ માટે પણ ખુબ ફાયદાકારક છે. કબ્જથી પરેશાન લોકો માટે પપૈયું રામબાણ માનવામાં આવે છે. આ પેટમાં જામેલી ગંદકીને દૂર કરી કબજથી રાહત આપાવે છે. ડાયટિશિયન કામિનીએ જણાવ્યું કે પપૈયાની પીળાસથી કમળાના દર્દીઓને પણ ફાયદો થાય છે. એમા ઘણા એવા તત્વો હોય છે, જે આપણા શરીરમાં બનવા વાળા બિલીરૂબિનને કંટ્રોલ કરે છે. એનાથી શરીરમાં કમળોનો ખતરો ઓછો થઈ જાય છે. પપૈયું ખાવાથી આપણું ડાયજેશન બુસ્ટ થાય છે અને પેટ સાથે જોડાયેલી સમસ્યા દૂર થાય છે. આમ તો પપૈયું વધુ લોકો ખાતા નથી, પરંતુ પ્રેગ્નેન્ટ મહિલાઓએ પપૈયું ઓવોઈડ કરવું જોઈએ. પ્રેગ્નેન્સીના શરૂઆતી ત્રણ મહિનામાં મહિલાઓએ ભૂલથી પણ પપૈયું નહિ ખાવું જોઈએ, નહીંતર મિસકેરેજનો ખતરો વધી શકે છે.

# સ્વાસ્થ્ય માટે લાભદાયી આ ૫ વસ્તુઓનો સલાડ

ઉનાળાની ઋતુમાં હીટ સ્ટ્રોકના કારણે ઘણા લોકો બીમાર પડે છે. આવી સ્થિતિમાં, જો તમે જમતી વખતે કાકડી, લીંબુ, બીટરૂટ, ટામેટાને સલાડના રૂપમાં સામેલ કરો છો, તો તે તમારા શરીરમાં ઊર્જા જાળવી રાખશે. જો લોકો સવારે બીટ ખાય છે અથવા તેનો રસ પીવે છે, તો તે શરીરમાં લોહીનું પ્રમાણ સંતુલિત રાખે છે. તેમાં વિવિધ પ્રકારના આયર્ન અને વિટામિન્સ પણ મળી આવે છે. જે વિવિધ પ્રકારના રોગોને રોકવામાં ખૂબ જ સફળ છે. એટલું જ નહીં, તે શરીરના કોઈપણ ભાગમાં સોજો દૂર કરવામાં પણ મદદ કરે છે. ઉનાળાની ઋતુમાં લોકો હીટ સ્ટ્રોકના કારણે ખૂબ જ બીમાર રહે છે. આ સિઝનમાં ઘણા પ્રકારના ફળો અને શાકભાજી પણ મળે છે. જે ગરમીથી રાહત અપાવવામાં મદદ કરે છે. આવો જ ઉલ્લેખ




ચીભડા વિશે પણ જોવા મળે છે. જો તમે સલાડમાં ચીભડાનું પ્રમાણ વધારશો, તો તમારા શરીરમાં પાણીની માત્રાને સંતુલિત રહેશે. સાથોસાથ તે આંખોને ઠંડક રાખવા માટે પણ ખૂબ જ ઉપયોગી માનવામાં આવે છે. આટલું જ નહીં, હ્રદયને સ્વસ્થ રાખવાની સાથોસાથ તે શરીરને જરૂરી વિટામીન પણ પૂરા પાડે છે. જો તમે ઉનાળાની ઋતુમાં રોજ ટામેટાનો ઉપયોગ કરવાનું શરૂ કરો છો. ટામેટા તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત રાખે છે. સૂર્યપ્રકાશમાં પણ તમારી ત્વચાને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. હ્રદયને સ્વસ્થ રાખવામાં પણ ટામેટા વધુ સારા માનવામાં આવે છે. કારણ કે તેમાં વિવિધ પ્રકારના આવા વિટામિન જોવા મળે છે. જે આપણા હ્રદય માટે ખૂબ જ ઉપયોગી છે. ઉનાળાની ઋતુમાં, કાળઝાળ ગરમીમાં લીંબુની શિકંજી પીવાથી દરેકને સારું લાગે છે. કારણ કે જો લીંબુની વાત કરીએ તો, તેમાં વિવિધ પ્રકારના વિટામિન જોવા મળે છે. જે માનવીને ગરમીથી બચાવે છે. તે સારું સ્વાસ્થ્ય જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજના યુગમાં હીટ સ્ટ્રોક સહિત વિવિધ પ્રકારની બીમારીઓ જોવા મળી રહી છે. તેમને રોકવામાં પણ લીંબુ એકદમ સફળ માનવામાં આવે છે. કારણ કે લીંબુમાં વિટામિન અને એન્ટીઓક્સીડેન્ટ સારી માત્રામાં જોવા મળે છે.

# સર્વ દુઃખોના અંત માટે આદી લક્ષ્મીની સાધના!

આપણે લક્ષ્મી દેવીની વાત કરી રહ્યા છીએ. આપણી સાંસ્કૃતિક પરંપરાઓના રહસ્યો ઉકેલવાની કોશિશ કરી રહ્યા છીએ. લક્ષ્મીદેવીના બાહ્ય સ્વરૂપમાં બીરાજમાન એક દિવ્ય શક્તિને પરખવાની ચેષ્ટા કરી રહ્યા છીએ. આ દિવ્ય શક્તિ આપણી જ આત્મ શક્તિ છે એ પ્રતીતિ થયા વિના રહેશે નહીં.

મનુષ્યના સંપૂર્ણ વિકાસ માટે અને એની સુશુપ્ત શક્તિઓ અને આત્મગુણોને ઉજાગર કરવાનો વિજ્ઞાન એટલે અધ્યાત્મ વિજ્ઞાન. આધ્યાત્મિક શાસ્ત્રોમાં સ્વ. ઉત્ક્રાંતિના વિધાનોને પીરસવાની એક વિરલ અને અનોખી રીત છે. દેવી સ્વરૂપમાં અને મંત્રોની ઊર્જામાં ગૂઢ રહસ્યો સમાયેલા છે. જે પણ સાધક આ શક્તિઓને ઓળખવામાં સફળ થાય છે તેને આ બ્રહ્મના રહસ્યો સમજવામાં વાર નહીં લાગે. સાથે સાથે પોતાના શુદ્ધ સ્વરૂપને પણ તે જાણી શકે છે અને પોતાના અસ્તિત્વને સાર્થક કરવાનો લક્ષ્ય સાધી શકે છે. 'લક્ષ્મી' શબ્દમાં 'લક્ષ' રૂપી બીજ સમાયેલો છે. લક્ષને સાધવાની શક્તિ એ જ લક્ષ્મી શક્તિ છે એ સૂચન કરી રહી છે. આધ્યાત્મિપરિભાષામાં લક્ષને બે રીતે સમજી શકાય છે. આ શબ્દનો સાધારણ અર્થઘટન એટલે ધ્યેય, ઉદ્દેશ્ય અથવા હેતુથી થાય છે, પણ આ શબ્દ એક વિશેષ અર્થને પ્રકાશિત કરે છે. 'લક્ષ' એટલે જાણવાની અને સમજવાની એક વિશેષ શક્તિ. જો સમજણ શક્તિ ના હોય તો મનુષ્ય પોતાના ધ્યેય અને ઉદ્દેશ્યને કેમ જાણી શકે??

ખરેખર જોવા જઈએ તો મનુષ્યના ભૌતિક અથવા આધ્યાત્મિક ઉદ્દેશ્યને સિદ્ધ કરવા એની 'સમજણ' શક્તિ વિકસિત હોય તે અનિવાર્ય છે. સમજણનો અજ્ઞાન હોય ત્યારે જ અંધ-શ્રદ્ધા અને મિથ્યાત્વ વધે છે. લક્ષ્મી દેવીના 'આશીર્વાદ' થકી 'સમજણ-શક્તિ' રૂપી અમૂલ્ય ધન પ્રાપ્ત થાય છે જે મનુષ્યને જીવન જીવવાની સાચી દિશા આપે છે.



ઉનાળામાં પડતી ગરમી કોઈને ગમતી નથી, પણ તેમ છતાં લોકો આતુરતાપૂર્વક આ ઋતુની રાહ જુએ છે અને તેનું કારણ છે કેરીપ કેરીએ ફળોનો રાજા ગણાય છે અને ઉનાળામાં જ ખાવા મળે છે. કેરીની મીઠાશ અને સ્વાદની તોલે દુનિયાનું કોઈ જ ફળ કે વાનગી નહીં આવે. બજારમાં ૮૦૦-૯૦૦ રૂપિયા ડઝનના ભાવે મળતી કેરી હાલ તો મધ્યમવર્ગીય લોકોના બજેટની બહાર હોવા છતાં પણ લોકો ખરીદે છે. ઘણી વખત એવું પણ બને છે કે મોંઘા ભાવની લાવેલી કેરી ખાટી નીકળે છે, પણ ત્યાર પછી પસ્તાવા સિવાય બીજો કોઈ વિકલ્પ આપણી પાસે નથી રહેતો. ક્યારેક ખરીદનારની અજ્ઞાનતાને કારણે તો ક્યારેક વેચનારની ચતુરાઈને કારણે ગ્રાહક સાથે છેતરપિંડી થાય છે. હવે તમને એવું થશે કે બહારથી જોઈને કેવી ખબર પડે કે કેરી અંદરથી ખાટી નીકળશે કે મીઠી? આજે અમે તમને અહીં જણાવીશું કેટલીક એવી ટીપ્સ વિશે કે જે તમને મીઠી કેરી ખરીદવામાં મદદરૂપ સાબિત થઈ શકે એમ છે. હળવા હાથે દબાવો કેરી અંદરથી પાકી છે કે નહીં તે જાણવાનો સૌથી સહેલો રસ્તો એ છે કે કેરીને ખરીદતા પહેલા હળવા હાથે દબાવી જુઓ. જો કેરીને હળવા હાથે દબાઈ જાય તો તેનો સ્વાદ અંદરથી મીઠો લાગશે. જો તેને કડક લાગે તો તે પાકી નથી અને હજી કાચી છે તેવું માનવું જોઈએ. એટલે આવી કેરી ખરીદવાનું તમારે ટાળવું જોઈએ.

### લવિંગ કેરી લાકડીએ આપણે રોગોને ભગાડ્યા જો

# 'ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યાં જો', 'લંકાની લાડી અને ઘોઘાનો વર' ફિલ્મમાં આ ગીત લેવામાં આવ્યું હતું



લવિંગ તો દરેક રસોડામાં ઉપલબ્ધ એવો મસાલો છે. દાંતનો દુખાવો હોય કે શરદી, લવિંગનો ઉપયોગ આદિકાળથી મનુષ્ય કરતો આવ્યો છે. લવિંગ એ મિર્ટેસી કુળના સાયઝિજિયમ એરોમેટિકમ નામના સુગંધી વૃક્ષની સુકાવેલી કળીઓ છે. હા, લવિંગ ફૂલ નથી કે મસાલો નથી પણ કળી છે જેને ગરમ મસાલામાં વાપરવામાં આવે છે. લવિંગ ઈન્ડોનેશિયાના માલુકુ દ્વીપના વતની છે. સાંપ્રત સમયમાં ઈન્ડોનેશિયા, ભારત, માડાગાસ્કર, ઝાંઝીબાર, પાકિસ્તાન અને શ્રીલંકામાં તેની ખેતી કરવામાં આવે છે. લવિંગ મોઢાના કોષ પર કામચલાઉ મુઢતા ઉત્પન્ન કરે છે. માટે જ દાંતના દુખાવા વખતે વડીલો લવિંગ દાંત નીચે દબાવવાનું કહેતા. પણ ડેન્ટિસ્ટ લવિંગ વાપરવાની ના પાડે છે.

ડેન્ટિસ્ટ દાંતના દુઃખાવા માટે લવિંગ વાપરવાની ભલે ના પાડે પણ લવિંગ બહુ રસપ્રદ કળી છે. લવિંગના ફાયદા જાણીએ તે પહેલાં લવિંગની લાક્ષણિકતાઓ જાણીએ. લવિંગનું વૃક્ષ એક સદાહરિત વૃક્ષ છે. તે ૮-૧૨ મીટર જેટલું ઊંચું વધે છે. આના પાન મોટાં હોય છે અને ફૂલો સેંગવિન હોય છે એટલે કે ડાળીને છેવાડે ગુચ્છામાં ઊગે છે. આની કળીઓ શરૂઆતમાં ફિક્કા રંગની હોય છે વખત જતાં તે લીલા રંગની બને છે, ત્યાર બાદ તે ઘેરો રાતો રંગ પકડે છે અને તેને ઝાડ પરથી ઉતારી લેવાય છે. જ્યારે કળીની લંબાઈ ૧.૫થી ૨ સેમી. જેવડી થાય છે ત્યારે લવિંગને ઉતારવામાં આવે છે. આની દાંડીને છેવાડે ચાર બાજુએ લંબાતા વજ્રપત્ર હોય છે અને ચાર ખુલ્યા વગરની પાંખડી હોય છે જે કેંદ્રમાં મોટા દાણા સ્વરૂપે હોય છે. એ કઠણ થાય એટલે તેને ઉતારી લેવામાં આવે છે.

લવિંગના ઘણા સ્વરૂપો છે. જેમ કે, લવિંગની કળીઓ- આ ડાળી જેવી દેખાતી લવિંગની કળીઓ હોય છે. જેમાં સામસામે શાખા વિકસે છે. બહારથી રાતો રંગે કથ્થઈ રંગની અને ખરબચડી સૂકી સપાટી ધરાવે છે. એક બીજો પ્રકાર છે જે છે માદા લવિંગ- આ લવિંગના પાકેલા ફળો હોય છે. તે નાનકડા, લંબગોળ, એકબીજી ફળો હોય છે. એકબીજી એટલે એક જ બીજ ધરાવતા ફળો. ત્રીજો પ્રકાર છે કથ્થાઈ લવિંગ જેમાં ખીલેલી લવિંગની કળી હોય છે પણ તેના કોરોલા અને સ્ટેમ કાઢી નાખવામાં આવે છે. લવિંગનો કુચો પણ ઉપયોગી છે જે તેલ કાઢી લીધા પછી બચે છે.

# મસલ ડીસ્મોર્ફિયા : છોકરાઓમાં મસલ-બિલ્ડિંગનું વધતું વળગણઃ શારીરિક અને માનસિક બીમારી

છોકરાઓ દસેક વરસની ઉંમરના થાય ત્યાં સુધી તે લોકોએ હલ્કની ફિલ્મો જોઈ લીધી હોય, કેપ્ટન અમેરિકા જોઈ લીધું હોય અને બોક્સિંગ મેચ પણ જોઈ લીધી હોય. માર્વેલના એક્શન હીરો અને બીજા બધા બોડી બિલ્ડરના ફૂલેલા પણ મસ્ક્યુલર બોડી જોયા હોય. શાહરૂખ કે સોનું સુદના સિકસ પેક એબ વાળું બોડી જોયું હોય અને છોકરીઓને તેની પાછળ ગાંડી થતી જોઈ હોય. છોકરાઓ કિશોરાવસ્થામાં પહોંચે ત્યાં તેમના દિમાગમાં હીરો એટલે સીક્સ પેક એબ વાળો બોડી બિલ્ડર એવી જ ઈમેજ બંધાઈ ગઈ હોય. હવે ચારેબાજુ આવા જ બોડી બિલ્ડરો જોઈને છોકરાઓના મનમાં નાની ઉંમરથી એક સવાલ ઉઠતો હોય કે હું આવો ક્યારે દેખાઈશ? મારું બોડી આવું ક્યારે થશે? આ લોકો પાસે તો ખૂબ પૈસા અને ટ્રેનર હોય, મારી પાસે તો ન હોય તો મારો દેખાવ આવા હીરોલોગ જેવો ક્યારે થશે? ટીનેજ છોકરાઓના મનમાં એક કોમ્પલેક્ષ આકાર લેવા માંડે અને તે નકારાત્મક વિચારો તરફ તેને ધકેલે. તેની અસર તેના ડેઈલી રૂટિન ઉપર પડે અને ભણવામાં પણ ખોટો પ્રભાવ પડે. આ જે માનસિક અને શારીરિક નકારાત્મક અસર થાય તેને બોડી ડીસ્મોર્ફિયા કહેવાય. વધુ પ્રોપર નામ છે મસલ ડીસ્મોર્ફિયા.જે ટિનેજ છોકરો મસલ ડીસ્મોર્ફિયાની અસર નીચે હોય એને પાતળો બાંધો અને સ્નાયુબદ્ધ શરીરની ઘેલછા હોય. આ ઘેલછા તેના વાણી, વર્તન, વ્યવહારમાં આડઅસર ઊભી કરે. તેનું મગજ ધીમે ધીમે બદલાતું જાય. તેની જિંદગીનો અગ્રતાક્રમ ખોરવાઈ જાય. તેનો સ્વભાવ ચીડિયો પણ થઈ શકે. આવી વ્યક્તિઓ આગળ જતાં વધુને વધુ સ્વકેન્દ્રી બની જાય. સર્વેક્ષણના આંકડા મુજબ ચોથા ભાગના છોકરાઓ અને પુરુષો બોડી બિલ્ડિંગની કોઈને કોઈ પ્રવૃત્તિમાં સંકળાયેલા હોય છે. અમેરિકામાં સાઠ ટકા છોકરાઓએ કબૂલ્યું કે સારું શરીર મેળવવા અમે અમારી રીતે જ ખોરાકમાં ફેરફાર કરીએ છીએ.

બોસ્ટન ચિલ્ડ્રન યુનિવર્સિટીના ડૉકટર ગેબ્રિયલ વર્ગાસે એક વેબસાઈટમાં આવું કહ્યું છે. ભલે બધા જ પુરુષો મસલ ડીસ્મોર્ફિયાના શિકાર નહીં હોય પણ તેમનું સીકસ પેક એબ વાળું બોડી બનાવની ઘેલછા તેમની અને તેમના પરિવારની જિંદગીને સારી કે ખરાબ રીતે પ્રભાવિત કરે છે.

હવે સિકસ પેક એબ વાળું બોડી સામાન્ય થતું જાય છે. પાંચેક વર્ષમાં બાળકના હેલોવિન કોસ્ચ્યુમમાં પણ પેડિંગ હોય છે અથવા તો સિકસ પેક એબ દોરેલા હોય છે. છોકરાઓના મનમાં સતત એ સંદેશો નાખવામાં આવે છે. કે તમારે પ્રોફેશનલ રેસલર જેવું બોડી બનાવવાનું છે.

# ગરમીના પ્રકોપ વચ્ચે શરીરમાં વધેલી ગરમીને કેવી રીતે દૂર કરશો

મગજમાં વધેલી ગરમીને દૂર કરવાના ઉપાયો ધ્યાન, યોગ અને અધ્યાત્મમાં છે, પણ શરીરમાં વધેલી ગરમીને દૂર કરવા ભારતીય આયુર્વેદ વિજ્ઞાન આપણી વહારે આવે છે.

વસંત પછી, આપણે ધીમે ધીમે ઉનાળાનો ઉદય અનુભવીએ છીએ. આ ઉનાળાની ઋતુના આગમનની નિશાની છે. અહીંથી તાપમાન વધવાનું શરૂ થાય છે અને ધીરે ધીરે તાપમાનનો પારો તેના ઉચ્ચ શિખરે પહોંચે છે, જે આજકાલ આપણે અનુભવી રહ્યા છીએ. આવી સ્થિતિમાં, જ્યારે બહાર ભીષણ ગરમી છે, ત્યારે શું તમે આ ગરમીમાં શરીરને સંતુલિત રાખવા માટે તૈયાર છો? પંખા, કુલર અને એ.સી. ચલાવવા સિવાય, શું તમારી પાસે તમારી જાતને શાંત, સંતુલિત અને કૂલ રાખવાનો કોઈ વિકલ્પ છે?

ટેક્નોલોજી તમને તમારા ઘર અથવા ઓફિસને અંદર ઠંડું રાખવામાં મદદ કરી શકે છે, પરંતુ અમુક સમયે તમારે બહારની ગરમીનો સામનો કરવો પડશે. કુદરતી ઉપચારના સૌથી પુરાતન આયુર્વેદ વિજ્ઞાન અનુસાર, જ્યારે બહારની ગરમી વધે છે, ત્યારે તેની સાથે સંતુલન કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે શારીરિક, માનસિક અને ભાવનાત્મક રીતે પોતાને અંદરથી ઠંડક રાખવાની રીતો શોધવી.

આયુર્વેદ અનુસાર પિત્ત એ શરીરના ત્રણ દોષોમાંથી એક છે. પિત્ત શરીરમાં પાચન શક્તિ અથવા અગ્નિને નિયંત્રિત કરે છે, જ્યારે પિત્ત નિયંત્રણ બહાર થઈ જાય છે, ત્યારે તે પેટની સમસ્યાઓનું કારણ બની શકે છે. પિત્તને તૈલીય, ગરમ અને હળવું ગણવામાં આવે છે. તે ગરમીના તણાવનું કારણ પણ બની શકે છે. ઉનાળામાં શરીર ડિહાઈડ્રેશન અનુભવે છે, આ સ્થિતિમાં ગરમી વધુ અનુભવાય છે. ઉનાળામાં મોટાભાગના લોકોને પેટની ગરમીનો સામનો કરવો પડે છે. ગરમીમાં શરીરને ઠંડક આપવા માટે પૂરતું પાણી પીવું જરૂરી છે.

ચાલો, જાણીએ એ સિવાયના કેટલાક સામાન્ય ઉપાયો જેનાથી આપણે આંતરિક ગરમીમાં રાહત મેળવી શકીએ.

સારા દિવસની શરૂઆત કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે ઠંડાં પાણીથી સ્નાન કરવું. સવારના પહોરમાં જે પ્રથમ વસ્તુ તમે કરો છો, તેમાનું એક સ્નાન છે, તેથી તેને શ્રેષ્ઠ બનાવો. ઠંડા પાણીથી સ્નાન કરો.

ફુદીનાનાં તાજાં અથવા સૂકાં પાન લો અને તેને અડધા કલાક સુધી ઉકાળો. હવે તેના પાણીને ગાળી લો અને ઠંડું થવા માટે રાખો. સ્નાન કર્યા પછી, આ પાણીને તમારા આખા શરીર પર લગાવો, ખાસ કરીને એવી જગ્યાએ જ્યાં તમને ખૂબ પરસેવો આવે છે. ફુદીનો ત્વચાને ઠંડી અને તાજી રાખે છે અને તમારા મનને પણ શાંતિ આપે છે.

આ સિવાય તમે સ્નાન દરમિયાન ગુલાબની પાંખડીઓ અથવા ગુલાબના અર્કમાંથી બનાવેલ તેલનો પણ ઉપયોગ કરી શકો છો. જો તમે ગુલાબની પાંખડીઓનો ઉપયોગ કરી રહ્યાં હો, તો તેને તમારા બાથટબમાં અથવા પાણીમાં આખી રાત પલાળી રાખો. ગુલાબ શરીર અને મનને તાજગીથી ભરી દે છે. તે ત્વચાને કોમળ, મુલાયમ અને ચમકદાર બનાવે છે.

## તંત્રી લેખ...

# કેનેડા અને વિશ્વમાં હિંદુઓ પર હુમલાઓ: જવાબદારી કોણ લેશે?


હાલના સમય દરમિયાન, હિંદુ ધર્મ પર થાયેલા ટાર્ગેટેડ હુમલાઓ એ ગંભીર ચિંતાનો વિષય બની ગયેલા છે. હવે કેનેડા પણ એ દેશોમાં સામેલ થઈ ગયું છે, જ્યાં ખાલિસ્તાની સમર્થકો દ્વારા હિંદુ મંદિરો અને હિંદુઓ પર આક્રમણ કરવામાં આવ્યા છે. આ હુમલાઓએ પુન:પ્રશ્ન ઊભા કર્યા છે, અને એ પ્રશ્ન છે કે આ પ્રકારની હિંસાનો જવાબ કોણ આપશે? હિંદુઓ પર ટાર્ગેટેડ હુમલાઓનો વિશ્વસનીય પરિપ્રેક્ષ્ય, દુનિયાભરમાં હિંદુઓ પર હુમલાઓના ઘણી ઘટના સામે આવી રહી છે, જેમાં મુખ્યત્વે ખાલિસ્તાની અને અન્ય અદી હેતુઓ ધરાવતા જૂથો સામેલ છે. ફક્ત ભારતના નફાટે જ નહીં, પરંતુ વિદેશમાં પણ હિંદુ મંદિરો પર હુમલાઓ થઈ રહ્યા છે. હાલના સમયમાં, કેનેડામાં ખાલિસ્તાની સમર્થકોના હુમલાઓએ ભારત સાથે રાપિત સંબંધોને વધુ કચડી દીધા છે. કેનેડામાં ખાલિસ્તાની હુમલાઓ: સરકારની મૌનતા, કેનેડા, જે એક આંતરરાષ્ટ્રીય મંચ પર સામાજિક અને ધર્મનિરપેક્ષ મંતવ્યો માટે ઓળખાતો છે, તાજેતરમાં અનેક હિંદુ મંદિરો પર ખાલિસ્તાની સમર્થકો દ્વારા કરવામાં આવેલા હુમલાઓને યોગ્ય પ્રતિસાદ ન આપી શક્યો. આ હુમલાઓ અંગે કેનેડાની સ્થાનિક પોલીસ પણ કોઈ આકરા પગલાં લેતી જણાઈ નથી. અનેક જાણકારી માટે, એવા વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા છે, જેમાં પાતળી સત્તાવાળાની બહાર તપાસ કરતા સમયે હિંદુ યુવાનો પર અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો છે. હિંદુ વાધી અને ભારતીય સરકારનો અભિગમ, આ ઘટના પર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કડક નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે ભારતની બહાર હિંદુઓ પર થયેલા હુમલાઓ પર સાવચેતી દાખલ કરી જવી જોઈએ. પરંતુ, જે રીતે ભારતીય સરકાર અને ભારતીય સંસદ તરફથી માત્ર એક નમ્ર નિવેદન આવે છે, તેવું લાગે છે કે આરક્ષિત ધર્મની મૌલિકતાઓની રક્ષા માટે તેમનું કામકાજ નક્કી નથી. ભવિષ્ય માટે રણનીતિ: શું આગળ આવશે? જ્યારે કેનેડા અને અન્ય દેશોમાં હિંદુઓ પર થતા હુમલાઓનો વિષય ઊઠતો જાય છે, ત્યારે શું આ વાસ્તવિકતાને સામે લાવવા માટે એક મજબૂત અને સંકલિત રણનીતિ જરુરી છે? હિંદુઓ અને ભારત સરકારે માત્ર એજ પરિપ્રેક્ષ્ય નહીં, પરંતુ વ્યૂહાત્મક રીતે આ પરિસ્થિતિ સાથે કેવી રીતે જીતી શકે તે વિચારવું જરૂરી છે. વિશ્વવ્યાપી દૃષ્ટિ: ન્યાયની જરૂરિયાત, આવું મનોવૈજ્ઞાનિક રીતે સમજાવવું કે, હવે માત્ર એક દેશના સ્તરે, પરંતુ વૈશ્વિક દૃષ્ટિકોણથી, ખાલિસ્તાની સમર્થકો, આતંકવાદી જૂથો અને ધર્મની તરફદારી કરનારા લોકો માટે યોગ્ય ન્યાય કરવામાં આવે તો જ એક શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સશક્ત સમાજનો નિર્માણ કરી શકાશે.

## ભારતીય ક્રિકેટ ટીમનો ન્યૂઝીલેન્ડ સામેનો પરાજય

ન્યૂઝીલેન્ડ સામે ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝમાં જે રીતે ભારતીય ટીમને વ્હાઈટવોશનો સામનો કરવો પડ્યો, તે ચોક્કસ શરમજનક છે. આ પરાજય ભારતીય ટીમના પ્રતિષ્ઠાને ખોટો બનાવતો છે, અને એ વિશેષ કરીને તેમાં વધુ ખલેલ પડે છે કારણ કે આ પહેલીવાર છે, જ્યારે ભારતીય ટીમને બે અથવા વધુ મેચોની સિરીઝમાં એવી રીતે પરાજય મળ્યો હોય. બેથી વધુ પ્રવાસી ટીમો સામે ભારતીય ક્રિકેટના પ્રદર્શન પર સવાલો ઊભા થયા છે, ખાસ કરીને ન્યૂઝીલેન્ડ જેવી ટીમના હાથથી આ રીતે હાર ખાવાનો મુદ્દો વધુ પ્રકટ થયો છે. કોઈ પ્રતિસાદ કે વિરોધ ન મળતા પરાજયના કારણો, મુખ્ય વાત એ છે કે, આ મેચોમાં ભારતીય બેટ્સમેન સ્પિન બોલિંગ સામે બહેંત મુશ્કેલીઓનો સામનો કરે હતા. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સામે આ રીતે કાર્યક્ષમ પ્રદર્શન ન થવું એ ખૂબ જ ચિંતાનો વિષય છે. ઘણા સમયથી વનડે અને ટી-૨૦માં ભારતીય ટીમની શ્રેષ્ઠતા પર ભાર મુકવામાં આવ્યો છે, પરંતુ ટેસ્ટ મેચોમાં તે આવું દેખાવ નહીં પ્રદાન કરી રહી છે. ટીમના વરિષ્ઠ ખેલાડીઓની નિષ્ફળતા, આ પરાજય માટે સંપૂર્ણ ટીમ જવાબદાર છે, પરંતુ ખાસ કરીને રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા વરિષ્ઠ ખેલાડીઓ, જે પરિસ્થિતિની લાગણી અનુભલ્યા વગર જવાબદારી લઈ શક્યા, તે વધુ સવાલો ઊભા કરે છે. આ નામચીન ખેલાડીઓ અને સિનિયર પ્લેયરોની નિષ્ફળતા, ટીમના બીજા ખેલાડીઓ પર પણ નકારાત્મક અસર પાડે છે. કોચ ગૌતમ ગંભીરનું કાર્ય પણ દ્રષ્ટિ પર છે, કેમ કે તેમણે ઘરે હોય તેવા અનુકૂળ પરિસ્થિતિઓમાં ટીમને પ્રેરિત કરી શક્યા નહીં. કૃતિશીલતા અને IPL નો દુષ્પ્રભાવ, આ વિફળતા ન માત્ર ખેલાડીઓની પરફોર્મન્સ અંગે, પરંતુ આઈપીએલના વધતા પ્રભાવ અને પ્રાથમિકતા પર પણ પ્રશ્નો ઉભા કરે છે. IPL એ ભારતીય ક્રિકેટને અને ખાસ કરીને વરિષ્ઠ ખેલાડીઓને વધુ ટાઈટ મશીન જેવી મહત્ત્વ આપવામાં સક્ષમ બનાવ્યું છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટેનો યોગ્ય અભ્યાસ અને તૈયારી પર તેની નકારાત્મક અસર પડી રહી છે. ભારતીય ખેલાડીઓ હવે આઈપીએલ પર વધુ કેન્દ્રિત રહેતાં, પ્રથમ શ્રેણીના ક્રિકેટમાં પોતાના કૌશલમાં સુધારાને મૂકો રહ્યા છે. ટેસ્ટ ક્રિકેટ માટેના આકસ્મિક અભિગમ, નવી જેઉટ માટે એક વિકટ માર્ગ ઉભો થયો છે. જો ભારત પોતાની ટીમને વધારે આરોગ્યદાયક, સ્વસ્થ અને સફળ બનાવવા માંગે છે, તો તેને ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટ પર વધુ ધ્યાન આપવું પડશે. આ માટે, ક્રિકેટ બોર્ડ અને કોચિંગ સ્ટાફને સમજાવવું પડશે કે આઈપીએલ અને ટી-૨૦ના ઉત્સાહમાં, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મૅચ માટે વધુ તૈયારી અને વર્તનનો અભ્યાસ કરવો છે. આંતરરાષ્ટ્રીય મંચ પરનું ભારતનું પ્રતિષ્ઠા ખોટવું, આ પરાજય પછી, વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ માટેના ચિંતાઓ વધુ ઉભા થયા છે. હવે, ભારતની એન્ટ્રી માટે કેટલીક ગંભીર મુશ્કેલીઓ આવી રહી છે, અને આ સિરિઝમાં જે પ્રકારના નકારાત્મક પરિણામ આવ્યા છે, તેના કારણે વિશ્વની સામે ભારતની સ્થિતિ વધારે નબળી બની રહી છે. ભારતીય ક્રિકેટ માટેની ભવિષ્યની યોજનાઓ, જ્યાં સુધી ભારતના પરફોર્મન્સનું પ્રશ્ન છે, તે માટે એક પ્રત્યક્ષ અને સંકલિત યોજના બનાવવાની જરૂર છે. IPL અને ટી-૨૦ ના ફોકસ સાથે, ભારતીય ટીમને હવે વિદેશનાં કટ્ટર મેડિયાના પરિસ્થિતિઓમાં વધુ પરફોર્મન્સ લાગણીઓ પૂરી પાડવી પડશે. એમાં ખેલાડીઓની કોચિંગ અને ટીમ વ્યુહની વ્યવસ્થાને સુધારવાનું હશે. વિશ્વમાં ભારતના ક્રિકેટ પ્રદર્શન માટે આશાઓ, ભારતીય ક્રિકેટના આગલાં વર્ષોમાં એ જ આકાંક્ષાઓ આવી રહી છે, જે ચિંતાઓ માટે પ્રશ્ન પુછવામાં આવી રહી છે. જો ભારતીય ક્રિકેટ ટીમ ભારતીય સ્તરે પોતાના પરફોર્મન્સને અસરકારક રીતે સુધારે, તો તે ભવિષ્યમાં વધુ સારો પરિચય આપી શકે છે.

**હે ઈશ્વર હૃદયમાં મિત્રતાના ભાવ બનાવી રાખજે, અથવા તો સંવેદન વહેતુ રહે એવું કરજો, જેથી કરીને સકલ વિશ્વ માટે મંગલ ભાવના બની રહે**

# મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, એ પ્રાર્થના થકી મૈત્રી ભાવથી વ્યવહારોની ઔપચારિકતા મિટાવી શકાય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણી ભોગ વિલાસિતા છોડવા માટેનો એકમાત્ર ઉપાય યોગ છે, એટલે કે અષ્ટાંગ યોગ તો છે જ, પરંતુ યોગનો મૂળ પ્રાથમિક અર્થ તો આત્માનું પરમાત્મા સાથેનું મિલન એટલે કે ઈશ્વરત્વ સાથેનું અકાટ્ય જોડાણ, એટલે જો સાચા અર્થમાં અને મનથી પ્રાર્થનાનો પ્રયોગ બહોળા પ્રમાણમાં થાય તો કંઈક સકારાત્મક પરિણામ મળશે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દિવાળીના તહેવારોમાં બધાંએ પોતપોતાની રીતે ખૂબ આનંદ કર્યો! જોકે આનંદ કરતાં મોજ શબ્દ વધુ યોગ્ય છે. કારણકે આજના સમાજની સૌથી મોટી કોઈ સમસ્યા એ છે કે એકબીજાનાં વ્યવહારમાં ઓપચારિકતા આવી ગઈ છે, અને અંદરોઅંદર એકબીજા પ્રત્યે જોઈએ એટલી સદભાવના દાખવી શકતા નથી, અને એને કારણે દંભ કે પ્રંપચનાં વમળોમાં જીવન પસાર થાય છે. બીજું ઈશ્વરને કોઈ દુઃખ કે કપરી પરિસ્થિતિ વગર યાદ કરતા નથી, હા પૂજાનો કે વ્રત ઉપવાસનો નિયમ એક ક્રિયા રૂપે જરૂર પૂરો થાય છે, પણ એની સાથે જોઈએ તેટલું તાદમ્ય કેળવી શકાતું નથી. એને કારણે જ્યારે દુઃખ આવે ત્યારે માનવીને ઈશ્વર યાદ આવે છે, અને પોતાની સમસ્યાના રોદણાં રડવા એ ઈશ્વર પાસે પહોંચી જાય છે. એટલે કે તન કે મન બંને રીતે એ ત્યારે જ ઈશ્વર સન્મુખ થાય છે, અને એને પ્રાર્થના નામ આપી દે છે. જ્યારે પ્રાર્થના તો શુભ મંગલ માટેનું ગાન છે, એમાં વ્યક્તિગત સમસ્યાઓને સ્થાન નથી. ઉપરાંત એમાં પણ અહમ કે દંભના પગરખા બહાર કાઢીને આત્મ નિવેદન થતું નથી, એટલે ઈશ્વરત્વ એટલું અનુભવાતું નથી. સાચો આનંદ પ્રાપ્ત થતો નથી, એટલે ભોગ છૂટતા નથી. આપણી ભોગવિલાસિતા છોડવા માટેનો એકમાત્ર ઉપાય યોગ છે, એટલે કે અષ્ટાંગ યોગ તો છે જ, પરંતુ યોગનો મૂળ પ્રાથમિક અર્થ તો આત્માનું પરમાત્મા સાથેનું મિલન એટલે કે ઈશ્વરત્વ સાથેનું અકાટ્ય જોડાણ. એટલે જો સાચા અર્થમાં અને મનથી પ્રાર્થનાનો પ્રયોગ બહોળા પ્રમાણમાં થાય તો કંઈક સકારાત્મક પરિણામ મળી શકે, અને આપણે એટલે જ દર ગુરૂવારે ચાલો પ્રાર્થના કરીએ અંતર્ગત પ્રાથમિક શાળાના એ પ્રાર્થના ખંડમાં પહોંચી ને નાના બાળક જેવા નિખાલસ અને નિર્દોષ બનીને સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી કરવા કોશિશ કરીએ છીએ. પ્રાર્થના માટેની એક જ લાયકાત છે, અને તે છે ભાવ શુદ્ધી અથવા તો હૃદયની નિર્મળતા, અને આવી જ એક હૃદયને નિર્મળ બનાવનારી પ્રાર્થના આપણે સૌએ શાળાના સમયમાં વર્ગ ખંડમાં ગાયેલી છે, ચિત્રભાનુ મહારાજની એ પ્રાર્થના વિશે આજે આપણે વાત કરીશું.

**ચિત્રભાનુ મહારાજ**

**મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના**
**નિત્ય રહે**
**ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે**
**આ સંતોના ચરણ કમલમાં મુજ જીવનનું**
**અર્ધ્ય રહે**
**દીન ક્રૂર ને ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે**
**કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ**
**સ્રોત વહે**
**માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા**
**ઊભો રહું**
**કરે ઉપેક્ષા એ મારગની તો પણ સમતા**
**ચિત્ત ધરું**
**મૈત્ર્યાદિ આ ચાર ભાવના હૈયે ગુણી**
**જન જે લાવે**
**વેરઝેરના પાપ તજું ને મંગલ ગીતો એ ગાવે**
**મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી**
**ભાવના નિત્ય રહે.**

જૈન ધર્મના બહુ મોટા ઉપાસક અને વિદેશ સુધી જૈન ધર્મનો પ્રચાર કરવાવાળા, અથવા વિદેશમાં જૈન ધર્મની સ્થાપના કરાવનાર, ચિત્રભાનુ મહારાજ ની આ રચના છે, અને લગભગ બધા જ તેને વિશે જાણે છે.તેને ગાવાથી પણ ખૂબ જ સારા ભાવ મહેસૂસ થાય છે, તો કવિની આ રચના કક્ષાએ શબ્દાનુભૂતિની પરાકાષ્ઠાએ રહી હશે. હિન્દુ, જૈન, મુસ્લિમ, શીખ, ઈસાઈ, એ બધા જ ધર્મ ખૂબ જ મહાન છે, અને દરેકે દરેક માનવતા શીખવાડે છે. પરંતુ જૈન ધર્મ એક એવો ધર્મ છે, જેમાં માનવતાની સાથે-સાથે અહિંસાને પણ બહુ મોટા ગુણ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, અને આપણે બધા જ જાણીએ છીએ, કે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી પણ જૈન હોવાથી, તેમણે અહિંસાની લડત આપીને આપણને સ્વરાજ્ય અપાવ્યું છે. ચિત્રભાનુ મહારાજે બહુ નાની ઉંમરમાં જૈન દીક્ષા ગ્રહણ કરી હતી, અને ખૂબ આકરી તપસ્યા કરી, અને ધર્મના મર્મ સુધી તેઓ પહોંચ્યા હતા. એક વાત તો બહુ સ્પષ્ટ છે કે જીવનમાં વિશેષ કર્મ કરવું, એ દરેકના બસની વાત નથી. પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ તો અહીં સૌ કરતાં હોય છે, અને આમ જુવો તો જીવ સૃષ્ટીનો દરેક જીવ તે કરે છે, એમ પણ કહી શકીએ. પરંતુ માનવીની ઘણી લાક્ષણિકતાઓ છે, અને ઈશ્વરે પણ માનવ તરીકે જન્મ આપ્યો છે તો આપણે કંઈક કરવું ઘટે, કદાચ ન થાય તો જેણે કર્યું હોય તેને વંદન કરીએ તો પણ જીવન સુધરી જાય છે. તો આપણે આજે ચિત્રભાનુ મહારાજની રચના ગાઈને ભાવને શુદ્ધ કરી શકીએ છીએ. હૈયામાં મૈત્રીનું ઝરણું વહાવી શકીએ છીએ, એટલી એ શબ્દોની તાકાત છે. શાસ્ત્ર શસ્ત્ર કરતાં પણ વધુ ધારદાર અને અસરકારકતા સાબિત થાય છે. સ્વયં ઈશ્વરની મરજી હોય, તો જ આ બધું શક્ય છે. માટે આવા દરેક વંદનીય મહાપુરુષનું જ્યારે જ્યારે સ્મરણ થાય ત્યારે તેની એ કક્ષાને વંદન કરી લેવાથી પણ જીવન સરળ બને છે. હે ઈશ્વર હૃદયમાં મિત્રતાના ભાવ બનાવી રાખજે, અથવા તો સંવેદન વહેતુ રહે એવું કરજો. જેથી કરીને સકલ વિશ્વ માટે મંગલ ભાવના બની રહે, પુરા વિશ્વમાં કોઈ પારકું ન હોવાનો ભાવ થાય, એટલે કે વસુધૈવ કુટુંબની ભાવના અંતરમાં વહે ત્યારે જ આપણે બીજાનું પણ શુભ વિચારી શકીએ છીએ.અહમ ને ભૂલીને અન્યના ગુણ દર્શન કરી શકું એવી દ્રષ્ટિ આપજો, તથા એવી વ્યક્તિ દેખાય તો હૈયું નૃત્ય કરે, અથવા રાજી થઈ જાય, એવા ગુરુજનો અથવા તો ગુણવાન વ્યક્તિના ચરણમાં બેસી જીવન પસાર થાય. સમાજમાં દિન, હિંસક, એટલે કે ક્રૂર અને ધર્મ હીન બની જીવનારા લોકોને જોઈને, દિલમાં દર્દ થાયને આંખ માંથી એના પ્રત્યે કરુણા વહે. જીવનના માર્ગ એટલે કે સચ્ચાઈ ને ઈમાનદારીની રાહ પરથી જે ભટકી ગયા હોય તેને સચ્ચાઈની રાહ દેખાડવા ધૈર્ય પૂર્વક ઉભો રહું, ઉપેક્ષા કરે તોય ચિત્તમાં સમભાવ રાખી શકું.મૈત્રીના ચારેય ગુણ હૈયામાં ધરી ગુણીજનની જેમ વેરઝેરના ભાવ ત્યજીને વિશ્વ મંગલના ગીત ગાઉં. આપણે સૌ પણ બાળક બનીને આ પ્રાર્થનાનું ગાન કરીને કવિની હ્દયતમ ઈચ્છા પ્રમાણે હૈયામાં મૈત્રીના ભાવ ભરી જીવીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**જલારામ બાપાનો જન્મ દિવસ કે જન્મ જયંતિ કારતક સુદ સાતમના દિવસે ઉજવવમાં આવે છે, દિવાળી પછી સાતમના દિવસે આ તહેવાર આવે છે**

# 'આપો ટુકડો તો હરિ ઢુંકડો' મહામંત્ર આપનાર પરમ પૂજ્ય જલારામ બાપાની રરપમી જન્મ જયંતી ભજન સત્સંગ કરીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સંત શ્રી જલારામ બાપાનો જન્મ ઇ.સ. વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમે લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તે ભગવાન રામના ભક્ત હતા. જલારામ બાપાને ગૃહસ્થ જીવન કે પોતાના પિતાનો વ્યવસાય સ્વીકરારવામાં કોઈ રસ નહોતો. તેઓ હંમેશા યાત્રાળુઓ, સંતો અને સાધુઓની સેવામાં રોકાયેલા રહેતા. તેઓ પોતાના પિતાથી છૂટા થઈ ગયા અને તેમના કાકા વાલજીભાઈએ યુવાન જલારામ અને તેમની માતાને પોતાને ઘેર રહેવા સૂચવ્યું.**

જલારામ બાપાનો જન્મ દિવસ હિંદુ માસ કારતકના શુક્લ પક્ષની સાતમે જલારામ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે.તે દિવાળીના સાતમા દિવસે આવે છે. કારતક સુદ સાતમને આઠમી નવેમ્બરના શુક્રવારે જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવશે જેને લઈ લોહાણા સમાજમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. આ દિવસે ભક્તોને પ્રસાદના રૂપમાં ભોજન પીરસવામાં આવે છે. વીરપુર શ્રી જલારામ બાપાના દર્શનાર્થે ભક્તોના ટોળા ઉમટે છે. વિશ્વભરના તમામ જલારામ બાપા મંદિરોમાં આ દિવસે પાઠ, આરતી અને પ્રસાદ સાથે પૂજા કરવામાં આવે છે. બધા જલારામ મંદિરો દ્વારા ગરીબો માટે કપડાં, પુસ્તકો, કુદરતી ઉત્પાદનો અને ઘણું બધું જેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ભયંકર ખાદ્ય સંકટથી પીડાતા લોકોને જલારામ બાપા એ ખૂબ મદદ કરી હતી.જલારામ બાપાના મહાન સંત હતા. તેમનો જન્મ વર્ષ ૧૭૯૯માં ગુજરાતના રાજકોટ જિલ્લામાં આવેલા વીરપુર ગામમાં થયોહતો તેમના પિતાનું નામ પ્રધાન ઠક્કર અને માતાનું નામ રાજબાઈ હતું.જલારામ બાપાના માતા ધાર્મિક મહિલા હતા, જેઓ સાધુ સંતોની સેવા કરતા હતા. તેમની સેવાથી ખુશ થઈને સંત રઘુવીર દાસે તેમને આશીર્વાદ આપ્યા હતા કે તેમના બીજા પુત્ર જલારામ ભગવાનની ભક્તિ, સાધુ પ્રત્યેની ભક્તિ અને માનવ જાતની સેવાનું અનોખું ઉદાહરણ સ્થાપિત કરશે.તેણીના લગ્ન સોળ વર્ષની ઉંમરે વીરબાઈ સાથે થયા હતા, પરંતુ તેણીએ પોતાનું જીવન વૈવાહિક બંધનથી દૂર રાખ્યું હતું અને પોતાનું જીવન સેવામાં સમર્પિત કર્યું હતું. સમગ્ર વિશ્વમાં જલારામ બાપ્પાના ઘણા ભક્તો છે, જેઓ આ દિવસને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે અને દાન કરે છે. જલારામ બાપાનો જન્મ દિવસ કે જન્મ જયંતિ કારતક સુદ સાતમ ના દિવસે ઉજવવમાં આવે છે. દિવાળી પછી સાતમના દિવસે આ તહેવાર આવે છે. આ દિવસે જલારામના ભક્તો કે ભક્ત સમૂહો પ્રસાદ સ્વરૂપે લોકોને ભોજન ખવડાવે છે. આ દિવસે વીરપુરમાં મોટો મેળો ભરાય છે. આ દિવસે અહીં જલારામ બાપા ના દર્શન માટે ખીચડી અને બુંદી- ગાંઠીયાનો પ્રસાદ લેવા ભક્તોનો ધસારો થાય છે.આ દિવસે સમગ્ર ભારતમાં ફેલાયેલા સર્વ જલારામ મંદિરમાં ઉત્સવ ઉજવાય છે. સંત શ્રી જલારામ બાપાનો જન્મ ઈ.સ. વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમે લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તે ભગવાન રામના ભક્ત હતા. જલારામ બાપાને ગૃહસ્થ જીવન કે પોતાના પિતાનો વ્યવસાય સ્વીકરારવામાં કોઈ રસ નહોતો. તેઓ હંમેશા યાત્રાળુઓ, સંતો અને સાધુઓની સેવામાં રોકાયેલા રહેતા. તેઓ પોતાના પિતાથી છૂટા થઈ ગયા અને તેમના કાકા વાલજીભાઈએ યુવાન જલારામ અને તેમની માતાને પોતાને ઘેર રહેવા સૂચવ્યું. ૧૮૧૬ની સાલમાં સોળ વર્ષની ઊંમરે તેમના લગ્ન આટકોટના




પ્રાગજીભાઈ ઠક્કરની પુત્રી વીરબાઈ સાથે કરવામાં આવ્યાં. વીરબાઈ પણ ધાર્મિક અને સંત આત્મા હતા આથી તેમણે પણ જલારામ બાપા સાથે સંસારી વૃત્તિઓથી વિરક્ત રહી ગરીબો અને જરૂરિયાત મંદોની સેવાના કાર્યમાં ઝંપલાવી દીધું.વીસ વર્ષની વયે જલારામે આયોધ્યા, કાશી અને બદ્રીનાથની જાત્રાએ જવાનું નક્કી કર્યું ત્યારે પત્નિ વીર બાઈ પણ તેમની સાથે જોડાયા. ૧૮ વર્ષની ઉંમરે તેઓ ગુજરાતના ફતેહપુરના ભોજા ભગતના અનુયાયી બન્યા. ભોજા ભગતે તેમને ''ગુરુ મંત્ર'', માળા અને શ્રી રામનું નામ આપ્યું. તેમના ગુરુના આશીર્વાદથી તેમણે 'સદાવ્રત'ની શરૂઆત કરી. સદાવ્રત એ એવું સ્થળ છે કે જ્યાં સાધુ-સંતો અને જરૂરિયાતમંદ લોકોને વર્ષના બારે મહિના અને ચોવીસ કલાક ભોજનની વ્યવસ્થા આપવામાં આવે.એક દિવસ એક સાધુ ત્યાં આવ્યાં અને તેમને રામની મૂર્તિ આપી અને ભવિષ્ય વાણી કરી કે નજીકના ભવિષ્યમાં હનુમાનજી ત્યાં આવશે. જલારામે તે રામની મૂર્તિની ત્યાં પરિવારના ભગવાન તરીકે સ્થાપના કરી અને તેના થોડા દિવસ બાદ જમીનમાંથી સ્વયંભૂ હનુમાનની મૂર્તિ મળી આવી. આ સાથે ત્યાં સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ પણ સ્થાપિત કરવામાં આવી છે. આ સ્થળેથી કોઈ પણ ભોજન લીધા સિવાય પાછું નથી જતું. આ બધુ કાર્ય જલારામે શરૂઆતના વર્ષોમાં પોતાની પત્ની વીરબાઈ માના સહયોગથી અને પછી એકલે હાથે સંભાળ્યું. બાદના વર્ષોમાં ગામ વાળાઓએ પણ આ સેવા ના કાર્યમાં સંત જલારામને સહ યોગ આપ્યો. એમ માનવામાં આવે છે કે તેમની પાસે રહેલા ચમત્કારી અક્ષયપાત્રને કારણે અન્નની કદી ખોટ થતી નહીં.ત્યાર બાદ થોડા સમયમાં એક અવતારી પુરુષ તરીકે તેમની ખ્યાતિ પ્રસરી. વીરપુર આવતા દરેક વ્યક્તિને નાતજાત કે ધર્મના ભેદ વગર બાપા દ્વારા ભોજન અપાતું. આજે પણ ગુજરાતના વીરપુરમાં ભોજન આપવાની આ પરંપરા ચાલુ છે. એક સમયે હરજી નામના એક દરજી તેમની પાસે પિતાના પેટના દરદની ફરિ યાદ લઈને ઈલાજ માટે આવ્યા. જલારામે તેમના માટે પ્રભુ પાસે પ્રાર્થના કરી અને તેમનું દર્દ શમી ગયું.આમ થતા તેઓ સંત જલા રામના ચરણે પડી ગયા અને તેમને''બાપા'' કહી સંબોધ્યા. ત્યારથી તેમનું નામ જલારામ બાપા પડી ગયું. આ ઘટના પછી લોકો તેમની પાસે પોતાની વ્યાધિઓના ઈલાજ માટે અને અન્ય દુઃખો લઈને આવવા લાગ્યાં. જલારામ બાપા ભગવાન રામ પાસે તેમના માટે પ્રાર્થના કરતા અને લોકોનાં દુઃખ દૂર થઈ જતાં. હિંદુ તેમજ મુસલમાન બંને ધર્મના લોકો તેમના અનુયાયીઓ બન્યા. ૧૮૨૨માં જમાલ નામના એક મુસલમાન વ્યાપારીનો પુત્ર બિમાર પડ્યો, દાક્તરો -હકીમોએ તેના સાજા થવાની આશા મૂકી દીધી હતી. તે સમયે હરજીએ જમાલને પોતાને મળેલા પરચાની વાત કરી. તે સમયે જમાલે પ્રાર્થના કરી કે જો તેમનો પુત્ર સાજો થઈ જશે તો તેઓ જલારામ બાપાના સદા વ્રતમાં ચાલીસ મણ અનાજ દાન કરશે. તેમનો પુત્ર સાજો થતા જમાલ ગાડું ભરીને અનાજ લઈને જલારામ બાપાને મળવા ગયા અને કહ્યું ''જલા સો અલ્લાહ''. એક સમયે સ્વયં ભગવાન એક વૃદ્ધ સંતનું રૂપ લઈને આવ્યાં અને કહ્યું કે તેમની સેવા માટે જલારામે પોતાની પત્ની વીરબાઈ મા તેમને દાન કરી દેવી. જલારામે વીરબાઈ સાથે મસલત કરી અને તેમની રજા મળતા તેમણે વીરબાઈને સંતની સેવા માટે મોકલી આપ્યાં. પણ અમુક અંતર ચાલીને જંગલ માં પહોંચતા સંતે વીરબાઈ માને ત્યાં થોભીને રાહ જોવાનું કહ્યું. તેણીએ ત્યાં રાહ જોઈ પણ તે સંત પાછા ન આવ્યા. તેથી ઉલટું આકાશવાણી થઈ કે આ તો માત્ર દંપતિની મહેમાનગતિ ચકાસવાની પરીક્ષા હતી.તે સંત ગયાતે પહેલા તેઓ વીરબાઈ મા પાસે એક દંડો અને ઝોળી મૂકતાં ગયાં હતાં. વીરબાઈ મા ઘરે આવ્યાં અને જલારામબાપાને આકાશ વાણી, દંડા અને ઝોળીની વાત કરી. આ દંડો અને ઝોળી વીરપુર માં કાચની પેટીમાં પ્રદર્શન માટે મૂકેલા છે. જલારામ બાપાનું મુખ્ય સ્મારક રાજ્યના રાજકોટના ગોંડલ શહેર નજીક વીરપુરમાં આવેલું છે. આ સ્મારક તે જ ઘર છે જ્યાં જલારામ બાપા તેમના જીવન કાળ દરમ્યાન રહેતાં હતાં. તેને તેના મૂળ સ્વરૂપે સાચવવામાં આવ્યુંછે. આ સ્મારકમાં જલારામ બાપા દ્વારા વાપરવામાં આવેલી વસ્તુઓ અને તેમના દ્વારા પૂજાતી રામ સીતા લક્ષ્મણ અને હનુમાનની મૂર્તિઓ મૂકવામાં આવી છે. અહી સ્વયં પ્રભુ દ્વારા અપાયેલી ઝોળી અને દંડો પણ જોઈ શકાય છે. પણ અહીંનું મુખ્ય આકર્ષણ છે જલારામ બાપાનો ફોટોગ્રાફ, જે જલારામ બાપાના જીવતા લેવાયેલો એક માત્ર ફોટો છે. જે જલારામ બાપાના મૃત્યુના એક વર્ષ પહેલાં બ્રિટીશ ફોટોગ્રાફર દ્વારા લેવાયેલો છે.અહીં ભક્તોએ ભૂતકાળમાં એટલું બધું દાન આપ્યું છે કે ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ પછી અહીં ભક્તો પાસેથી દાન લેવામાં આવતું નથી.આ ભારતનું એકમાત્ર એવું દેવસ્થાન છે કે જે કોઈપણ જાતનું દાન લેતુ નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત.. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ ૪૭મા રાષ્ટ્રપતિ બન્યા.જયજલારામ બાપા સૌની મનોકામના પૂરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### ફિલ્મનું ટીઝર રિલીઝ કરી દેવામાં આવ્યું

# અજય દેવગનનો ભાણેજ અમન દેવગન બોલીવુડમાં એન્ટ્રી કરશે

કેદારનાથ, આશિકી, કાઈ પો છે સહિતની ફિલ્મો બનાવનાર અભિષેક કપૂર વધુ એક નવી ફિલ્મ લાવી રહ્યા છે. આ ફિલ્મ તે અજય દેવગન સાથે બનાવી રહ્યા છે. જેનું નામ આઝાદ છે. આ ફિલ્મ ખૂબ જ ખાસ છે કારણ કે આ ફિલ્મથી બે સ્ટારકીડ ડેબ્યૂ કરી રહ્યા છે. આ ફિલ્મથી રવીના ટંડનની દીકરી રાશા થડાની અને અજય દેવગનનો ભાણેજ અમન દેવગન બોલીવુડમાં એન્ટ્રી કરશે. આ ફિલ્મનું ટીઝર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. અભિષેક કપૂરની આ બિગ સ્ક્રીન એડવેન્ચર ફિલ્મમાં ન્યુ કમર સાથે અજય દેવગન પણ દમદાર ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં રાશાથી લઈને અમન દેવગનનો અલગ જ લૂક જોવા મળશે. અભિષેક કપૂર આઝાદ ફિલ્મ થી અમન દેવગન અને રાસા થડાની ને ઈન્ટરોડ્યુસ કરવા જઈ રહ્યા છે. આ ટિઝરમાં અજય દેવગન એક યોદ્ધાની ભૂમિકામાં જોવા મળે છે. આ ફિલ્મમાં ડાયના પેન્ટી પણ જોવા મળશે. આ ટીઝરને જોઈને લાગે છે કે આઝાદ ફિલ્મ એક એક્શન, ડ્રામા અને રોમાંચથી ભરપૂર ફિલ્મ હશે. આ ફિલ્મના ટીઝરની શરૂઆત હલ્દી ઘાટીના યુદ્ધ થી થાય છે. એક તરફ મહારાણા પ્રતાપ ની સેના તો બીજી તરફ મુગલ બાદશાહ અકબરની સેના હોય છે. ફીઝરમાં અમન દેવગન પણ યોદ્ધા તરીકે જોવા મળે છે. ફિલ્મમાં રાશા એન્ટ્રી પણ દેખાડવામાં આવી છે. આ ફિલ્મ જાન્યુઆરી ૨૦૨૫ માં રિલીઝ થવાની છે. આઝાદ ફિલ્મમાં અજય દેવગન, અમન દેવગન, રાસા થડાની સહિત મોહિત મલિક, પિયુષ મિશ્રા, ડાયના પેન્ટી પણ જોવા મળશે. આ ફિલ્મને રોની સ્ક્રૂ વાલાએ પ્રોડ્યુસ કરી છે. જેના કો પ્રોડ્યુસર અભિષેક કપૂર પણ છે.




# પુષ્પા-૨ ની રીલિઝની તડામાર તૈયારીઓ, છ શહેરોમાં ઈવેન્ટ થશે

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'પુષ્પા ટૂ' આગામી પાંચમી ડિસેમ્બરે રીલિઝ થવાની છે. તેની રીલિઝ માટે અત્યારથી જ તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ છે. અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ પુષ્પા ટૂ આગામી પાંચમી ડિસેમ્બરે રીલિઝ થવાની છે આગામી દિવસોમાં જ ફિલ્મનું પ્રમોશન શરુ થઈ જશે. ૧૫ નવેમ્બરથી અલ્લુ અર્જુન અને રશ્મિકા મદાના પોતાની ફિલ્મને પ્રમોટ કરવા ૧૫ દિવસ સુધી અલગ-અલગ શહેરોમાં ફરશે. જેમાં પટણા, કોચ્ચિ, ચેન્નઈ, બેંગ્લુરુ, મુંબઈ અને હૈદરાબાદ સામેલ છે. પ ટણામાં કદાચ ટ્રેલર લોન્ચ કરાશે. આ ફિલ્મના પહેલા ભાગને હિંદી બેલ્ટમા જબ્બર સફળતા મળી હતી. તેમને ધ્યાને રાખીને પટણામાં ટ્રેલર રીલિઝનો નિર્ણય લેવાયો હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે, પુષ્પા ટુની રીલિઝ તારીખ આ પહેલા બે વખત બદલવામાં આવી છે. અર્જુન અને રશ્મિકાનું પ્રમોશન ટૂરનું ભરચક શિડયૂલ પહેલા આ ફિલ્મને ઓગસ્ટ મહિનામાં રજૂ કરવાની હતી પરંતુ પછીથી છ ડિસેમ્બરની તારીખ નક્કી કરવામાં આવી હતી. પરંતુ હવે આ ફિલ્મ આગલા દિવસે પાંચમી ડિસેમ્બરે રીલિઝ થશે. બીજી તરફ રશ્મિકાની જ ફિલ્મ 'છાવા' પણ તા. છઠ્ઠી ડિસેમ્બરથી રીલિઝ થઈ રહી છે.



# કુંવારા તો છોડો આ હિરોઈનોએ ત્રીજવરની સાથે કર્યા છે લગ્ન




**એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં ક્યારે કોઈનું બ્રેકઅપ થશે અને કોણ કોની સાથે લગ્ન કરશે તે કહેવું મુશ્કેલ છે**

બોલિવૂડ સેલેબ્સની લાઈફ હંમેશા હેડલાઈન્સમાં રહે છે. અહીં ઘણા સ્ટાર્સે બીજા લગ્ન કરીને પ્રેમ મેળવ્યો હતો, પરંતુ આજે અમે તમને એવી અભિનેત્રીઓ વિશે જણાવીશું જેઓ તેમના પતિની ત્રીજી પત્ની છે. આ યાદીમાં બોલિવૂડથી લઈને ટીવી જગતની અનેક સુંદરીઓના નામ સામેલ છે. તમે અફેયર એક નહીં ૧૦ કરી શકો તો કોઈ તમારી પર ટેગ લગાવતું નથી પણ અહીં ત્રીજી પત્નીનો ટેગ લાગે છે. બોલિવૂડમાં જ પૈસો મારો પરમેશ્વર છે. લોકપ્રિય ટીવી સીરિયલ 'અનુપમા'માં મુખ્ય ભૂમિકા ભજવીને ખૂબ જ લોકપ્રિયતા મેળવી રહેલી રૂપાલી ગાંગુલીએ વર્ષ ૨૦૧૩માં અશ્વિન કે વર્મા સાથે લગ્ન કર્યા હતા. આ દંપતીને એક પુત્ર પણ છે. અશ્વિન વર્માના આ ત્રીજા લગ્ન છે. એમની દીકરીએ આ અફેયરના ધજિયાં ઉડાવી દીધા છે. અશ્વિને રૂપાલી સાથેના લગ્ન પહેલાં બે લગ્ન કર્યા હતા અને તેના બીજા લગ્નથી તેને એક પુત્રી ઈશા વર્મા છે. ઈશાએ હાલમાં જ તેની સાવકી માતા રૂપાલી પર ઘણા આરોપો લગાવ્યા છે. જેના કારણે રૂપાલી ગાંગુલી હાલમાં ચર્ચામાં છે. બિપાશા બાસુએ બોલિવૂડમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. જોકે અભિનેત્રી થોડા વર્ષોથી મોટા પડદાથી દૂર છે. બિપાશાના અંગત જીવનની વાત કરીએ તો અભિનેત્રીએ વર્ષ ૨૦૧૬માં એક્ટર કરણ સિંહ ગ્રોવર સાથે લગ્ન કર્યા હતા. આ દંપતીને એક સુંદર પુત્રી પણ છે. તમને જણાવી દઈએ કે બિપાશા પહેલા કરણ સિંહે બે વાર લગ્ન કર્યા હતા અને બંને લગ્ન ટક્યા ન હતા. એટલે કે બિપાશા કરણની ત્રીજી પત્ની છે. ભૂલ ભુલૈયા ૩ની મંજુલિકા ઉર્ફે વિદ્યા બાલને ૨૦૧૧માં ફિલ્મ મેકર સિદ્ધાર્થ રોય કપૂર સાથે લગ્ન કર્યા હતા. વિદ્યા પહેલાં સિદ્ધાર્થ રોય કપૂરના બે લગ્ન કરી ચૂક્યો હતો. આવી સ્થિતિમાં આ અભિનેત્રી પર ત્રીજી પત્નીનો ટેગ લાગ્યો હતો. માન્યતા દત્ત પણ આ યાદીમાં સામેલ છે. માન્યતા સંજય દત્તની ત્રીજી પત્ની છે. માન્યતા સાથે લગ્ન કરતા પહેલા સંજય દત્તે પણ બે વાર લગ્ન કર્યા હતા. માન્યતા અને સંજય બે બાળકોના માતા-પિતા છે.

# સલમાનના "વન નાઈટ સ્ટેન્ડ"થી નારાજ હતી તેની પ્રેમીકા!

બોલિવૂડ અભિનેત્રી સોમી અલી તેના ભૂતપૂર્વ સલમાન ખાન વિશે સતત નિવેદનો આપી રહી છે અને જ્યારથી લોરેન્સ બિશ્નોઈએ તેને ધમકી આપી છે, ત્યારથી તે વધુ અવાજમાં આવી છે. આવી સ્થિતિમાં તેણે લોરેન્સ બિશ્નોઈને 'બોલિવૂડનો દાઉદ' પણ કહ્યો છે. આ સાથે સોમીએ ખુલાસો કર્યો હતો કે તેણે ૧૯૯૦ના દાયકામાં સલમાન ખાનની 'આઈ વન-નાઈટ સ્ટેન્ડ'ના કારણે બોલિવૂડ છોડી દીધું હતું અને તેના કારણે અભિનેત્રીની કારકિર્દી પણ ખતમ થઈ ગઈ હતી. તો ચાલો જાણીએ આ અંગે તેમણે શું કહ્યું. સોમી અલીએ પોતાના કરિયરની શરૂઆત ૧૯૯૩માં ફિલ્મ 'અંતા'થી કરી હતી, આથી અભિનેત્રીએ સલમાન ખાન સાથેની બેવફાઈના કારણે તેના સંબંધોનો અંત લાવ્યો હતો. જ્યારે એક Reddit યુઝરે તેને પૂછ્યું કે સલમાન સાથેના તેના સંબંધોમાં શું ખોટું થયું છે, તો સોનીએ લખ્યું, 'કારણ કે હું સલમાન સાથે એક નહીં પરંતુ ૮ નાઈટ સ્ટેન્ડથી કંટાળી ગયો હતો. આ ઉપરાંત, હું રોજિંદા ધોરણે શારીરિક અને મૌખિક રીતે દુર્વ્યવહારની પ્રશંસા કરતો નથી, હું તેના વન-નાઈટ સ્ટેન્ડથી કંટાળી ગયો હતો અને મેં મારો અભ્યાસ પૂરો કર્યો'. જ્યારે અલીને સલમાન ખાનની ભૂતપૂર્વ ઐશ્વર્યા રાય વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે જવાબ આપ્યો, 'ઐશ્વર્યા રાય એક અદ્ભુત વ્યક્તિ છે અને સલમાન સાથે તેની સાથે જે થયું તે મને ખૂબ જ ખરાબ લાગે છે'. જ્યારે એક યુઝરે તેને પૂછ્યું કે શું સલમાને ક્યારેય તેને માનસિક અને શારીરિક રીતે ટોર્ચર કર્યું છે, તો સોમીએ જવાબ આપ્યો, 'જો દિવાલો વાત કરી શકે! બળજબરીથી ગર્ભપાત!મારીનવલકથા/ સંસ્મરણની રાહ જુઓ!'. સોમીએ સલમાન ખાન સાથેના તેના સંબંધો અને તેની કારકિર્દી પર તેની અસર વિશે પણ ખુલાસો કર્યો અને સોમીએ ખુલાસો કર્યો કે તેણીને બોલીવુડની ઘણી ઓફરો મળી છે, પરંતુ તે તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ હતા જેણે કથિત રીતે ઘણી અડચણો ઊભી કરી હતી અને તેણીએ તેના ઘણા પ્રોજેક્ટ્સ અવરોધિત કર્યા હતા. સોમીએ કહ્યું કે તેણે આ ડરથી કર્યું કે કદાચ તે તેનું સત્ય જાહેર કરી દેશે.





**અભિનેત્રી સોમી અલીનો મોટો ખુલાસો**

### હૈદરાબાદમાં જ પરંપરાગત વિધિથી લગ્ન યોજાશે

# નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્ન



નાગા ચૈતન્ય અને શોભિતા ધુલિપાલા ૪ ડિસેમ્બરના રોજ હૈદરાબાદમાં લગ્ન કરવાના છે. વિશ્વસનીય મિડિયા સ્રોતો અથવા તેમના પીઆર ટીમ દ્વારા આવો કિસ્સો પ્રસિદ્ધ થશે, ત્યારે જ ચોક્કસ માહિતી મળશે. આ પહેલા એવો રિપોર્ટ હતો કે યુગલ જયપુરમાં ડેસ્ટિનેશન વેડિંગ કરશે, પરંતુ તાજેતરના અહેવાલો અનુસાર, હવે તેમણે લગ્ન કરવા માટે નાગાર્જુનના પરિવારના અન્નપુર્ણા સ્ટુડિયોને લગ્ન કરવા માટે પસંદ કર્યો છે. આ સ્ટુડિયોમાં એક ભવ્ય મંડપ તૈયાર કરવામાં આવશે. ૨૧મીઓક્ટોબરે શોભિતાએ પ્રી-વેડિંગ સેરેમનીની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. ઉલ્લેખનીય છે કે, નાગા ચૈતન્યના આ બીજાં લગ્ન છે. આ અગાઉ તે સામંથા રુથ પ્રભૂને છૂટાછેડા આપી ચૂક્યો છે. નાગા ચૈતન્ય અને શોભિતાએ ૮ ઓગસ્ટના રોજ હૈદરાબાદમાં સગપણ કર્યું હતું. જેની ઘોષણા નાગા ચૈતન્યના પિતા નાગાર્જુને સોશિયલ મીડિયા પર કરી હતી. નાગા ચૈતન્ય અને શોભિતાની મુલાકાત ૨૦૨૨માં એક પાર્ટીમાં થઈ હતી અને ત્યારથી તેઓ મિત્ર બની ગયા હતા અને પછીથી ડેટિંગ કરવા લાગ્યા હતા અને હવે લગ્ન કરી રહ્યા છે. જોકે પોતાના લગ્ન બાબતે નાગા ચૈતન્ય એને શોભિતા ધુલિપાલાએ સત્તાવાર રીતે કોઈ માહિતી આપી નથી. કેટલાક મિડિયા રિપોર્ટ્સ અનુસાર, નાગા ચૈતન્ય અને શોભિતા ધુલિપાલા ૪મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લગ્ન કરી શકે છે. આ અફવાઓ લગભગ ૨૦૨૩ ના અંતે પચાવા મંડાઈ છે, પરંતુ હજુ સુધી, નાગા ચૈતન્ય અને શોભિતા બંનેએ આ બાબતને જાહેર રીતે પુષ્ટિ કરી નથી. લગ્નની લાઈવ અપડેટ્સ માટે અત્યારે મેડિયા સ્રોતો પર છે, અને આ માહિતી સમર્થન મળ્યા વગર તેને ૧૦૦% પકડી શકવું મુશ્કેલ છે.


### પૂજા જોષી અનેમલ્હાર ઠાકરે આખરે લગ્નની જાહેરાત કરી દીધી

# મલ્હાર ઠાકર અને પૂજા જોશી લેશે મંગલ ફેરા



**'લગ્ન સ્પેશ્યલ' માં કપલની ભૂમિકામાં જોવા મળ્યા હતા**

ગુજરાતી ઈન્ડસ્ટ્રીનો સુપરસ્ટાર અત્યારે સૌથી મોસ્ટ બેચલર મલ્હાર ઠાકર હવે ફાઈનલી લગ્નના બંધનમાં જોડાવા જઈ રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી ગુજરાતી ફિલ્મના ચાહકોમાં એ વાત ચર્ચાનો વિષય બની હતી કે ગુજરાતી ફિલ્મના અભિનેતા મલ્હાર ઠાકર ટૂંક સમયમાં જ લગ્ન કરવાનો છે. જો જે તેમના લગ્નની અફવાઓ પણ ઘણા સમયથી ઉડી રહી હતી કે, તે ગુજરાતી એક્ટ્રેસ પૂજા જોશી સાથે લગ્ન કરવાનો છે. આ અફવાઓએ માર્કેટ એટલું ગરમ કર્યું હતું કે ફેન્સ રાજીના રેડ થઈ ગયા હતા. ત્યારે હવે ફાઈનલી મલ્હાર ઠાકર અને પૂજા જોશીએ ઓફિશિયલી આની જાહેરાત કરી દીધી છે અને તેઓ લગ્ન કરવા જઈ રહ્યા છે. ગુજરાતી ફિલ્મના અભિનેતા મલ્હાર ઠાકર કોની સાથે લગ્ન કરશે. તેવો પ્રશ્ન ઘણીવાર ચર્ચાયો હતો. આ અંગે અભિનેતાને આ અંગે સવાલો પણ પૂછવામાં આવ્યા છે, પણ ત્યારે અભિનેતાએ હંમેશા જવાબો આપવાનું ટાળ્યું છે. ત્યારે હવે દરેક ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકતા અભિનેતાએ જાહેરાત કરી દીધી કે તે જલ્દી જ લગ્ન કરી રહ્યા છે. ગુજરાતી ફિલ્મ અભિનેત્રી પૂજા જોષીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને જણાવી દીધું કે તે અને મલ્હાર ઠાકર લગ્ન ગ્રંથિથી જોડાશે. જણાવી દઈએ કે, પૂજા જોષી અને મલ્હાર ઠાકર બંનેએ સ્ક્રીન પર સાથે કામ કર્યું છે. મલ્હાર ઠાકર અને પૂજા જોષીએ સાથે એક વેબ સિરીઝ અને બે ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે સાથે વેબ સિરીઝ 'વાત વાતમાં' સિઝન વન અને ટૂમાં કામ કર્યું છે. જેમાં તેમની કેમેસ્ટ્રી ખુબ વખાણવામાં આવી હતી.



### પહેલી ફિલ્મ આવી એ પહેલાં જ સિક્વલ જાહેર થઈ ચુકી હતી

# 'સાલાર ૨'માં પ્રભાસ નહીં, માત્ર બાળકો જ હશે

**ખાસ તો પ્રભાસના જન્મ દિવસે આ ફિલ્મનું કામ શરૂ થઈ ગયું હોવાની ચર્ચા હતી**

પ્રભાસ અને પ્રશાંત નીલની 'સાલાર' બોક્સ ઓફિસ પર ઘણી સારી ચાલી હતી. આ ફિલ્મ રિલીઝ થઈ એ પહેલાં તેની સિક્વલની પણ જાહેરાત થઈ ગઈ હતી. પરંતુ ફિલ્મ રિલીઝ થયા પછી એવા ઘણા અહેવાલો આવ્યા હતા કે હવે સિક્વલ પડતી મુકાઈ છે. જોકે, પ્રભાસના જન્મ દિવસે કેટલાંક અહેવાલો અને મીડિયા એનાલિસ્ટના તારણો એવા આવી રહ્યા હતાં કે આ ફિલ્મના બીજા ભાગનું કામ ગુપચૂપ રીતે શરૂ થઈ ચૂક્યું છે. ખાસ તો પ્રભાસના જન્મ દિવસે આ ફિલ્મનું કામ શરૂ થઈ ગયું હોવાની ચર્ચા હતી. પરંતુ આ અંગે પ્રોડક્શન હાઉસ તરફથી કોઈ જાહેરાત ન થતાં લોકોને આશ્ચર્ય થયું હતું. પરંતુ હવે કેટલાંક એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે 'સાલાર'નું શૂટ શરૂ તો થઈ ગયું પરંતુ પ્રશાંત નીલ અને પ્રભાસ વિના જ. કેટલાક બાળકોના માત્ર સીન માત્ર ૪-૫ દિવસ માટે શૂટ કરવામાં આવ્યા હતા. હવે ડિરેક્ટર પ્રશાંત નીલ વિના કોઈ સીન કઈ રીતે શૂટ થઈ ગયા એ પણ પ્રશ્ન ઉઠે છે. પ્રભાસનું બધું જ ધ્યાન હાલ મારુથિની 'રાજાસાબ' અને હાનુ રાઘવપુડીની 'ફૌજી' પર છે. જ્યારે પ્રશાંત નીલ હાલ જુનિયર એનટીઆરની મોટા બજેટની ફિલ્મમાં વ્યસ્ત છે અને આ આખું વર્ષ તેનું શૂટિંગ ચાલશે. એનટીઆરની ફિલ્મ પુરી થાય પછી પ્રશાંત નીલ 'કેજીએફ ૩'નું કામ શરૂ કરશે. કારણ કે આ કામ શરૂ કરતાં પહેલાં યશને પણ 'રામાયણ' અને 'ટોક્સિક' બે ફિલ્મોનું કામ પુરું કરવાનું છે. તો આવનારા લગભગ ૩-૪ વર્ષ સુધી 'સાલાર'નું કામ શરૂ થાય તેમ લાગતું નથી.



# ભોજપુરી લોક ગાયિકા શારદા સિન્હાનું નિધન, દિલ્હી AIIMSમાં લીધા અંતિમ શ્વાસ

ભોજપુરી લોક ગાયિકા શારદા સિન્હાનું નિધન થયું છે. તેમણે દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમના ચાહકો માટે આ ખૂબ જ દુઃખદ સમાચાર છે. શારદા સિન્હાની તસવીર શેર કરતી વખતે તેમના નિધનના સમાચારની પુષ્ટિ તેમના પુત્ર અંશુમન સિન્હાએ કરી છે. પોતાના સુરીલા અવાજથી ચાહકોનું દિલ જીતનારા શારદા હવે કાયમ માટે મૌન થઈ ગયા છે. પરંતુ તેમનો અવાજ હંમેશા તેમના ચાહકોનું મનોરંજન કરશે અને તેની સાથે સિંગર દરેકની યાદોમાં જીવંત રહેશે. સોમવારે શારદા સિન્હાની તબિયત બગડવાના સમાચાર સામે આવ્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે તે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં વેન્ટિલેટર પર છે. તાજેતરમાં સમાચાર આવ્યા હતા કે શારદા તેમના પતિ બ્રિજકિશોર સિન્હાના નિધનથી આઘાતમાં છે. શારદા ઘણા દિવસોથી દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં દાખલ હતા. સોમવારે, ગાયકના પુત્ર અંશુમને તેમની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર લાઈવ જઈને તેની માતાના સ્વાસ્થ્ય વિશે અપડેટ આપ્યું હતું. અંશુમને કહ્યું હતું કે શારદા સિન્હાની હાલત ખૂબ જ ખરાબ છે. ડોકટરો પ્રયાસ કરી રહ્યા છે. અંશુમને એ પણ વિનંતી કરી હતી કે તેના તમામ ચાહકો તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે અને તેમના વિશે ખોટા સમાચાર ન ફેલાવે.



# દારૂબંધી સામેની લડાઈમાં પોતાનું જીવન ન્યોછાવર કરનાર બહાદુર અધિકારીને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પાઠવી શ્રદ્ધાંજલિ

## રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ દુઃખના આ સમયમાં સ્વ.જે. એમ.પઠાણના પરિવારની સાથે છેઃ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

દારૂબંધી સામેની લડાઈમાં પોતાનું જીવન ન્યોછાવર કરનાર બહાદુર અધિકારીને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ શ્રદ્ધાંજલિ પાઠવી છે. અવસાન પામનાર અધિકારીશ્રીના પરિવારજનોને સાંત્વના પાઠવતા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું છે કે, દુઃખના આ સમયમાં રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ તેમની સાથે છે.



સુરેન્દ્રનગર જિલ્લાના દશાડા-પાટડી માર્ગ ઉપર કઠાળા ગામ પાસે ગઈ કાલે મોડી રાત્રે સ્ટેટ મોનીટરીંગ સેલની ત્રણ ટીમો દારૂ ભરેલી શંકાસ્પદ ગાડી પકડવા માટે વોચ પર હતી તે દરમિયાન સ્ટેટ મોનીટરીંગ સેલના આશાસ્પદ અધિકારી PSI શ્રી જે.એમ.પઠાણને એક ટ્રેલર ચાલકે અડફેટે લઈ લીધા હતા. આ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ગવાયેલા શ્રી પઠાણને તાત્કાલિક એસ.એમ.સીની ટીમો સ્થાનિક આરોગ્ય કેન્દ્ર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન તેમને જીવ ગુમાવ્યો હતો.

ગુજરાત પોલીસે એક બહાદુર કર્મનિષ્ઠ અધિકારી ગુમાવ્યા છે. આ અકસ્માતમાં દુઃખદ અવસાન પામનાર શ્રી પઠાણના પરિવારમાં માતા-પિતા, પત્ની અને ૧૪ વર્ષીય દીકરી તથા ૭ વર્ષીય દીકરો એમ બે નાના સંતાનો છે. અવસાન પામેલા અધિકારીના પરિવારજનો પ્રત્યે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સંવેદના વ્યક્ત કરી સાંત્વના પાઠવી છે.

# ડાંગ જિલ્લાના આદિમ જૂથ સમુદાયને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓના લાભો અપાયા

। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

ભારત સરકાર દ્વારા આદિમ જૂથ સમુદાય (PVTG) ના લોકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભો આપી વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે ૨૩ ઓગષ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી બીજા તબકાનો PMJANMAN મહા અભિયાનનો પ્રારંભ કરાયો હતો. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આદિમજૂથની વસ્તી ધરાવતા ગામોમાં તમામ કુટુંબોને આવરી લઈ ૧૧ જેટલી સુવિધાઓ પુરી પાડવા માટે અંદાજીત રૂપિયા ૨૪ હજાર કરોડ જેટલા અંદાજીત ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.



જેમાં ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સો ટકા સિધ્ધિહાંસલથાયતેમાટેઆહવા,વઘઈઅનેસુબીર તાલુકાઓમાં વિવિધ કેમ્પો યોજી લોકો સુધી સરકારનીયોજનાઓનાલાભપહોચાડવાનોપ્રયાસ કરાયો હતો. ડાંગ જિલ્લાના ૧૭ ગામડાઓના કોટવાળીયા, કોલઘા, અને કાથોડી સમુદાયના ૬૯૬ કુટુંબોના પરીવારોને સરકારી યોજાનાઓના લાભો આપી મુખ્યધારામાં લાવવાનો પ્રસાય કરવામાં આવ્યો છે. ડાંગ જિલ્લા આહવા, વઘઈ અને સુબીર તાલુકામાં યોજાયેલ PM-JANMAN ફેઝ-૨ કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૫૨ લોકોને પાકા આવાસ અને વિજળીનો લાભ આપવામાં આવ્યો, તેમજ ૯૬૯ લોકોને જાતીના દાખલાઓ આપવામાં આવ્યા, ૧૭ લોકોને પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો. આ સાથે ૪૧ લોકોને આયુષ્યમાન કાર્ડ યોજનાનો પણ લાભ આપવામાં આવ્યો હતો.

આમ આદિમ જૂથ સમુદાયોને સરકારશ્રીની કુલ ૧૧ જેટલી વિવિધ યોજનાઓના લાભ આપી તેઓને મુખ્યધારામાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# હજારો ભક્તોની ઉપસ્થિતિમાં રાયસણના પંચેશ્વર મંદિરમાં શ્રી ગોવર્ધન પૂજા અને ભવ્ય અન્નકૂટ મહોત્સવ ઉજવાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

ગાંધીનગર ખાતે રાયસણ મેટ્રો સ્ટેશન સામે આવેલ શ્રી પંચેશ્વર મંદિરમાં આજે નૂતન વર્ષના પ્રથમ દિને શ્રી ગોવર્ધન પૂજા અને ભવ્ય અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું હતું .

સમગ્ર રાયસણ પંથકના ટીપી ૧૯ વિસ્તારમાં આવેલ એકમાત્ર એવા શ્રી પંચેશ્વર મંદિરમાં આજે વહેલી સવારે મંગળા આરતીથી જ દર્શનાર્થીઓની ભીડ ઉમટી પડી હતી. મંદિરમાં આજે શ્રી રામજી મંદિર, અંબાજી માતા, પંચેશ્વર મહાદેવ, રાધાકૃષ્ણ મંદિર., શ્રી મનેકામનાપૂર્ણ હનુમાનજી, શ્રી બળિયા દેવ, શિતળામાતા અને ઘોઘા મહારાજના મંદિરોમાં જુદા જુદા ૫૬ ભોગના ભવ્ય અન્કુટનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો હજારો ભાવિક ભક્તોએ દર્શન લાભ લીધો હતો.

આપ્રસંગે ગાંધીનગરનાં મેયર શ્રીમતી મિરાબેન પટેલ, શહેર ભાજપના મહામંત્રી શ્રી ગૌરાંગ પટેલ, શ્રી હરેશ પટેલ, જુદા જુદા સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપશ્થિત રહી અન્નકુટ અને અન્નકુટની આરતીનો દર્શન લાભ લીધો હતો.

# વલસાડના રોલા ગામના નિવૃત્ત શિક્ષકે રાષ્ટ્રીય માસ્ટર એથ્લેટિકમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યો

। (માહિતી) વલસાડ, તા.૬ ।

મહારાષ્ટ્રના નાસિક ખાતે યોજાયેલી રાષ્ટ્રીય માસ્ટર એથ્લેટીકમાં વેટરન્સની કેટેગરીમાં વલસાડ તાલુકાના ઓઝર ગામની માધ્યમિક શાળામાંથી નિવૃત્ત થયેલા અને રોલા ગામના રહીશ રમેશભાઈ એસ. પટેલે ભાગ લીધો હતો.



૬૫ વર્ષની કેટેગરીમાં ૧૦૦૦૦ મીટર દોડ એક કલાક અને ૦૧ મિનીટ તેમજ ૫૦૦૦ મીટરની દોડ ૨૮ મિનીટમાં પૂર્ણ કરી વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યુ હતું. વિજેતા રમશભાઈ પટેલને સિલ્વર અને બ્રોન્ઝ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, દિલ્હી, હરિયાણા અને વિદેશથી શ્રીલંકાના ખેલાડીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વિધાનસભા નાયબ દંડક વિજયભાઇ પટેલે લાભાર્થીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી ગૃહ પ્રવેશ કરાવ્યો

## છેવાડાના માનવીના ઘરનું સ્વપ્ન પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ રાજ્ય સરકાર - ડાંગના બોર્ડર વિસ્તારમાં આવેલ નકટીયાહનવત ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ઘરમાં ગૃહ પ્રવેશ


। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

પ્રધાનમંત્રી આવાસ યોજના થકી છેવાડાના માનવીના ઘરનું સ્વપ્ન પરિપૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ જણાવતાં વિધાનસભા નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ ડાંગના નકટીયાહનવત ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ઘરમાં ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. તારીખ ૩૧ મી નવેમ્બરના રોજ શ્રી વિજયભાઈ પટેલે સુબીર તાલુકાના નકટીયાહનવત ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને તેઓના ઘરમાં ગૃહપ્રવેશ અપાવી દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી વિજયભાઈ પટેલે લાભાર્થીઓ સાથે શુભેચ્છા મુલાકાત લઈ લાભાર્થીઓને ગૃહ પ્રવેશ અપાવતાં દિવાળીના ટાણે લાભાર્થીઓના ઘરમાં જાણે ઉત્સવનો માહોલ સર્જાયો હોય એમ લાભાર્થીઓ નો આનંદ બેવડાયો હતો. લાભાર્થી શ્રી યોગેશભાઈ પવાર જણાવે છે કે, દિવાળી પર્વ નિમિત્તે ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પ્રધાનમંત્રી આવાસમાં સહ પરિવારને ગૃહ પ્રવેશ અપાવી શુભેચ્છા મુલાકાત કરી તેમજ સરકાર



દ્વારા મારા પરિવારનું પાકા આવાકનું સ્વપ્ન પણ પુર્ણ થયું તે બદલ સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. વધુમાં ગામના અન્યો લાભાર્થીઓએ જણાવ્યું હતું કે તેમની તો દિવાળી સુધરી ગઈ અને યાદગાર પણ બની ગઈ. આજે તેઓના પાકા મકાનનું સ્વપ્ન પુર્ણ થયું. સુબીર તેમજ અન્ય તાલુકાના પણ આવાસ યોજનાના લાભાર્થીઓને સમયસર હપ્તો મળી જાય તેમજ ચાલુ વર્ષે આવાસનો ટાર્ગેટ સમય મર્યાદામાં પુર્ણ થાય તે માટે શ્રી વિજયભાઈ પટેલે સબંધિત અધિકારીશ્રીઓને સુચના આપી હતી.

# ડાંગ જિલ્લાના સર્વાંગીણ વિકાસ માટે સાંસદ ધવલ પટેલ દ્વારા પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે સામૂહિક ચિંતન



। (માહિતી) ડાંગ, તા.૬ ।

ડાંગ જિલ્લાના સર્વાંગીણ વિકાસની દિશામાં પદાધિકારીઓ, અને અધિકારીઓ સામૂહિક ચિંતન મનન કરીને પ્રજા પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવી શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વલસાડ-ડાંગના યુવા સાંસદ શ્રી ધવલભાઈ પટેલે સાપુતારા ખાતે એક મહત્વની બેઠક યોજી ડાંગ જિલ્લાના લોકોના સર્વાંગીણ વિકાસ માટે ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ તેમજ ડાંગ જિલ્લા કલેકટરશ્રી સહિતના ઉચ્ચ જિલ્લાધિકારીઓએ, સામૂહિક ચિંતન કર્યું હતું. આ ઉપરાંત ગુજરાતના એકમાત્ર ગીરીમથક સાપુતારા ખાતે દેશ વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે ત્યારે અહિં આવતાં મુલાકાતીઓ અને પ્રવાસીઓને સ્થાનિક આદિવાસીઓનું કલ્ચર માણવા તેમજ પ્રવાસીઓની મુસાફરીને આરામદાયક, યાદગાર અને આનંદપ્રદ બનાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમ સાંસદ શ્રી ધવલ પટેલે વધુમાં જણાવ્યું હતું. સાપુતારા ખાતે પ્રકૃતિનુ સૌંદર્ય માણવા માટે આવનાર પ્રવાસીઓ માટે સ્થાનિક આદિવાસી સમાજના લોકો પ્રવાસીઓનુ હંમેશા સ્વાગત કરતા આવ્યાં છે તેમ શ્રી ધવલ પટેલે વધુમાં ઉમેર્યુ હતું. બેઠકમાં સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સહિત નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ, કલેકટર શ્રી મહેશ પટેલે, અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા, દક્ષિણ નાયબ વન સંરક્ષક શ્રી રવિ પ્રસાદ સહિત સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચ માહિતી કચેરીના સેવકશ્રી કે.આર. મકવાણા વયનિવૃત્ત થતા વિદાયમાન સમારંભ યોજાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

જિલ્લા માહિતી કચેરી ભરૂચ ખાતે સેવક તરીકે ફરજ બજાવતા કે.આર. મકવાણા વયનિવૃત્ત થતા ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક સંજય પટેલ તથા કચેરીના સૌ અધિકારી કર્મચારીઓએ ભાવસભર નિવૃત્તિ વિદાયમાન આપ્યું હતું. આ તકે, ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક શ્રી સંજય પટેલે શ્રી કે. આર. મકવાણાની સાથે જોડાઈને સતત કાર્યરત રહેવાની ભાવના વિશેના અનુભવો જણાવ્યા હતા. ત્યારે સેવક તરીકે ફરજ બજાવતા કે.આર.મકવાણાએ માહિતીમાં ૩૩ વર્ષ ઓફિસ કામગીરીને સંનિષ્ઠા પૂર્વક પોતાની ફરજ નિભાવી છે. કામ



પ્રત્યેની ફરજ નિષ્ઠા અને પરોપકારની ભાવના રાખી એકબીજાને મદદરૂપ થવાની તેમની ખેવનાનો અનોખો ગુણ તેમનામાં છે. અન્ય કર્મચારીઓએ પણ પોતાના અનુભવો વાગોળ્યા હતા. આ તબક્કે, કે.આર. મકવાણાએ કચેરીના સર્વેનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં દરેક કર્મચારી બંધુત્વની ભાવના સાથે માહિતી ખાતાની કામગીરીને વધુ દીપાવશે તેવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી હતી. કચેરીના વિવિધ સંવર્ગના અધિકારીઓ તથા કર્મચારીઓએ સેવકશ્રી કે.આર.મકવાણાને પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને આવકાર્યા હતા. ૩૩ વર્ષના કાર્યકાળને બિરદાવીને જિલ્લા માહિતી કચેરીના તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ તેમનું નિવૃતિમય જીવન સુખદાયી અને આરોગ્યસભર નિવડે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં અધિક્ષક શ્રી ભૂપેન્દ્રભાઈ વસાવા, માહિતી મદદનીશ યોગેશ વસાવા, ઓપરેટર શ્રી વસંત સોજીત્રા, આશિષ રાણા અને સર્વે કર્મચારીઓ સહિત કે.આર. મકવાણાના કુંટુંબજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ દિવાળી પર્વ અને રાષ્ટ્રીય એકતા દિવસે વલસાડના સરદાર હાઇટ્સના રહીશોની શુભેચ્છા મુલાકાત લીધી

। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

દિવાળીના પ્રકાશના મહાપર્વ અને સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિન રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત વલસાડના તિથલ રોડ પર ભાગડાવડા ગામની હદમાં આવેલા સરદાર હાઈટ્સના રહીશોની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ સ્નેહ મિલન કાર્યક્રમમાં મંત્રીશ્રીએ સૌનું મોં મીઠું કરાવી દિવાળીના ઉત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ભગવાન રામજીએ વનવાસ અને લંકા વિજય બાદ ઘરે પધરામણી કરી ત્યારથી દિવાળીનો મહાપર્વ ઉજવાય રહ્યો છે સાથે સમગ્ર ભારતના રજવાડાઓને એક કરી અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલનો આજે તા.૩૧ મી ઓક્ટોબરે જન્મ દિવસ છે. તેમના જન્મ દિવસની સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી થાય છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સપનું સેવ્યું હતું કે, ઓછી આવક ધરાવતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું પણ પોતાના ઘરનું સપનું સાકાર થઈ શકે, તે માટે સરદાર હાઈટ્સમાં આવાસ બનાવી આપ્યા છે. આજે દિવાળીના પાવન પર્વે વલસાડના સરદાર હાઈટ્સની મુલાકાત કરી રહીશોને મળવાનો અવસર મળ્યો. આ દરમિયાન તેઓએ પોતાના ઘરનું સપનું સાકાર થવા બદલ સરદાર સાહેબ અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફ્ફ પણ થાય. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો નહીં કેમ કે એ તમારા હિતમાં નથી અને વિનાકારણ તમે તેમને ખફા કરશો. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા નવા પ્રોજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાફો સારો છે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.



### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.



### કર્ક (ડ,હ) :

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુફ્ ફેરફાર કરશો. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી. કાર્યક્ષેત્ર માં પ્રેમ પ્રસંગ થી બચો નહીંતર બદનામી થયી શકે છે.



### સિંહ (મ,ટ) :

આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાફો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. કેટલાક લોકો તમારા મગજ પર સવાર થઈ શકે છે એમની બસ અવગણના જ કરો.



### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાફો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે.



### તુલા (ર,ત) :

આજના દિવસે ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે.



### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.



### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. રોમાન્સ રોમાંચક હશે.



### મકર (ખ,જ) :

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાફવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.



### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો. આજનો દિવસ ખૂબ જ સુંદર અને પ્રેમભર્યો રહેશે.


# ૩૦૦૦ વર્ષ જૂની તલવારની ચમત્કારિક શોધઃ પ્રાચીન કલા અને ટેકનીકીનો આશ્ચર્યજનક ચિહ્ન

**વૈજ્ઞાનિક અનુસંધાનો-આર્કિયોલોજીસ્ટ પણ ચમક જોઈને ચોંકી ગયાં!**



અર્કિયોલોજીકલ શોધો અને વૈજ્ઞાનિક અનુસંધાનો એ માનવ સંસ્કૃતિના ગૂઢ અને શક્તિશાળી પાસાઓને પરિચિત કરે છે. તાજેતરમાં, વૈજ્ઞાનિકો અને arqueologists એ ૩૦૦૦ વર્ષ જૂની એક મજબૂત અને તેજસ્વી તલવાર શોધી છે, જે આજે પણ યથાવત અને કાર્યક્ષમ છે. આ પ્રકારની અનોખી શોધે પ્રાચીન સંસ્કૃતિ, કલા અને મેટલ વર્કના ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે, તેના વિશે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. આ તલવારની શોધથી, એ વાતે પ્રકાશ પાડવામાં આવે છે કે કેવી રીતે પ્રાચીન મનુષ્યએ મજબૂત, કાર્યક્ષમ અને ઝડપી સાધનો વિકસિત કર્યા હતા. આ તલવાર જે મટિરિયલમાંથી બનાવવામાં આવી છે તે એવી લોહી અને અન્ય ધાતુઓના સંયોજનથી બનાવવામાં આવી છે, જે આધુનિક ધાતુકાર કરવાના ધોરણોને પણ પ્રેરણા આપે છે. લવિંગ અને મિશ્રધાતુના અવલોકનથી, આ તલવારમાં ભવિષ્યના મેટલ વર્કના અધિક ઔદ્યોગિક ગુણ પણ દેખાતા છે. એ સમયે લોકો પાસે ધારદાર મેટલ બનાવવાની અને શ્રેષ્ઠ ગુણવત્તાવાળી વસ્તુઓ ઉત્પન્ન કરવાની નોંધપાત્ર કુશળતા હતી.

# ભૂરી આંખોવાળા લોકો પર વિશ્વાસ ન કરવો જોઈએ, આ કહેવતનો શું અર્થ થાય છે?



ભૂરી આંખોવાળા લોકો પર વિશ્વાસ ન કરવો જોઈએ, જેવી માન્યતા એ એવામાંથી એક છે જે ઘણીવાર પૌરાણિક ધારા, લોકોની અણસમજ અથવા ખોટી સામાજિક માન્યતાઓ પર આધાર રાખે છે. આ કટણકાળીક અને ખોટી માન્યતા વૈજ્ઞાનિક રીતે અને માનવ અધિકારોના પરિપ્રેક્ષ્યમાં સંપૂર્ણ રીતે ખોટી છે. આવું કહેવું કોઈ પણ વ્યક્તિને અન્યાયી અને અસંપૂર્ણ રીતે નિર્વાચિત કરવાનો પ્રયાસ છે. આવું કથન કોઈને નફરત, અસહિષ્ણુતા અથવા પેહલા પૂર્વાગ્રહ પર આધાર રાખી રહી છે. જો આપણે આ વાતની સમજાણીને ઊંડાણથી જોઈએ, તો એ ખ્યાલ કે "ભૂરી આંખોવાળા લોકો પર વિશ્વાસ ન કરવો" સંસ્કૃતિ, જૂની માન્યતાઓ, અને કેટલીકવાર હિંસક ઉદ્ભવ્યું છે. અવારનવાર, પ્રાચીન અને મધ્યકાલીન સંસ્કૃતિઓમાં, દરેક વ્યક્તિના શરીરના ભાગો અને લક્ષણોને તેનું વ્યક્તિત્વ અથવા કદાચ તેના ભવિષ્યની સંભાવનાઓ સાથે જોડવામાં આવતી હતી. કેટલાક સંસ્કૃતિક દૃષ્ટિકોણો અને માન્યતાઓ અનુસાર, આંખોનો રંગ વ્યક્તિત્વ, શક્તિ, અને વાતાવરણના પરિપ્રેક્ષ્યમાં તેનો પરિબળ દર્શાવતો માનવામાં આવતો. હજી પણ એવી માન્યતાઓ અસ્તિત્વ ધરાવે છે, જેમ કે "સંખ્યાબંધ આક્ષેપોથી કોઈ વ્યક્તિની સંસ્કૃતિ/ધર્મ/કુલ નક્કી કરી શકાય છે" અને આ પણ ઘણીવાર અવિશ્વસનીય અને ખોટા બિનમુલ્ય માન્યતાઓ પર આધાર રાખે છે. ભૂરી આંખો પર આધારિત આ પ્રકારના દૃષ્ટિકોણને આધારિત કરવા માટે કોઈ દ્રષ્ટાંત નથી, પરંતુ એ "કિસ્સાઓ" કે "કિંવારીઓ" માત્ર પૌરાણિક માન્યતાઓનું પરિણામ છે, જે કદાચ આખરી અભિગમમાંથી સામે આવ્યા છે. એવું માનવું કે "ભૂરી આંખોવાળા લોકો પર વિશ્વાસ ન કરવો જોઈએ" એ સામાજિક પૂર્વગ્રહ છે, જેમાં આપણે માન્યતા પર આધાર રાખીને જૂના ખોટા કિસ્સાઓમાં લોકોને ભ્રમિત કરીએ છીએ. આ માન્યતા વાસ્તવિક વ્યક્તિગત ગુણ, અભિગમ અથવા આચરણની બેસિસ પર નથી. પરંતુ આ માન્યતા કંઈક જૂની આસ્થાઓ અને કેટલીકવાર કોઈ દુશ્મનાવટ અથવા ખોટી ધારણા પર આધાર રાખે છે. આ પ્રકારના ખોટા અને અસામાજિક અવ્યાખ્યાયિત શબ્દો અને વિચારો દુનિયાભરનાં અનેક સંસ્કૃતિઓ, જનસંચારો અને સામાજિક મંચોમાં પહોચી ગયાં છે.


## ચાંદ જેવી ચમક આપશે રસોડામાં રહેલી આ 3 વસ્તુઓ, શિયાળામાં કરશે સ્કિન ગ્લો



ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ છે. ઠંડીમાં ચહેરો શુષ્ક થવા લાગે છે. આવી સ્થિતિમાં ચહેરો નિસ્તેજ દેખાવા લાગે છે. આ માટે તમે ઘરેલું ઉપાય અજમાવી શકો છો. આપણા રસોડામાં જ એવી કેટલીક વસ્તુઓ રહેલી છે, જે કોસ્મેટિક જેવું કામ કરે છે. કોસ્મેટિકની બનાવટમાં પણ એ જ વસ્તુઓનો ઉપયોગ થાય છે. જેથી ચહેરા પર કુદરતી નિખાર લાવવા માટે બ્યુટી એક્સપર્ટ કેટલીક ઘરેલું વસ્તુઓનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. બ્યુટી એક્સપર્ટ સિમ્મી કુમારીએ લોકલ૧૮ને જણાવ્યું કે, ઠંડીના દિવસોમાં ચહેરો શુષ્ક થવા લાગે છે. જેના નિવારણ માટે તમે એલોવેરા જેલનો ઉપયોગ કરી શકો છો. તમે તેને બજારમાંથી પણ ખરીદી શકો છો અથવા આંગણામાં એલોવેરાનો છોડ વાવીને તેમાંથી પણ જેલ કાઢી શકો છો.

## ૫ અસાધ્ય બીમારીઓનો કાળ છે આ નાનકડી લાકડી, ૩૦૦થી વધારે ઔષધીય ગુણ





હેલ્થલાઈનના રિપોર્ટમાં રિસર્ચને ટાંકીને કહેવામાં આવ્યું છે કે જેઠીમધ ત્વચા સંબંધિત રોગો માટે રામબાણ છે. જેઠીમધ નું સેવન કરવાથી જો ત્વચા પર કોઈ એન્ટી-બેક્ટેરિયલ અથવા એન્ટી-ફંગલ પ્રોબ્લેમ હોય તો તે થોડા દિવસોમાં જ ઠીક થઈ જાય છે. જેઠીમધ પિમ્પલ્સને તેના મૂળમાંથી પણ મટાડે છે. જેઠીમધ મૂળમાંથી બનાવેલ પાવડર ત્વચા પર લગાવવાથી ત્વચા સંબંધિત રોગો પણ મટે છે.

જેઠીમધ પેટ સંબંધિત સમસ્યાઓ જેમ કે ગેસ, અપચો, એસિડિટી અને પેટમાં દુખાવો મટાડી શકે છે. આ સંદર્ભમાં, અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૭૫ મિલિગ્રામ લિકરિસ કેપ્સ્યુલ દિવસમાં બે વાર ૩૦ દિવસ સુધી આપવાથી અપચોની સમસ્યા દૂર થાય છે. આ સાથે મુલેથી જીઈઆરડી પણ દૂર કરે છે જેને હાર્ટ બર્ન પણ કહેવાય છે.

જેઠીમધમાં એન્ટિ ઈનફલમેટરી ગુણો જોવા મળે છે. તેથી, જેઠીમધ આંતરડામાં થતા પેપ્ટીક અલ્સર રોગને પણ મટાડે છે. જેઠીમધનાં મૂળમાં ગ્લાયસિરિઝિન નામનું સંયોજન જોવા મળે છે જે અલ્સરના ઘાને સૂકવે છે. અભ્યાસમાં, જ્યારે જેઠીમધ કેપ્સ્યુલ ૨ અઠવાડિયા માટે આપવામાં આવી હતી, ત્યારે પેપ્ટીક અલ્સરના લક્ષણોમાં ઘણો ઘટાડો થયો હતો.

## દિવાળીમાં આગથી બળી ગયા હોય પછી શું કરવું?

દિવાળી તહેવાર એ આનંદ અને ઉત્સાહનો સમય છે, પરંતુ ઘણા સમયોએ પતાકાઓ અને બળતી આગના કારણે ઘરમાં અને આસપાસ ગંદકી, ધૂમ્રપાન, અને નાનકડી આઘાતોની સમસ્યાઓ ઊભી થઈ શકે છે. પતાકાઓ છોડતી વખતે, આગ અને કાળા દાગ થવું સામાન્ય છે, અને આ માટેની યોગ્ય નિવારણ અને સારવાર જરૂરી છે.



આ લેખમાં, અમે જણાવીશું કે દિવાળી માં આગથી બળીને શું કરવું અને તેને કેવી રીતે નિયંત્રણમાં લાવવું.

૧. આગથી બળેલા સ્થળ પર શું કરવું?

આગ પર મટિરીયલ લગાવવુંઃ જો ઘરની વોલ પેઈન્ટ, ફર્નિચર અથવા ફલોર પર આઘથી કાળા દાગ અને બળકટ દેખાય, તો તે દૂર કરવા માટે સામાન્ય રીતે તેલ (ચમચમાટ માટે) અથવા મીઠી સોડાને લગાવવી મદદરૂપ બની શકે છે. વિશેષ નોધઃ ક્યારેક આઘથી બળેલા ટુકડાઓ પર જો કોઈ દાગ પડે છે તો, તે કોઈ ક્લિનિંગ સ્પ્રે અથવા સફાઈ મિશ્રણથી ધોઈ શકાય છે. સફાઈ માટે મૉપનો ઉપયોગઃ ઘરની ફલોર પર મૉપ કરી, આઘથી ના કાળા દાગો અને બધી દૂર કરો. જો આઘથી તત્વો હજુ પણ સ્થાયી રહી જાય છે, તો એસિડ વૉશ અથવા સાવધાનીથી પેન્ટ બધી દૂરસ્થ કરી શકો છો.

૨. આરોગ્ય માટે સાવધાની (સ્વાસ્થ્ય ચિંતાઓ)

વિશ્વાસ અને શ્વાસ માટે સારવારઃ પતાકાઓ અને આગમાંથી ઉઠતી કાળી ધૂંધી વાતાવરણમાં આવે છે, જે તમારા સ્વાસ્થ્ય પર અસર કરી શકે છે. આથી, એર પ્યુરિફાયરનો ઉપયોગ કરો.

૩. માનસિક આરામ અને આરામ

ધ્યાન અને યોગઃ દિવાળી દરમિયાન તહેવારનો આનંદ વધતી વખતે, મગજ પર માનસિક પીડા અથવા થાક પણ આવી શકે છે. યોગ અને ધ્યાન કરીને આરામ મેળવવા માટે તમને એનો લાભ મળશે.

અંતરિક શાંતિ માટે તક દોઃ દિવાળી પછી આરામદાયક વાતચીત, તાજા હવામાં આરામ અને થોડો આરામ તમારા મનને શુદ્ધ કરી શકે છે.

૪. ઘરની સ્વચ્છતા અને એન્ટી-લેબટાની તકનીક, ઘરનો મહત્તમ સ્નાનઃ દીવાળી પછી ઘરનું સંપૂર્ણ સ્નાન કરવું, જેમાં આગથી બળેલા દાગોને દૂર કરવાની તક હોય છે.

વિશ્વસનીય કાળા દાગો અથવા વિશ્વસનીય મશીન સેવા પણ અપાયેલ છે. આગ લાગેલી જગ્યા માટેમાં વધુ સલામતી માટે, દીવાળી દરમિયાન આગને સારી રીતે નિયંત્રણમાં રાખવી ખૂબ જરૂરી છે. જેમ કે, ફાયર એન્ટિ-એક્સપ્લોઝિવ મટિરીયલનો ઉપયોગ અને લાઈટિંગ પરિપ્રિણી પેઈન્ટ.

## આંગણામાં ઉગતા આ સદાબહાર છોડ, કેન્સર અને ડાયાબિટીસથી આપશે આરોગ્યની રાહત



કેન્સર અને ડાયાબિટીસથી રાહત આપે છે આંગણામાં જોવા મળતો આ સદાબહાર છોડ, આજકાલની વ્યસ્ત જીવનશૈલી અને ખોરાકમાં ગડબડના કારણે ઘણા લોકો આરોગ્યની ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જેમાં ડાયાબિટીસ, કેન્સર અને હૃદય સંબંધિત રોગો સામેલ છે. જો કે, આ ઔષધિય ગુણ ધરાવતી કેટલીક છોડો પરંપરાગત મેડિસિનમાં અમુક અવસ્થાઓમાં રાહત આપી શકે છે. એમાંથી એક મહત્વપૂર્ણ છોડ છે, અલોઈ વેરા જેને "ઘરની ઔષધી" તરીકે ઓળખવામાં આવે છે. અલોઈ વેરા એ એક સદાબહાર છોડ છે, જે પોતાના ઔષધિય ગુણ માટે પ્રખ્યાત છે. આ છોડનું જેલ કે લેટક્સ ઘણી બીમારીઓના સારવાર માટે ઉપયોગી ગણાય છે, ખાસ કરીને ડાયાબિટીસ અને કેન્સર માટે. કેન્સર સામેના ગુણઃ અલોઈ વેરામાં એન્ટી-કાન્સર ગુણ જોવા મળ્યા છે. કેટલીક સંશોધનોમાં જણાવાયું છે કે આ છોડના જેલમાં એવી બાયોએક્ટિવ રસાયણો હોય છે, જે કેન્સર કોષોને નાશ કરવામાં મદદ કરે છે. કેટલીકવાર, અલોઈ વેરાનો ઉપયોગ કેન્સરના સારવારમાં સમૂહ કેળવવામાં મદદરૂપ થતો જોવા મળે છે, કારણ કે આ છોડ શરીરની સિસ્ટમને મજબૂત બનાવી શકે છે અને વિવિધ રોગોના નિવારણ માટે મદદ કરે છે. ડાયાબિટીસ માટે ફાયદોઃ અલોઈ વેરામાં પોલિસાકરાઈડ્સ હોય છે, જે લોહીમાં ખાંડના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. અલોઈ વેરા નિયમિત વાપરવાથી અને ખોરાકમાં શામેલ કરવામાં ડાયાબિટીસના દર્દીઓ માટે લાભદાયક થતો હોય છે. આ છોડ લોહીમાં શુગરની સપાટી ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે, અને ઈન્સુલિનના પ્રતિક્રિયાને સુધારવા માટે પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. આવા અન્ય ફાયદાકારક છોડો જેમ કે આલુસર, બ્રાહ્મી, અને તુલસી પણ આરોગ્ય માટે લાભદાયક છે. આ છોડો ઘણી બિમારીઓના નિયંત્રણમાં મદદ કરી શકે છે, જેમ કે હૃદયની બિમારી, ડાયાબિટીસ અને માંસપેશીઓના દુખાવા માટે. અલોઈ વેરાનું જેલઃ તમારું ચહેરું અને શરીર પર મણસાવણી માટે ઉપયોગ કરી શકો છો.

# શિયાળામાં ઠંડીથી બિમારીઓથી બચવા માટે આ સરળ અને અસરકારક ઉપાયો અજમાવો

**શિયાળામાં ઠંડીના કારણે વાયરસ અને બેક્ટેરિયાનો પ્રસાર વધે છે, જે તમને વિવિધ બિમારીઓનો શિકાર બનાવી શકે છે, ફ્લૂ, શરદી, ખાંસી, અને ગળાની દુખાવટ જેવી સમસ્યાઓ આ સિઝનનો ભાગ બની શકે છે, પરંતુ કેટલાક સરળ અને સ્વસ્થ ઉપાયો અપનાવવાથી, તમે આ મોસમમાં આરોગ્યથી ભરપૂર રહી શકો છો**

અમે કેટલીક અનમોલ ટિપ્સ શેર કરી રહ્યા છીએ જે તમને શિયાળાની બિમારીઓથી બચાવવામાં મદદ કરશે. શિયાળામાં ઠંડીથી થતી આરોગ્ય સમસ્યાઓથી બચાવ માટે, શરીરનું તાપમાન મર્યાદિત રાખવું અત્યંત જરૂરી છે. ગરમ પોપટાં, સ્વેટર, મફલર અને ટોપી પહેરવાનું. ગરમ ચા, સૂપ અને મીઠા પદાર્થો પીવું, જે ઈમ્યુન સિસ્ટમને મજબૂત બનાવે છે. સ્વચ્છતા પર ધ્યાન આપોઃ વિરસ અને બેક્ટેરિયા દૂર રાખો, સ્વચ્છતા એ આરોગ્યની જાણકારી છે. શિયાળામાં વાયરસ અને બેક્ટેરિયાનો પ્રસાર ખૂબ ઝડપથી થાય છે. દરરોજ હાથ ધોવું, ખાસ કરીને બાથરૂમની મુલાકાત બાદ અને બહાર જઈને પાછા આવતી વખતે. સેનિટાઈઝરનો ઉપયોગ પણ કરો જ્યારે સાબૂ અને પાણી ન મળી શકે. પોષક ખોરાક ખાઓઃ મજબૂત શરીર માટે પૌષ્ટિક આહાર, શિયાળામાં શરીરની ઈમ્યુન સિસ્ટમ મજબૂત રહે તે માટે પોષક ખાતર અપનાવવું જરૂરી છે. વિટામિન C થી ભરપૂર ફળો (ઓરેન્જ,



લીંબુ, ફળકાં) ખાવા. હળદર અને આદુ જેવી ઔષધીય વસ્તુઓનો સમાવેશ ખોરાકમાં કરો. મસ્તિષ્કને આરામ આપોઃ તણાવ મથી શરીર પર ઠંડીના પ્રભાવને ઓછો કરો, માનસિક તણાવ શિયાળામાં આરોગ્યને વધુ પ્રભાવિત કરે છે. તણાવથી બચીને આરામ અને સ્વસ્થતા જાળવો. ધ્યાન અને યોગનો અભ્યાસ કરવો. સકારાત્મક વિચારો અને આરામદાયક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરો. કસરત અને યોગઃ ઈમ્યુન સિસ્ટમ મજબૂત બનાવો, વ્યાયામ શરીર માટે મહત્વપૂર્ણ છે, ખાસ કરીને શિયાળામાં. નિયમિત કસરત શરીરનું રક્તચાપ નિયમિત રાખે છે અને ઈમ્યુન સિસ્ટમને મજબૂત બનાવે છે. દોડવું, સાયકલ ચલાવવું, અને યોગના અભ્યાસથી પાચકતા અને ઈમ્યુન સિસ્ટમ મજબૂત રાખો. દરરોજ ૨૦-૩૦ મિનિટ સુધી શારીરિક પ્રવૃત્તિ જાળવો. વધુ પાણી પીવુંઃ હાઈડ્રેટેડ રહો, શિયાળામાં પાણીએ ઓછું પીવાનું સામાન્ય છે, પરંતુ શરીરનું પાણીનું સંતુલન જાળવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગરમ પાણી, ગ્રીન ટી, અને હળવો સૂપ પીવાથી શરીર હાઈડ્રેટેડ રહે છે. પીણું તમારા શરીરના શંકાની ગુણવત્તાને સુધારે છે અને અન્ય બિમારીઓથી બચાવે છે. આરામ અને ઊંઘઃ શરીરને પુનઃપ્રાપ્ત કરો, તમારા શરીરને યોગ્ય આરામ આપો. શ્રેષ્ઠ આરોગ્ય માટે, શ્રેષ્ઠ ઊંઘ જરૂરી છે. ૭-૮ કલાકની ઊંઘ લેજો. આરામ અને યોગ્ય ઊંઘથી શરીર તાજી શક્તિ મેળવે છે અને સંક્રમણ સામે રક્ષિત રહે છે. શિયાળામાં આરોગ્ય અને રક્ષણ જાળવવા માટે યોગ્ય આહાર, શ્રેષ્ઠ હાઈજીન, અને નિયમિત કસરત તમારા માટે મજબૂત રક્ષણ તૈયાર કરે છે.

# ડાયાબિટીસના દર્દીઓએ ન રાખવી આ ખોટી ટેવ, નહીં તો અચાનક વધશે શુગરનો સ્તર

ડાયાબિટીસ એ એવી બીમારી છે જે આજકાલ સામાન્ય બની ગઈ છે, અને તેનું યોગ્ય સંચાલન કરવું અત્યંત મહત્વપૂર્ણ છે. એકવાર શુગર (લોહીમાં શુગરનું પ્રમાણ) વધે, તો તે શરીરના વિવિધ અંગો પર વિલંબિત અને ગંભીર અસર કરી શકે છે. જો ડાયાબિટીસનું યોગ્ય રીતે સંચાલન ન થાય, તો તે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. આ લેખમાં, આપણે કેટલીક એવી ખોટી ટેવો પર ચિંતન કરીશું, જે ડાયાબિટીસના દર્દીઓ ભૂલથી અપનાવી શકે છે, અને જેનાથી લોહીનો શુગર ખતરનાક રીતે વધી શકે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે ખોરાકનું યોગ્ય નિયંત્રણ સૌથી



મહત્વપૂર્ણ બાબત છે. ઘણીવાર, ખોરાકની પસંદગીમાં મીઠાઈઓ અથવા જંક ફૂડ ખાવાથી લોહીનું શુગર સ્તર વધારે શકે છે. મીઠાઈઓ અને ચોકલેટઃ તહેવારો દરમિયાન મીઠાઈઓ ખાવા માટે લલચાવવું સામાન્ય છે, પરંતુ ડાયાબિટીસના દર્દીઓ માટે તે ખતરનાક હોઈ શકે છે. જંક ફૂડઃ બર્ગર, પિઝા અને ફ્રાઈડ ફૂડમાં વધુ કાલોરીઝ અને ખાંડ હોય છે, જે લોહીનું શુગર સ્તર વધારી શકે છે. સલાહઃ હલકાં અને પાચક ખોરાક ખાવા જોઈએ જેમ કે ફળ, શાકાહારી વાનગીઓ, અને હલકાં માવા. દૂધ અને દહીં જેવા પદાર્થોનું સેવન વધુ કરવું, જે પ્રોટીન અને કેલ્શિયમ માટે સારા છે. ૨. મેડિસિનના નિયમિત ઉપયોગમાં ગડબડ, ડાયાબિટીસના દર્દીઓ માટે મેડિસિનનું નિયમિત અને યોગ્ય ઉપયોગ અત્યંત મહત્વપૂર્ણ છે. જો કોઈ દર્દી દવાઓનું સમયસર સેવન ભૂલી જાય અથવા ડોઝમાં ફેરફાર કરે, તો લોહીનું શુગર સ્તર અનિયંત્રિત થઈ શકે છે.

## શિયાળામાં લવિંગના મસાલાનું મહત્વઃ ઠંડીથી બચાવ અને તંદુરસ્ત રહેવા માટે શ્રેષ્ઠ ઘરેલું ઉપાય



ગુજરાતમાં શિયાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે અને માવઠા બાદ ઠંડીનો પ્રભાવ વધતો જાય છે. શિયાળામાં ઠંડીનો સખત પ્રભાવ સમગ્ર રાજ્યમાં દેખાવા લાગ્યો છે, અને સવાર-સાંજ તેમજ દિવસ દરમ્યાન કંપવા જેવી ઠંડી ફેલાઈ ગઈ છે. આ ઠંડીથી બચવા માટે, માત્ર ગરમ કપડાં પહેરવાં જ નહીં, પરંતુ ખોરાકમાં પણ ખાસ ધ્યાન આપવું અગત્યનું છે.

ઠંડીથી બચાવ માટેનો એક મહત્વપૂર્ણ મસાલો, શિયાળામાં શરીર માટે યોગ્ય ખોરાક અને મસાલાઓનું સેવન આરોગ્ય માટે ખૂબ જ લાભદાયક સાબિત થાય છે. એક એવો મસાલો છે, જે હંમેશા ઘરમાં મળી રહે છે અને તે છે લવિંગ. લવિંગ, જેનો વજ્ઞાન્યક નામ "Syzygium aromaticum" છે, એ એક નાનું, સુગંધિત મસાલું છે. આ મસાલામાં એન્ટીઑકિસડન્ટ અને બળતરા વિરોધી ગુણધર્મો છુપાયેલા છે. આયુર્વેદમાં લવિંગના અનેક આરોગ્યલાભો જણાવવામાં આવ્યા છે, અને તેને ઠંડી, શરદી, ખાંસી, ઊધરસ જેવી સમસ્યાઓથી બચાવવાનો શ્રેષ્ઠ ઉપાય માનવામાં આવે છે. લવિંગ ગરમ તાસિર ધરાવે છે, એટલે કે, તે શરીર માટે ગરમી પ્રદાન કરે છે. આ ઠંડીના મોસમમાં ખાસ ઉપયોગી છે, કેમ કે તે શરીરને અંદરથી ગરમ રાખી શકતું છે. લવિંગનું નિયમિત સેવન શિયાળાની ઠંડીથી રક્ષણ આપે છે અને શરીર અને મનને સક્રિય રાખે છે. શરદી અને ખાંસી માટે લાભકારી, લવિંગના પાન અથવા ફૂલો શરદી, ઊધરસ, અને ખાંસીમાં રાહત માટે ઉપયોગી માને છે. લવિંગના ઉકાળાનો નિયમિત સેવન શરદીના લક્ષણોને દૂર કરી શકે છે, અને ખાંસીમાં શાંતિ આપે છે. લવિંગમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન બી-કોમ્પ્લેક્સ, અને કેલ્શિયમ જેવા મહત્વપૂર્ણ પોષક તત્વો હોય છે, જે શરીર માટે એકંદરે લાભકારી છે. તે પાચનશક્તિ વધારવામાં અને હાડકાં મજબૂત રાખવામાં મદદ કરે છે. લવિંગ એ એક પ્રાકૃતિક એન્ટીબાયોટિક છે, જે શરીરમાં બેક્ટેરિયા અને ચિંતાવાન્શીઓ સામે લડવામાં મદદ કરે છે. તે શરદી અને ખાંસી જેવી પરિસ્થિતિમાં એન્ટીબેક્ટિરિયલ કરે છે.

### ન્યૂઝ બ્રિફ

## દિવાળીના તહેવારોમાં અકસ્માતોની વણઝાર

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

દિવાળીના તહેવારોના ચાર દિવસમાં વાહન અકસ્માતથી ૩૬૨૫ વ્યક્તિને ઈજા થઈ છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૯૦૬ જ્યારે પ્રતિ કલાકે ૩૮ વ્યક્તિને વાહન અકસ્માતમાં ઈજા થઈ હતી. જેની સરખામણીએ સામાન્ય દિવસોમાં સરેરાશ ૪૮૧ વ્યક્તિને વાહન અકસ્માતમાં ઈજા થાય છે. આમ, સામાન્ય દિવસો કરતાં દિવાળીના તહેવારોમાં વાહન અકસ્માતથી ઈજાના કેસમાં ૯૧.૪૮ ટકા જેટલો વધારો થયો હતો. ઈમરજન્સી સેવા ૧૦૮ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ૩૧ ઓક્ટોબરથી ૩ નવેમ્બર દરમિયાન ટુ વ્હિલરમાં સૌથી વધુ ૨૮૨૧, ફોર વ્હિલરમાં ૩૯૬, રિક્શામાં ૨૦૦, અન્ય વાહનમાં ૧૮૩ લોકોને વાહન અકસ્માતમાં ઈજા થઈ હતી. સામાન્ય દિવસોમાં ટુ વ્હિલરમાં સરેરાશ ૩૯૫, ફોર વ્હિલરમાં ૬૧, થ્રી વ્હિલરમાં ૩૧ જેટલાને વાહન અકસ્માતમાં ઈજા થતી હોય છે. આમ, ટુ વ્હિલરથી થતાં અકસ્માતની ઈજામાં સામાન્ય દિવસો કરતાં ૯૩ ટકાનો વધારો થયો હતો. શ્વાસને લગતી સમસ્યાની ઈમરજન્સીમાં સામાન્ય દિવસો કરતાં સાધારણ વધ-ઘટ જોવા મળી હતી.

## મહીસાગર જિલ્લામાં ત્યજેલ નવજાત શિશુ મળી આવ્યુ

। (એજન્સી) લુણાવાડ, તા.૬ ।

મહીસાગર જિલ્લામાં ત્યજેલ નવજાત શિશુના માતા અને પ્રેમીની જિલ્લા પોલીસ દ્વારા ધરપકડ કરાઈ છે. બન્ને જણાંની પૂછપરછ કરતા ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તાર ના મલેકપુર ગામ પાસે આવેલ ઈંડિયન ઓઈલ પેટ્રોલપંપ પાસે આવેલ ડાંગરવાળા ખેતરમાં ઈલેક્ટ્રીક ડી.પી.ની જુના ખુલ્લા બોક્ષમાં અરક્ષિત નવજન્મેલ શિશુ પહેલી નવેમ્બરને શનિવારના રોજ મળી આવેલ અને જે બાબતે લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી ડી વાય એસ પી કમલેશ વસાવાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ પોલીસની ટીમ બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ કરતા અને ખાનગી રાહે બાતમી મળતા નવજાત શિશુ ત્યજી દેનાર માતા નયના શૈલેષ ધામોત જે વિધવા છે, જેણે સમાજના ડરથી પોતાના મિત્ર લાલા અમરા પગીની મદદ વડે પોતાનું પાપ છુપાવવા નવજન્મેલ શિશુ ત્યજી દીધું હતુ.



લાભ પાંચમના પવિત્ર દિવસે અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ બટાટાની વાવણી શરૂ કરી.

### વાવ બેઠક પર પેટા ચૂંટણીનો ત્રિપાંખિયો જંગ

# ભાજપનો જ નહીં, પાટીલનો પાવર ઉતારવાનો છે : માવજી પટેલ

### અપક્ષ નેતા માવજી પટેલે કમળનું ટેન્શન વધાર્યું



। (એજન્સી) વાવ, તા.૬ ।

બનાસકાંઠાની વાવ બેઠક પર પેટાચૂંટણીનો ત્રિપાંખિયો જંગ જામ્યો છે. ભાજપના ઉમેદવાર સ્વરૂપ ઠાકોર, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ વચ્ચે રસાકસીભરી ચૂંટણી યોજાવવા જઈ રહી છે. બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનારા માવજી પટેલ હવે પાટીલ સાથે આરપારની લડાઈ લડવાના મૂડમાં છે. પ્રચાર વખતે માવજી પટેલે જાહેરમાં કહ્યું કે, મારે ભાજપનો જ નહીં, સી.આર.પાટીલનો પાવર ઉતારવો છે. તેમણે ચિમકી પણ આપી કે, હું ભાજપનો સૈનિક હોવા છતાંય ભાજપે મારી અવગણના કરી છે. પણ ભાજપને આ બધુંય ભારે પડશે. આ તરફ, ભાજપે વાવ બેઠક જીતવા મંત્રી-નેતાઓની ફોજ ઉતારી દીધી છે.

વાવ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવાર પૂરજોશમાં પ્રચાર કરી રહ્યાં છે. ચૂંટણી જીતવા બધાયે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. બળવાખોર અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ શક્તિ પ્રદર્શન કરી ભાજપ પર નિશાન સાધી રહ્યાં છે. માવજી પટેલે જાહેર સભામાં ગૃહમંત્રી હર્ષ સંઘવી પર ટોણો માર્યો કે, સચિવાલયમાં ગૃહમંત્રીને મળવું હોય તો એપોઈટમેન્ટ લેવી પડે. ગૃહમંત્રીને મુલાકાતીઓને મળવાનો સમય પણ નથી. આજે પેટાચૂંટણી આવી છે ત્યારે ગૃહમંત્રી ઘેર ઘેર ફરી રહ્યાં છે અને મત માંગી રહ્યાં છે. આ સત્ય અને અસત્યની લડાઈ છે. જયારે જયારે ચૂંટણી આવી છે. ઉમેદવારોને જીતાડવા ભાજપના પડખે ઉભા રહ્યાં છીએ પરંતુ વાવની બેઠક પર ટિકિટની વહેંચણીનો વારો આવ્યો ત્યારે પાટીલ સાહેબે તો હાથ જ ઊંચા કરી દીધા. એટલુ જ નહીં. એવુ કહી દીધું કે, દિલ્લીથી રત્નાકરને વાવની જવાબદારી સોંપાઈ છે તો નિર્ણય પણ એ જ લેશે. સરપંચે પણ મોવડી મંડળને કહ્યું કે, માવજીભાઈને ટિકિટ આપો, અમે કાગળિયા તેમના હાથમાં પકડાવી દીધા પણ, જાણે રત્નાકર ભગવાન હોય તેવી રીતે તેમણે બધુ નક્કી કરી નાખ્યું.

માવજી પટેલે એ વાતનો ઉલ્લેખ કર્યો કે, ભાજપ એક ટિકિટ હારે કે જીતે તેને કંઈ જ ફરક પડતો નથી. ભાજપ પાસે ૧૬૨ બેઠક છે એટલે વજન વધી ગયુ છે. ભાજપમાં કોઈ બોલવાવાળુ જ નથી. હું તો દરેક ધારાસભ્યને કહું છું કે આવો આગળ ને બોલો. કોઈ ઘરમાં વહુનું સાસુ, નણંદ, દેરાણી કે કોઈ ના સાંભળે તો ત્યારે વહુએ જાતે જ નિર્ણય લેવો પડે છે. એ જ રીતે મારુ પણ ભાજયમાં કોઈએ સાંભળ્યું નહી. આ કારણોસર તો અંતે મારે નાછૂટકે મેદાને ઉતારવું પડયું. આ તરફ ભાજપે મુખ્યમંત્રી સહિત ગૃહમંત્રી ઉપરાંત કેબિનેટ-રાજ્યકક્ષાના મંત્રીઓને ચૂંટણી મેદાને ઉતાર્યા છે. કોંગ્રેસ પણ ભાભરમાં પ્રદેશ નેતાઓની ઉપસ્થિતીમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. ગેનીબેન ઠાકોરે તો ગૃહમંત્રીને આડે હાથે લઈ કહ્યું કે, ગૃહમંત્રીને વાવ બેઠકની ભૂગોળની ખબર નથી. આમ, પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

### નવયુવાનો માટે પ્રેરણાદાયક કિસ્સો

# મહેસાણામાં એમ. ટેક. થયેલા યુવાને પશુપાલન ક્ષેત્રે ઝંપલાવ્યું

। (એજન્સી) મહેસાણા, તા.૬ ।

મહેસાણાનજીક આવેલા ફત્તેપુરા ગામના નવ યુવાન અતિન પટેલે આઈટી ક્ષેત્રે એમ.ટેકનો અભ્યાસ કર્યા બાદ પશુપાલન ક્ષેત્રે ઝંપલાવી યુવાનોને અલગ જ પ્રેરણા પૂરી પાડી છે. આઈટી ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ બાદ યુવાનો આઈટી સેક્ટરની લક્ઝુરીયસ કોર્પોરેટ ઓફિસોમાં બેસી મોટો પગાર મેળવવાના સપના સેવતા હોય છે. પણ મહેસાણા નજીક આવેલા ફત્તેપુરાના અતિન પટેલે કોરોના કાળમાં આઈટી ક્ષેત્રમાં વર્ક ફ્રોમ હોમ જોબ કરી લાખ રૂપિયા પગારની નોકરી મેળવી હતી. ૬ વર્ષ અગાઉ એમ. ટેક થયેલા અતિન પટેલ નામના યુવાને હવે આઈટી સેક્ટરની લક્ઝુરીયસ નોકરી છોડી પોતાના જ ગામમાં પશુપાલનનો વ્યવસાય શરૂ કરી દીધો છે. શુદ્ધ દૂધ ખાવાની ઈચ્છા સાથે પશુપાલનનો વ્યવસાય શરૂ કર્યો હતો અને આઈટી સેક્ટરમાંથી સીધા પશુઓ જોડે રહી પશુ જેવા બની પશુઓની માવજતનો પશુપાલનનો વ્યવસાય કાયમી અપનાવી દીધો છે. હાલમાં આ પશુપાલક ૧૫૦ થી વધુ પશુઓનું પાલન કરે છે અને ૫૦ જેટલા દુધાળા પશુઓનું રોજિંદુ ૪૦૦ લીટરથી વધુ દૂધનું ઉત્પાદન કરે છે. આ બધું દૂધ પોતાની આવડતથી દૂધનું હરતું ફરતું એટીએમ બનાવ્યું છે અને દૂધ વિતરણ કરવા ખાસ એપ્લિકેશન બનાવી છે. જેમાં દૂધના ગ્રાહકોની સંપૂર્ણ વિગત રાખવામાં આવી છે અને જે ગ્રાહક પોતાના ઘરે આવેલા એટીએમ માંથી દૂધ મેળવી લે તો એપ્લિકેશનમાં દૂધ મળી ગયું હોવાની વિગત રજિસ્ટર થઈ જાય છે.

### ભૂપેન્દ્ર પટેલે ૧૨૨ કરોડના વિકાસકાર્યોનું કર્યુ ખાતમુહૂર્ત

# સાવરકુંડલામાં નાવલી નદી પર બનશે રિવરફ્રન્ટ

। (એજન્સી) સાવરકુંડલા, તા.૬ ।

આજે રાજ્યના મુખ્યમંત્રી અમરેલી જિલ્લાના પ્રવાસે પહોંચ્યા હતા. અહીં તેમને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કુલ ૧૨૨ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત સંપન્ન કર્યુ હતુ. આ ઉપરાંત સીએમે સાવરકુંડલામાં આરામ ભવન, સી.સી. રોડ સહિતના વિકાસકાર્યોનું લોકાર્પણ પણ કર્યુ હતુ. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન સાવરકુંડલા ખાતે રૂપિયા ૧૨૨ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત કર્યા હતા. સાવરકુંડલા શહેરમાંથી પસાર થતી નાવલી નદીના રિવરફ્રન્ટ તેમજ ગટર યોજના - ૨ નુ ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે જ સાવરકુંડલા APMC ના પટાંગણમાં ખેડૂત આગેવાન 'ભગવાન બાપા' ની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ એક જાહેરસભાને પણ સંબોધી હતી. આ સંબોધન દરમિયાન તેમને રાજ્યની સરકાર દ્વારા થઈ રહેલા વિકાસ કાર્યો અંગે માહિતી આપી હતી.

# લાખોની રોકડ સાથે ક્રાઇમ બ્રાન્ચે હવાલા કૌભાંડનો કર્યો પર્દાફાશ

। (એજન્સી) ભરૂચ, તા.૬ ।

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે હવાલા કૌભાંડનો પર્દાફાશ કરી ભરૂચના ભૃગુઋષિ બ્રીજ નીચેથી રીક્ષામાંથી રૂ.૩૦.૮૦ લાખની રોકડ રકમ સાથે ૨ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છેભરૂચ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ભરૂચ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે અંકલેશ્વર તરફથી એક રિક્ષામાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના નાણાનો જથ્થો લઈ ભરૂચ ભૃગુઋષિ બ્રીજ નીચેથી ટંકારીયા તરફ જવાના છે, જે નાણાં હવાલાના હોઈ શકે છે, જેવી બાતમીના આધારે પોલીસે ભરૂચ ભૃગુઋષિ બ્રીજ નીચે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી રીક્ષા આવતા પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતા.

# બુલેટ ટ્રેનની કામગીરી દરમિયાન કોક્રીટના કાટમાળ નીચે કામદારો દટાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હાલમાં ચાલી રહ્યો છે.અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ત્યારે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામ દરમિયાન મોટો અકસ્માત થયો છે. આણંદના આવાસ પાસે કોક્રીટના કાટમાળ નીચે કામદારો દટાયા હતા. આ દુર્ઘટનામાં ૩થી વધુ કામદારો દટાયા હોવાની માહિતી મળી રહી છે. આણંદના વાસદ પાસે અકસ્માત સર્જાયો હતો.

આ સમગ્ર પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં તૈયાર થઈ જવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ ૫૦૮ કિમી લાંબો છે અને રૂ. ૧.૦૮ લાખ કરોડના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે ૧૨ કૂલ સ્ટેશન બનાવવામાં આવશે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં સમગ્ર પ્રોજેક્ટ તૈયાર થઈ ગયા બાદ ૨૦૨૬માં ટ્રાયલ અને ટ્રેન શરૂ થશે. જોકે, આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું હતું. જોકે, વાસડા નજીક અકસ્માતમાં કામદારો દટાયા હોવાના પ્રાથમિક અહેવાલો સામે આવી રહ્યા છે. કોંક્રીટના મોટા કાટમાળ નીચે ૩ થી વધુ કામદારો દટાયા હોવાની આશંકા છે. વાસડા નદી પર ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં અકસ્માત સર્જાતા અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે. હાલમાં આ અંગે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. અકસ્માતની માહિતી મળતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને તંત્રના અનેક અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે. વિશાળ કોંક્રીટ સ્ટ્રક્ચર હેઠળ ૩ થી વધુ કામદારો દટાયા હતા. હાલ રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પૂરજોશમાં ચાલી રહ્યો છે. ત્યારે આનંદના ઘર પાસે મોટો અકસ્માત થયો છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### ઠેરઠેર લગાવી રોશનીથી ઝળહળતું કરી ગોકુળિયું ગામ બનાવવામાં આવ્યું

# જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીને લઈ તડામાર તૈયારી

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર જલારામ ખાતે પૂજ્ય જલારામબાપાની આગામી શુક્રવાર ના રોજ આવતી ૨૨૫ મી જન્મજયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે સ્થાનિકોએ વીરપુર ધામને રંગ બે રંગી લાઈટો થી શણગાવામાં આવ્યું છે,અને બાપાની જન્મ જયંતિની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાય છે. જયા ટુકડો ત્યા હરી ઢુકડો " ને જીવન મંત્ર બનાવનાર સંત શિરોમણી જલારામ બાપાનું આજે ૨૦૫ વર્ષે પણ અવિરત સદાવ્રત ચાલુ જ છે તેમજ વિશ્વનું એકમાત્ર મંદીર કે જ્યાં છેલ્લા ૨૫ વર્ષથી એક પણ રૂપિયાનું દાન લેવામાં નથી આવતું ત્યારે સૌરાષ્ટ્રના સંત પૂજ્ય જલારામબાપાની આગામી તા.૦૮/૧૧/૨૪ને શુક્રવારે કારતક સુદ સાતમના રોજ આવતી ૨૨૫મી જન્મ જયંતિને ઉજવવા માટે અત્યારથી જ વિરપુરમાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાથે જ દિવાળીનો તહેવાર એટલે લોકો માટે રજાઓનો દિવસો અને આ દિવસોનો ફાયદો ઉઠાવવા માટે લોકો પરિવારો સાથે હરવા ફરવાના તેમજ ધાર્મિક તીર્થ સ્થાનોએ ઉપડી જતા હોય જેમાં સૌરષ્ટ્રનું સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં દિવાળી નિમિતે યાત્રિકોનો ખુબ મોટો ઘસારો જોવા મળે છે તેમાંય દિવાળી બાદ તરત જ જલારામ જયંતી આવતી હોવાથી ભાવિકોમાં બાપાના દર્શન કરવામાં બમળો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યાત્રાધામ વિરપુરમાં પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતિની ઉજવણી કરવા વીરપુર વેપારીઓ તેમજ અલગ અલગ મિત્ર મંડળો દ્વારા સમગ્ર વીરપુર ગામને રંગ બે રંગજ લાઈટો ઠેરઠેર લગાવી રોશનીથી ઝળહળતું કરી ગોકુળિયું ગામ બનાવવામાં આવ્યું છે,ત્યારે તા.૮ નવેમ્બર શુક્રવાર કારતક સુદ સાતમના દિવસે પુજ્ય બાપાની જન્મ જયંતી ઉજવવાની તડામાર તૈયારીઓને અત્યારે સ્વયં સેવકો દ્વારા આખરીઓપ આપી દેવામાં આવ્યો છે. બાપાની જન્મજયંતિને લઈને વીરપુર ખાતે દર્શને આવતા ભાવિકો વ્યવસ્થિત રીતે જલારામ બાપાના દર્શન કરી શકે તે માટે ત્રણસોથી વધુ સ્વયંમ સેવકો બાપાની જગ્યામાં તેમજ ધર્મશાળા અને પ્રસાદ કેન્દ્રમાં સેવા માટે ખડે પગે રહેશે. અને જન્મ જયંતિની ઉજવણીને લઈને સમગ્ર ગ્રામજનો દ્વારા બાપાના જીવન કવચને દર્શાવતી ઝાંખીઓ સાથેની શોભાયાત્રા પણ યોજવામાં આવશે, તેમજ આ શોભાયાત્રામાં ભાવિકોને ૨૨૫ કિલો જેટલો બુંદી ગાંઠિયાનો પ્રસાદ આપવામાં આવશે, ત્યારે જલારામ જયંતિની યાત્રાધામ વીરપુર માં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# જામનગરમાં મહિલા પોલીસ કર્મચારીનું હાર્ટએટેકથી નિધન

### મહિલાના મોતથી બે માસની દીકરીએ માતાની છત્રછાયા ગુમાવી છે

। (એજન્સી) જામનગર, તા.૬ ।

જામનગરમાં મહિલા પોલીસ કર્મચારીનું હાર્ટએટેકથી નિધન થયું છે. તેના લીધે મહિલાના મોતથી બે માસની દીકરીએ માતાની છત્રછાયા ગુમાવી છે. મહિલા કર્મચારીના મોતના લીધે કુટુંબીજનોમાં શોકનું વાતાવરણ છે. મહિલા પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતા સેજલબેન નકુમનું હાર્ટએટેકના પગલે નિધન થયું છે. તેના પગલે તેમની બે મહિનાની ફૂલ જેવી દીકરીએ માતાની છત્રછાયા ગુમાવી છે. સેજલબેનના મોતથી સમગ્ર કુટુંબમાં ગમગીની વ્યાપી ગઈ છે. મહિલા પોલીસ મથકના પોલીસ કર્મચારી પ્રસૂતિ અર્થે ભાઈના ઘેર આવ્યા પછી ભાઈબીજના દિવસે જ આ કરુણ ઘટના બની હતી. છેલ્લા બે મહિનાથી તેઓ પોતાના માવતરે પ્રસૂતિ અર્થે ગોકુલ નગર રહેવા માટે આવ્યા હતા. જ્યાં ભાઈબીજના તહેવારના દિવસે જ સવારે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં બાથરૂમમાં ન્હાવા માટે જતાં તેઓને હ્રદય રોગનો હુમલો આવી ગયો હતો, અને સેજલબેનનું મૃત્યુ નીપજ્યું હતું. તેના પગલે સમગ્ર કુટુંબીજનો શોકગ્રસ્ત થઈ ગયા હતા. મહિલા કર્મચારીની ભાઈબીજ અંતિમ ભાઈબીજ બની ગઈ હતી. આના પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી છવાઈ ગઈ હતી.

